
કુમાર

આવતી કાલનાં નાગરિકોનું જ્ઞાન-સંસ્કારનું મા
સિક વર્ષ ૪૧ મું અંક ૧૧ મો માહે નવેમ્બર ૧૯૬૪
સંસ્થાપક રવિશંકર રાવળ · તંત્રી બચુભાઈ રાવત

૪૯-૧



ણ-યશોદા ચિત્રકાર · ખોડીદાસ પરમાર · જુઓ કલાવાર્તા



બાલી ટાપુની નર્તકી (કલાકાર: અભય ખટાઉ)



શ્રી અભય ખટાઉની કળા

સાદગી અને રંગની તેજસ્વિતાથી ઓપતી પોતાની આગવી ચિત્રશૈલીથી પ્રતિષ્ઠિત કલાકાર શ્રી ખટાઉએ કલાસિદ્ધિ અર્થે નાનપણથી જે પુરુષાર્થ ખેડ્યો છે એનું પરિણામ એમનાં ચિત્રોમાં જણાઈ આવે છે. જલરંગો, તેલના રંગો કે ચાકના રંગોના માધ્યમમાં એમનાં ચિત્રો એકસરખાં દીપી ઊઠે છે. મુક્ત વહેતી છતાં ચિત્રના તેજભર્યા રંગો સાથે સંગીતની બંદીશ જેવો સમન્વય સાધતી એમની જોમભરી રેખાઓ આંખ કે મનને ક્યાંય ખૂંચતી જણાતી નથી. વિચારો ને અનુભૂતિની આંતરિક સમૃદ્ધિથી ભર્યાભર્યા એમનાં ચિત્રોની પશ્ચિમ કે દૂરપૂર્વની શૈલીને વણી લેતી એમની આગવી પરિપાટીમાં ભારતીય જીવનના જે ધબકાર રજૂ થાય છે એને કોઈ પણ કક્ષાના ભાવક માણી શકે એ એમની કલાની ચરમ સિદ્ધિ છે. નીચે: એમની કલમનો એક વધુ નમૂનો 'સીતાહરણ'



વાચકો લખે છે

અંક ૪૯૦મો પૃ. ૩૮૮મું: બટુકા નાનચંદ માસ્તરના હાથ રેખાંકનમાં છે તેનાથી સહેજ ટૂંકા હતા, ને એ કારણે ટીખળી છોકરા 'ઠૂંઠા' વિશેષણ તેમને માટે વાપરતા એમ યાદ છે.

પૃ. ૩૯૦: બીજી કતારમાંની 'કાન્ત'પંક્તિમાં ત્રીજો શબ્દ ('બધા' નહિ) 'તમે' જોઈએ. આ રીતે અમો કેટલાક પરસ્પર બોલી બતાવતા, જરા ચીઢવવાના આશયથી.

પૃ. ૩૯૧: સ્વ. મસ્તરામભાઈ સારા લેખક હતા એ ખરી વાત. વધુ નિશાની એ જે પ્રા. રમણભાઈ ઈ. પટેલની વાર્તા 'ખોટું નાણું' વિષે તેમણે "મ'મ" (મસ્તરામ) ઉપનામથી 'માનસી' (૧૯૪૨-૪૩)માં લખ્યું હતું. તદ્વિષયક ત્રણ લખાણોમાંનું વચલું.

પૃ. ૩૯૯: સુરતમાં મેં માત્ર અમુકનાં નહિ પણ બધાં (ભુલાયલાં પણ) રેખાચિત્રો વિષે લખાય એમ ઇચ્છેલું. બીજું, રણજિતરામે ('વસન્ત'માં) ઉર્દૂ સ્રીકવિઓ વિષે પણ લખ્યું છે એમ કહ્યું હતું. બાકી ઉર્દૂ સાહિત્ય વિષે બોલવાનો તો એ પ્રસંગ જ નહોતો.

પૃ. ૪૨૪: 'તિરસીભા' એ વખતે, સાંભળ્યા પ્રમાણે, 'ધર્મ-દાંભિકો'ની ખબર લઇ નાખનાર 'પોલપત્રિકા'ના ખાનગી રાહે આર્થિક મદદગાર હતા. બીજું, 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'માં તે ઘણી વાર પ્રજાહિતપક્ષે ચર્ચાપત્રો લખતા. તેમાંના એકમાં હતા અહીંના નાગર, વકીલાત મુંબાઇમાં કરતા અને જ્ઞાતિવિષયક તેમ જ રાજકીય જાહેર ચર્ચામાં વારંવાર ભાગ લેતા તે સ્વ. જસવન્તલાલ સાકરલાલ મહેતાના પ્રતિપક્ષી તરીકે નાગરોની (તેમને, તેમના સમવિચારીઓને દીસતી) clannishness વિષે કડકાઇથી લખ્યું હતું.

પૃ. ૪૩૦: 'જન્મજયન્તી' લખ-બોલનારા નાહકની દ્વિરુક્તિ કરે છે એમ ધ્યાન ખેંચ્યું એ ગમ્યું. ૧૯૬૦ કે '૬૧ના ઑગસ્ટના 'કુમાર'માં કોઇકે 'મરણજયન્તી' લખેલું! એનો ઔચિત્યવિચાર ફુરસદે કરવાની વિનંતી સાથે વિરમું છું.

(ભાવનગર) —વિજયરાય ક. વૈદ્ય

સપ્ટેમ્બર અંકમાં શ્રી જમશેદ કુમસિયાની બતકીનાં ઈંડાંની સામાન્ય નાપસંદગી-માટેનાં કારણોની પૃચ્છાના ઉત્તરમાં: 'બતકીનાં ઈંડાં ખાવામાં સ્વાદુ ન હોવા ઉપરાંત કાચાં ઈંડાં ખાવાથી હોજરીઆંતરડાંનો દાહ ઊપજે છે, જે કારણે ઊબકાઊલટી થવાથી માંડી ઝાડા વગેરે થાય છે. બતક 'ઈટ્રીકે' જીવાણુઓનાં વાહક હોઈ ઈંડાંઓમાં પણ તે પ્રવેશે છે અને જો ઈંડાં બરાબર રંધાયાં ના હોય તો અન્ન-વિષમયતાની સ્થિતિ આવી પડે છે. આમાં ઝાડા-ઊલટી સાથે શરીર પુષ્કળ નંખાઈ જવાથી માંડી બેભાનાવસ્થા ને મૃત્યુ સુદ્ધાં થઇ જાય છે. જોકે મરઘી અને તર્કી 'સાલ્મોનેલા' જાતનાં જીવાણુઓથી પીડાતાં હોવા છતાં પણ તેમનાં ઈંડાં અન્નવિષના કારણરૂપ દૂષિત બનતાં નથી. બતકીનાં ઈંડાં આઠ મિનિટ સુધી ઉકાળ્યા બાદ ખાવાલાયક બનતાં હોવાનું કહેવામાં આવે છે.

(ઊમરેઠ) —ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સપ્ટે૦ અંકની 'શબ્દકથા'માં 'લાંબું લચ', 'ટૂંકું ટચ' આદિ શબ્દદ્વયોમાં સાથી-શબ્દનો કોઈ સ્વતંત્ર અર્થ ન હોતાં તેને માત્ર પ્રાસ અને રવ-પૂરક ગણાવાયા છે. પણ કેટલાક શબ્દો એ વિધાન તળે મૂકી ન શકાય તેવા જણાય છે. 'જાડોભમ' (શબ્દકથા પ્રમાણે જાડોબમ)માં પાંડુપુત્ર 'ભીમ'નો અર્થબોધ થાય છે. 'ઠાલું ઠામ'માં ઠાલા(ખાલી)ઠામ(વાસણ)નો અર્થ દુર્બોધ નથી. 'ઉઘાડું ફટાક'માં ઉઘાડા ફાટક (ઝાંપા)નું અર્થાંદોલન રચાય છે.

બીજો મુદ્દો એ કે, આવા શબ્દો અર્થાનુસાર છૂટા કે ભેગા લખાવા જોઈએ? દા.ત., 'જાડોભમ'માં 'ભીમ જેવો જાડો'નો અર્થ-સમાસ હોઈ તેને સામાસિક શબ્દ ગણી ભેગો લખવો જોઈએ; જ્યારે 'ઠાલું ઠામ' અને 'ઉઘાડું ફટાક' એ વિશેષણ-નામની જોડી હોઈ તેના બંને શબ્દો અલગ લખાવા જોઈએ. જે માત્ર પ્રાસ કે રણકાર-અંશ ધરાવતા હોય તે મુખ્ય શબ્દને જોડીને લખાવા જોઇએ એમ મારું માનવું છે; જેવા કે 'ડાધાડૂધી' 'છિકછાક' વગેરે.

(અમદાવાદ) —અમૃતલાલ કનાડા

પંડિત ઓમકારનાથ ઠાકુરને હિંદુ વિશ્વવિદ્યાલય તરફથી ડૉ. ઑવ લેટર્સના પદવીપ્રદાન સમયે તેમણે આપેલા પ્રવચનમાં પોતાની સંગીતસાધનાના કેટલાક અનુભવો તેમજ રાગ-રાગિણી વિષે અત્યંત રસમય હળવી શૈલીમાં જે સુંદર રજૂઆત કરેલી હતી તે પ્રવચન 'કુમાર'માં આપી શકાય એમ નથી?

(ભુજ) —ઈન્દુ અંતાણી

શ્રી ધનસુખલાલ મહેતા તા. ૨૦-૧૦-૬૪ને દિને ૭૪ વર્ષ પૂરાં કરી ૭૫મામાં પ્રવેશે છે તે સમયે શ્રી રામપ્રસાદ બક્ષીએ ખાસ રચેલું કાવ્ય મોકલું છું:

પંચસપ્તતિતમ અબ્દે
(પૃથ્વી)

અસંગ રહી તેં ઉમંગભર રંગચર્યા કરી,
કરી નવલિકા રચી યવનિકા પરી દંભની;
વિનોદ સહ ભાવમાર્દવ તણી કલા ખીલવી,
ઉરે શમવી અશ્રુ, તેં વિમલ હાસ્યલ્હાણી કરી.
ન શૈશવથી સાંપડી તનતણી તને સ્વસ્થતા,
રહી મનતણી ય ના અચલ નિત્ય નિશ્ચિંતતા;
શરીર સુકુમાર, ચિત્ત અતિકમ્પ્ર દૈવે કર્યો,
છતાંય, તું અમીર ધીર જઇફી સુહાવી રહ્યો.
સુધીર ડગ માંડતો, દગ સુધીરથી ખેલતો,
અનાદર ઉવેખતો, સકલ વિશ્વમાં ખેલતો,
પલાણ શુભ પંચસપ્તતિતમાબ્દનો સપ્તિ; ને
પ્રયાણ કર તું શરદ્-શતની પૂર્તિ પ્રત્યે સખે!
રહો તન સુખે અને મન સુખે જ આરામથી,
રહો ધનસુખ! પ્રસાદમય સખ્ય આ રામથી.

(મુંબાઈ) —એક 'કુમારપ્રેમી'

શ્રી નટવરલાલ માલવી કૃત 'રક્તદાબથી ડરશો નહિ' પુસ્તકમાં જણાવ્યા મુજબ કાચી કેરીને ઝાડ ઉપરથી કાપતાં મોઢા આગળથી ચીકણો ચીક નીકળે તે કણી ઉપર દબાવી દઈ પાટો બાંધવાથી સારો જેવો ફાયદો થાય છે.

(મુંબાઈ) —મૈ'તાજી કાન્તિલાલ શેઠ

'કુમાર'ના ગત અંકો ગ્રંથના રૂપમાં પ્રગટ કરવા એવી મારી પણ ઇચ્છા છે. વળી શ્રી હરિનારાયણ આચાર્યની લેખમાળા 'વનવગડાના વાસી' પુસ્તક રૂપમાં પ્રગટ કરવામાં આવે તો તેનો લાભ સૌને મળે. મારી માન્યતા મુજબ તે પુસ્તક ઘણું લોકપ્રિય નીવડે.

(અમદાવાદ) —અ. સો. હોમાવાલા

આભાર અભિનંદન

'કુમાર'ના સંખ્યાબંધ ચાહકો, વાચકો તેમજ અનેક સ્નેહી-મિત્રોએ ઘણા ભાવપૂર્વક સ્વહસ્તે લખીને, આલેખીને તથા સુંદરતમ મુદ્રિત અભિનંદનપત્રો દ્વારા 'કુમાર' માટે તથા અમારા માટે પોતાની મંગલ કામનાઓ અને શુભેચ્છાઓ પ્રકટ કરી છે. એ સૌનો આર્દ્ર હૃદયે અમે આભાર માનીએ છીએ અને આગામી વર્ષ સૌને આરોગ્યદાયી અને ઉન્નતિકર નીવડે એમ વાંછીએ છીએ.

પગની કણી ઉપર રોજ ઘીની માલિશ કરવા ઉપરાંત કણીની જગોએ ભીના કપડાની ગાદી કરી મૂકવી. સુકાયે ફરી ભીની કરવાની. તેમ અનુકૂળ ન આવે તો બેત્રણ વખત ઠંડા પાણીમાં પગ બોળી રાખવા. આમ કરવાથી પગની ચામડી ફૂણી પડશે અને ભીનાશથી ચામડી સંકોચાતાં કણી આપમેળે બહાર ઊપસીઆવશે.આ મારો જાત-અનુભવ છે અને તે લાભ અનાયાસે થયો છે. બીમારી અંગે ઇન્જેક્શનથી આંખ ઉપર ગરમી લાગેલી જેથી પગને તળિયે રોજ ઘી ઘસાવતો અને સવારના સૂર્યસ્નાન કરવા વાવને કાંઠે બેસતો ત્યાં પાણીના ઘોરિયામાં પગ ઝબોળી રાખતો. એવામાં એક દિવસ અચાનક પગની કણી લગભગ આઠ જેટલી (બંને પગની) બધી બહાર ઊપસેલી દેખાઈ તે હાથેથી ચૉંટી કાઢી.

શ્રી રવિશંકર રાવળની આત્મકથા વાંચતાં ઘણો આનંદ થાય છે. આજના કુમારોને એમાંથી ઘણું ગ્રહણ કરવા જેવું છે.

(મુંબાઇ) —વરજીવનદાસ એમ. શાહ

ઑક્ટોબર અંકમાં સર વૉલ્ટર રૅલેના શિરચ્છેદની સાલ તેમજ ટૂંક જીવનવૃત્તાંત આપેલાં છે. રૅલેએ સોનાની શોધ ઉપરાંત દક્ષિણ અમેરિકાની તે વખતની ભૌગોલિક પરિસ્થિતિ તથા માનવજીવન વિષે તેમનાં 'ડિસ્કવરી ઑવ ગીઆના'માં સુંદર વર્ણન કરેલું છે. તેમાં એક વિચિત્ર શારીરિક બાંધાની મનુષ્યજાતિનું વર્ણન છે. આ Ewaiponama નામની જાતિની પ્રજા હતી. તેમનાં મસ્તકો બન્ને ખભાથી ઊંચાં ન હતાં, તેમજ તેમની આંખો બન્ને ખભામાં હતી અને મુખ છાતી વચ્ચે હતું. આવા વિચિત્ર પ્રકારનાં મનુષ્યો ખરેખર હતાં કે નહિ તે જાણવા મળતું નથી. ઇચ્છું છું કે 'કુમાર'ના વાચકોમાંથી કોઈ આ બાબત ઉપર વિશેષ પ્રકાશ પાડી શકશે.

(ગઢડા સ્વામીનારાયણ) —માધુભાઈ જોશી

ગંધક તોલા ૦ા, બોરીક પાઉડર તો. ૦ા ૫ તોલા વેસીલીનમાં મેળવીને રોજ સૂતી વેળા લગાડો તેથી ફાયદો થઈ શ્રી પુરંજન વકીલની ખરજ મટી જશે. મારો જાત-અનુભવ છે:

(બીલખા) —વૈદ્ય નટવરલાલ

૪૯૦મા અંકમાં તળપદી સોરઠી ભરત ઢબે ચીતરેલા શ્રી ખોડીદાસ પરમારના ભાતીગળ ચિત્રમાં પુરાતન હવેલી ઘાટની ગાડીનીહડ્ડસમોટી બેસણિયું ને ઝીણુકાં પૈડાં, તથા રાંદેલમાના લોટા ઉપર ચીતરેલી હોય એવાં ડોળા કાઢતી આખ્યુંવાળાં જોડેલાં જીવનાં ભરેલાં ડિલ ને તરવરિયા પગ, ગંગાબ્હેણનાં માછલાં જેવી સરકેણી, મારગ કાંઠેનાં ઝાડવાં હાર્યે મેળ લેતી કુણી ધીરી અને ગાડી ઉપરનાં બે ય ઘૂઘરિયાળાં છત્તરોની ટોચ્યુંને અડગ દોરીછંટ સીધી દોરતી રથચાલમાં સીતાજીના ગાભભર્યા ઉદર અને લખમણજીના લગામ-કામઠાભર્યા હાથના જેટલો જ ગંભીર ભારછતો કરેછે; ઈ તો માણ્યું, પણ પૂછડાં—શીંગડા કે કાન(?)ની અણસારે ઈ જોડેલાં પશુને 'બળદો' કહેવા કે ઘોડાં? (જૂનાગઢ) —કનુ રા૦ ડાભી

[*અમારી ભૂલ. ઘોડાં]

હમણાં અમદાવાદમાં 'સંસ્કારકેન્દ્ર'માં શ્રી પીરાજી સાગરાનાં ચિત્રોનું પ્રદર્શન જોયું. પરંતુ તે ચિત્રોની નીચે વિંનસેન્ટ વાન ગૅાઘની માફક સમજ આપી હોત તો કલારસિકોને તેમજ અન્ય દ્રષ્ટાને જોવામાં મજા આવત. શ્રી પીરાજી સાગરાનાં ચિત્રોને વારંવાર જોવા છતાં કંઈ સમજાતું નથી. આશા છે કે 'કુમાર' તેમાંનાં સર્વશ્રેષ્ઠ ચિત્રોનું કલાની દૃષ્ટિએ રસદર્શન કરી આપશે.

(ઘોડાસર) —વિનોદચંદ્ર શાહ

[*એ અમારા ગજા બહારનું છે.]

અંક ૪૯૦માં શ્રી. મૂળચંદભાઇ વસનજી (ઉપલેટા)સાથે સહમત થાઉં છું.૫૦૦મા અંકને જ 'રવિભાઇ અંક' કહો તો તે અંક સોનું+સુગંધ થઇ રહેશે.

શેક્સપીઅરનાં નાટકોની વાર્તાન્તરમાળા પુસ્તકાકારે પ્રસિદ્ધ કરો. સાથે તેનાં 'રસ અને રહસ્ય' તથા 'હેતુ અને હાર્દ' પણ ખરાં.

'કુમાર'માં આવતાં જીવનચરિત્રોનું વર્ગીકરણ કરી (જેમ કે લેખકો, વૈજ્ઞાનિકો, રાજપુરુષો, રમતવીરો એમ) ૫–૭ જીવનચરિત્રોનું એકએક પુસ્તક પ્રસિદ્ધ કરવાની યોજના કરો.

શતરંજની લેખમાળા ઘટતા ફેરફાર સાથે અવશ્ય પુસ્તકાકારે પ્રસિદ્ધ કરો. હું જાણું છું ત્યાં સુધી આ વિષય ઉપર કોઇ પુસ્તક ગુજરાતી ભાષામાં છે નહિ. ખૂબ જૂના 'બુદ્ધિપ્રકાશ'માં ઘણુંખરું બે'ક લેખ આવેલા. એકાદ નાની ગુટકા કદની પુસ્તિકા અને એક શતરંજનાં પ્યાદાં–મહોરાં વેચતી સંસ્થાએ નાની પુસ્તિકા ઘણાં વર્ષો પહેલાં પ્રસિદ્ધ કરેલી. તે કદાચ હવે અપ્રાપ્ય છે. મારી પાસે ઉપર્યુક્ત

બન્ને પુસ્તિકા છે. આ બધી સામગ્રી સાથે શતરંજનો ઇતિહાસ પણ પ્રસિદ્ધ થાય તો રસમય અને અધ્યયન-યોગ્ય બને.

૫૦૦મા અંક સાથે ૧૦-૧૨ વર્ષનું સાંકળિયું આપવાના સૂચનને મારો ટેકો છે. જરૂર લાગે તો જુદી કિંમત લઇને પણ આપો.

'તવારીખ' કાઢી નાખવાનું સૂચન ન ગમ્યું. 'કુમાર' જે રીતે રજૂ કરે છે તે જુદી છે.

'ફૂટેલી આંખ' માટે અભિનંદન. તે ચાલુ રાખો: જોકે આ કામ અઘરું છે.

કાગળો વધુ સારા આપો. દૈનિક છાપાં પણ હવે તો સારા કાગળ વાપરે છે.

(મીઆંગામ-કરજણ) —સુમનભાઈ શેઠ

[*ફોટો-બ્લૉક માટે તો અત્યારનો કાગળ જ વધુ સારો; અને પરદેશથી (સસ્તી કિંમતે) મંગાવવા માટે જેનું લાઇસેન્સ મળી શકે.]

'કુમાર'પ્રેમીઓના મંડળ વિષેનું શ્રી મોદીનું સૂચન ગમ્યું. કોઈ એક વ્યક્તિના માથે એનો ભાર નાંખવા કરતાં 'કુમાર' તરફથી જ આ કામનો આરંભ વધુ યોગ્ય લેખાશે. સભ્યપદ માટે 'કુમાર'ના ગ્રાહક હોવાની શરત પહેલી મુકાવી જોઇએ.

કમાન્ડર કૅબનું જીવનચરિત્ર 'કુમાર'માં આવી ગયું છે. એ અંગે વધુ પ્રકાશ પાડતા 'ઇંડિયન એક્સપ્રેસ' (તા. ૨૯-૧૦-'૬૪)માં આવેલ સમાચાર પ્રમાણે, ઇંગ્લંડના 'ન્યૂસ ઑવ ધ વર્લ્ડ' પત્રે તા. ૨૫મીના પોતાના અંકમાં, ૪૦ વર્ષનાં એક મિસિસ પૅટ રોઝ (જે કૅબ સાથે ૧૯૪૮માં અદરાયાં હતાં તે)ના શબ્દો ટાંકતાં જણાવેલું કે પરદેશી ઉચ્ચાર કરતા એક માણસે તેમનો વારંવાર સંપર્ક સાધીને (ત્રણ વખત ટેલિફોનથી અને ત્રણ વાર રૂબરૂમાં) તેમને જણાવ્યું હતું કે કમૉન્ડર કૅબ હજી રશિયામાં જીવતા છે.

(મુંબાઈ) —શબ્બીર દિલેર

જૂનાં 'કુમારો'માંથી ચિત્ર અને શિલ્પ પર લખાએલા નિબંધોનો સંચય કરી એકાદ પુસ્તક રૂપે ગુજરાત સમક્ષ મૂકો તો માનું છું કે તેને તંદુરસ્ત આવકાર મળશે. 'કુમાર'માં ક્યારેક તો ખૂબ સુંદર વાર્તાઓ રજૂ થાય છે. છાસવારે બહાર પડતા વાર્તાસંગ્રહો જો આવકાર પામે તો 'કુમાર'ની વાર્તાઓ જરૂર સારું સ્થાન પ્રાપ્ત કરે એ નિઃશંક કહી શકું છું. કાલિદાસ આદિની કૃતિઓને રજૂ કરવાનું સૂચન થયું છે તેમાં હું મારો સૂર પુરાવું છું.

'લઘુકથા' 'કુમાર'ના ધોરણ સાથે કદમ મિલાવી શકતી નથી એમ સ્પષ્ટ લાગે છે.

(વલસાડ) —નરેશ ભટ્ટ

'શતરંજ'ની લેખમાળા પુસ્તક રૂપે પ્રગટ થશે, તો ઘણા વાચકોને ખૂબ આનંદ થશે. શેક્સ્પીઅર-વાર્તામાળામાં અંગ્રેજી નામોને બદલે ગુજરાતી નામો મૂકવામાં આવે તો એમ પણ ન લાગે કે આ વાર્તા અંગ્રેજી છે, એટલું ભાષાંતર સુંદર હોય છે. ડૉ. મધુસૂદન પારેખને ધન્યવાદ ઘટે છે.

(ભાવનગર) —અવિનાશ ચાંદુરકર

'કુમાર'ના અત્યાર સુધીના દરેક અંકની રંગીન કલાકૃતિઓનું અલગ આલ્બમ બહાર પાડવામાં આવે તો વાચકો તથા ચિત્રકળા રસિકોને ખૂબ જ લાભદાયી થાય.*

ચયન-ગ્રંથને પણ વાચકો આવકારશે.

(ભાદરવા) —અખિલ

[*'ગુજરાત કલાકલાપ'ના છ-છ ચિત્રોના ત્રણ ભાગ આજ વીસ વર્ષ થયાં હજી ખપ્યા નથી.]

અંક ૪૮૯માં પાના ૩૭૫ ઉપર ચયનગ્રંથ માટે વિચારો માગ્યા છે. 'કુમાર'નો હું ચાહક ને ઋણી છું. મારા ઘડતરમાં તેણે મહત્ત્વનો ફાળો આપ્યો છે. મારી ૧૬ વરસની ઉંમરે 'કુમાર' શરૂ થયું. એક પણ અંક વાંચ્યા વગરનો નથી ગયો. આર્થિક અનુકૂળતા ન હોય ત્યારે છૂટા અંકો મેળવીને પણ તેની ફાઈલો બનાવી લીધી છે. હું વર્ષોથી એવા વિચાર ધરાવું છું કે ૧૬ મિલિમીટર કે આઠ મિલિમીટરની પટ્ટી ઉપર ચયનગ્રંથ ઉતારવા એટલે સિગારેટ-કેસ જગ્યામાં ૩-૪ ફાઇલો જેટલું વાચન મુસાફરીમાં સાથે ફેરવી શકાય. પણ એ તો ઝાડ ઉપરનાં પક્ષી છે. અત્યારે તો ચયન-ગ્રંથની આપણી યોજના મારા જેવા વધાવશે.

(લખતર) —ભૂરુભા જાડેજા

અંક થોડા દિવસ મોડો મળ્યો તેટલા સાત દિવસમાં તો, મારી પ્રપૌત્રી (વય વર્ષ ૧૧) લલિતા 'કુમાર'ની પ્રતીક્ષા કરતી દરરોજ સવાર-સાંજ મને પૂછ્યાં કરે: 'દાદા, કુમાર આવ્યું?' હું ના કહું એટલે એ નિરાશ થઇ જાય. શેક્સ્પીઅરની નાટ્યવાર્તાઓની એને જબરી મોહિની લાગી છે: ના કહું એટલે મારું માથું ખાઇ જાય કે 'ત્યારે મને કોઈ બીજી સ્ટોરી કહો.' વિનંતી કે હવે 'કુમાર'માં જેમ સૂચના થઇ છે તેમ કવિશ્રેષ્ઠ કાલિદાસનાં નાટ્યોની વાર્તાઓ શરૂ કરો. સેંકડો નાની લલિતાઓ અને લાભુઓ તેને હોંશે હોંશે વાંચવા આતુર રહેશે જ.

(કરાંચી) —ફિરોઝશાહ મહેતા

કુમાર

નવેમ્બર ૧૯૬૪ · અંક ૪૯૧

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૨; પરદેશમાં રૂ. ૧૫ અથવા શિ૦ ૨૪; છૂટક નકલ : રૂ. ૧-૨૫

મધ્ય રાત્રે* / રાજેન્દ્ર શાહ

• મંદાક્રાંતા •

અંધારાંના અતલ જલતીરેથી કો વક્તિતીતી
ઊઠ્યું: એને શબ્દ ઝરડાઈ હવા (ઝીણું પોત).
ને સૂતેલી જખ સલિલથી બ્હાર એ હોઠ રાખી
એનું એણે સ્વપન સહસા સાવ કીધું વિનષ્ટ.

ઊંડે ઊંડે સજલ સરતા મીનને સ્પર્શ ઠંડો
લાગે: અંગે સહજ કપરી જાય વ્યાપી ધ્રુજારી.
આથી પાછું ફરી ઉપરને પ્રાન્ત હુંફાળ, એ તો
મોઢું એનું, કંઇક ભય તો યે, રહ્યું બ્હાર ધારી.

ખાડે હેલે પણ અરવ ઊઠે ઝીણેરો તરંગ;
ડોલંતી ગતિ પરિઘની વિસ્તરે મંદ મંદ.
મજો આરે ત્યમ ગગનને સ્પર્શી ફેરે ઇશારે
કીધું એણે કંઇક; ઝીલતો મર્મ તે પ્રાણ મારે.

જાણે જાણે સહુય પણ ના કોઇએ વક્તિતીને
કીધું કાંઇ; કથન મૂક પ્રસ્પંદતું સ્વપ્નબીને.

---

*મચ્છીમાર વક્તિતીતીનો અવાજ સાંભળીને, પાણી બહાર હોઠ રાખી આરામ લેતું મીન અંદર પેસી ગયું; તે ફરી બહાર આવ્યું ત્યારે આજુબાજુનાં નિસર્ગતત્ત્વો સૌ એ જાણતાં છતાં કોઈએ વક્તિતીતીને તે કહી દીધું નહિ. મધરાતની સૂક્ષ્માનુભૂતિનું કાવ્ય.

એક આંસુમાં / ચંદ્રકાન્ત શેઠ

• ગાન •

એક આંસુમાં ડૂબતો ચાલ્યો,
એક આંસુમાં દુનિયા મ્હાલ્યો.

એક આંસુમાં કેટલા ડૂબ્યા સૂર!
કેટલાં મહીં ઘૂઘવે પ્રલય-પૂર!
વરસીચૂકયા-વાદળનો અંધાર નિહાળ્યો...

કેટલાં બૂઝયાં-કોડિયાંનો મહીં ધૂમ!
પાંખ વિનાનાં શમણાં તરે સૂમ!
ખંડિત મારા વ્યોમ તણો મહીં ટુકડો ભાળ્યો...

વાટ વિનાની પગલીનો પછડાટ.
આંખ વિનાના તેજનો શો તલસાટ!
કોઈ પડેલી વીજળીની મહીં ઊડતી ઝાળો...

કેટલા ખર્યા-તારલાની મહીં ચીસ!
નિઃશ્વાસોની કેટલી ભારે ભીંસ!
એક આંસુમાં કેટલા ખડક, કેટલી આડ-દીવાલો!

સમુદ્ર / દિલીપ ઝવેરી

• પૃથ્વી •

સમુદ્ર નવ માત્ર સાંપ્રત. અતીત, ને એ જ છે
ભવિષ્ય. અણુજીવ, મત્સ્ય, જલઅશ્વ, ઑક્ટોપસ,
મનુષ્ય વિકસ્યો ન'તો હજુ ય ત્યારનાં પાંદડાં
સમુદતણી ડાળ પે ફરફરે. વળી કેટલાં
વિલીન નગરો જલે, જન અનેક ડૂબેલ, તે
અતીત સઘળું. અને બરફપ્હાડની સોડમાં
પ્રશાંત જલ, સ્તબ્ધ, જે હજુ હલ્યો નથી એ ય છે
સમુદ્ર. ગતિહીનતા મહીં ભવિષ્ય આકારતો.

હજી ફક્ત વેદના ગરલદંશની સીપમાં,
હજી હૃદય કોઇનું નવ બનેલ મોતીકણી;
સમુદ્ર અપરૂપ મૌક્તિક, સમુદ્ર છે વેદના:
અસંખ્ય જલનેત્રથી નીરખતો મહાજંતુ શો
સમુદ્ર નિજને જ દેખી, છલકાઇ, ડૂબી જતો.

સમુદ્ર ચહુમેર છે, અહીં મકાનમાં, ભીંતમાં
અનેક શઢ ફુલ્લ, શ્વેત ફરકંત કૅલેન્ડરે;
સમુદ્ર દગમાંહી—જે ક્ષિતિજપાર ના વિસ્તર્યું
કંઇ ય. પણ ત્યાં જ અશ્રુ થઈ ઊગતો કોમળ.

સમુદમહીંથી સમુદ્ર પ્રગટે અને ઓગળે,
સમુદ્ર શિશિરે ખર્યાં પરણમાં રહે મર્મરી,
સમુદ્ર મધુમાસની ભરતીમાં રહે ગુંજરી.
અહીં ગગનમાં અનંત તન ધારી વ્યાપેલ જે
અફાટ રણરેતમાં અતિથિ એ જ થૈ આવશે.

વળું ત્યારે પાછો / જયન્ત પાઠક

• શિખરિણી •

વળું ત્યારે પાછો; બહુ અનુસરી વાટ વિષમ
ડગોમાં મૂકીને ડગ, દગ વૃથા ખેંચી દિશમાં
જનારાની; કેવો પથ પણ નમેરો નસીબમાં
વળાંકો લેનારો પલપલ! ન પામ્યો દરશન
અરે એકાદા યે અવયવનું વસ્ત્રાંચલ તણું.
હતે, એવું યે જો મળ્યું, મજલ માટે ગણ્યું ઘણું.

હજી કેડો છોડે નહિ નજર. હું ભૂતપગલે
વળું પાછો: આશ્વાસન લઉં: થયું ઠીક જ; ભૂલો
પડી માર્ગે કયાંયે ભટકી હું રહ્યો હોત અટૂલો;
અહીં પાછો મારા પરિચિત જગે, નીડ નિજને
ફરી એ ચ્હેરાઓ પરિચિત જશે પંથ મલકી,
ફરી મીઠાં વેણે સ્વજનની જશે છાગ છલકી;
અરે ભેટી જૂની પ્રીતિ મૂંઝવશે એવડું મને:
કહું શી રીતે કે અહીં બધું ય, એ તો નહિ જ ને?

વરેણ્ય હે / રઘુવીર ચૌધરી

• ઉપજાતિ •

નમું તને સૂર્ય;
તમસા નદીને
તીરે સ્ફુરેલી મુજ આદિ હૈયે
જે અંજલિ વેદનની, સમર્પું.

એ વેદના નિત્ય મને રચીને
આ એક 'હું'માં નવજન્મ આપે;
એ સ્પંદ ઊંડે ધમકાવી જાતો;
આકારવો છે: દ્વય નેત્ર બીડી
હું રશ્મિનું શાશ્વત પુષ્પ શોધું.

હું પૃથ્વીનો અંકુર મુગ્ધ, ઊંચાં
આકાશતત્ત્વો નીરખી પ્રફુલ્લ!
આ ભૂમિની સીમ નભે ચડીને
ખેંચી જતી દૂર સુદૂર ક્યાંયે!
જ્યાં પૃથ્વીનું આભ સમાપ્ત થૈને

પ્રારંભતું સૂર્યપ્રદીપ્ત વિશ્વ.
યોજી શકું અન્વય બેઉનો તે
વરેણ્ય હે! સંવિતસેતુ માગું.

દિનાન્તે / રાવજી પટેલ

આવતાં-જતાં લોકમાં નજર,
ફરતી નજર
સૌની સાથે ચાલતી નજર,
મ્હાલતી નજર.
એક આવે ને જાય રે બીજું,
એક જતું ને આવતું બીજું.
કોઈનાં ચરણ-ફૂલ ટહુકી જાય રે
એને જોઇજોઇને સૂંઘવા લાગું.
સહુની સાથે જોતજોતાંમાં
કેટલાંયે જોજન ગએલો લાગવા માંડું.
પલમાં બાંધું પ્રીત અને હું પલમાં છાંડું.

સહુની સાથે સહુના રાવજી જાય
કોણ મને આ એકલો મેલી જાય?
શ્વાસનો ઘોડેસ્વાર આ સમય
ખોડતો જતો દૂર,
વળી આ ઘાસનું લીલું પૂર
વાંસેથી આવતું મને ભરડામાં લઇ જાય.

ગઇ કયાં લોકની નદી? એકલું ટાવર!
અવરજવર કરતી એકલ રાત.
કોઈની જાણે વધતી જતી વાટ!
ઘરની ભણી ચરણ ચાલ્યાં જાય.
કાન કનેથી જીવડાંના વંટોળ રહી રહી વાય.

ઓસર્યું પેલું પૂર અને આ
અધખૂલી મારા ઘરની બારી બ્હાર ડોકાતું મુખ.
દિવસ આખો રખડ્યો બધે
તો ય ન દીઠું આમ, ખટાખટ કરતાં ખૂલ્યાં દ્વાર.

કવિતા અનિયતકાલિકનો, ઈ. ૧૯૬૨માં અમદાવાદમાં ભરાએલા બુધવાર-કવિતા-સભા યોજિત કવિતાસત્રમાં વંચાએલા નિબંધો આદિના સંગ્રહનો, સચિત્ર ને દળદાર, લગભગ ૨૫૦ પાનાંનો ખાસ અંક તૈયાર થવા આવ્યો છે. કિંમત લગભગ બે રૂપિયા રહેશે. સત્રમાં ભાગ લેનારાઓને તે મોકલાશે જ. એમને માટે મૂલ્ય ઐચ્છિક છે.

ઊંડી કાર્યનિષ્ઠા, નિરાડંબરી નમ્રતા, અજાત-

લેખક • પ્રા. નરોત્તમ વાળંદ



આમલી પાંચપાંચ પેઢીઓથી એકધારો ઉચ્ચ સંસ્કારોનો વારસો મેળવનાર વૈકુંઠભાઇના પૂર્વજો મૂળ, સૌરાષ્ટ્રના ઘોઘા બંદરના નિવાસી નાગર બ્રાહ્મણો. પૂર્વજ રણછોડદાસ તે વેળાના ભાવનગરના મહારાજા વખતસિંહજીના નિમંત્રણથી ઇ. ૧૭૭૮-૮૦ની આસપાસ ભાવનગરમાં આવીને વસ્યા. તે પછી તેમની ભાવિ પેઢીઓનો ભાવનગર રાજ્ય સાથેનો સંબંધ સતત ચાલુ રહ્યા કર્યો. રણછોડદાસના પુત્ર પરમાણંદદાસ ભાવનગરના મહારાજા વજેસિંહના કારભારી હતા. તેમના પુત્ર શામળદાસ (વૈકુંઠભાઈના દાદા), અને તેમના પછી તેમના બે પુત્રો વિઠ્ઠલદાસ અને લલ્લુભાઇ (વૈકુંઠભાઇના પિતા) ભાવનગર રાજ્યના દીવાન હતા. આમ, તેમના કુટુંબને ભાવનગર રાજ્ય સાથે પેઢી દર પેઢીનો લગભગ સો કરતાં ય વધુ વર્ષનો જૂનો સંબંધ હતો.

લલ્લુભાઇનાં પાંચ સંતાનોમાં બે પુત્રીઓ શ્રીમતી (જ્યુબિલી) અને સુમતિ તથા ત્રણ પુત્રો વૈકુંઠભાઇ (બટુકભાઇ), જ્યોતીન્દ્રભાઇ (ખંડુભાઇ) અને ગગનવિહારી (પ્રબુદ્ધ) હતાં. શ્રીમતીનું બાળ વયે અને સુમતિબહેનનું ૨૧ વર્ષની વયે અવસાન થયું એટલે વૈકુંઠભાઇ સૌથી મોટા ગણાયા. સુમતિબહેને સાહિત્યક્ષેત્રે, જ્યોતીન્દ્રભાઇએ ઔદ્યોગિક ક્ષેત્રે અને ગગનવિહારીભાઇએ ઔદ્યોગિક રાજકીય તેમજ સાહિત્યક્ષેત્રે નામ કાઢ્યું છે. પિતા લલ્લુભાઈ તેમની કારકિર્દીની શરૂઆતમાં વસૂલાતી અધિકારી (રેવન્યુ કમિશનર) હતા. તે પછી તેઓ દીવાનપદે પહોંચેલા. તે વખતના મહારાજા ભાવસિંહજી સાથે મતભેદ થતાં લલ્લુભાઇ દીવાનપદનું સ્વેચ્છાએ રાજીનામું આપીને છૂટા થયા અને મુંબાઇમાં આવીને ઔદ્યોગિક તથા વ્યાપારી ક્ષેત્રે ઝંપલાવ્યું. મહેસૂલ ખાતાના અનુભવે એમનામાં ખેડૂતજીવનની પરિસ્થિતિમાં અને ગામડાંની આર્થિક ઉન્નતિના વિષયમાં અખૂટ રસ પ્રકટ્યો હતો. આથી સહકારી પ્રવૃત્તિનાં પગરણ સમયે તેઓ એના અગ્રેસર અને માર્ગદર્શક બન્યા અને પોતાના મોટા પુત્ર વૈકુંઠભાઇને પણ એમાં રસ લેતા કરીને એ પ્રવૃત્તિમાં જ પુત્રની ભેટ આપી દીધી. આમ સહકારી ક્ષેત્રે વૈકુંઠભાઇને પિતાનો સંસ્કારવારસો સીધો મળ્યો.

વૈકુંઠભાઇનો જન્મ તેમના મોસાળ અમદાવાદમાં ઇ. સ.૧૮૯૧માં થયો હતો. નાનપણથી જ તેમને વિદ્યા પાસના પ્રત્યે એવી તો લગની હતી કે તેમનું મન અન્ય લાલચો તરફ જરા ય ખેંચાતું નહિ. એ બાબતનો એક રમૂજી દાખલો તેમના નાનપણમાં બનેલો. એક વાર વૈકુંઠભાઇને તેમના પિતાએ પોતાની સાથે એક નાટક જોવા માટે આવવા કહ્યું. વૈકુંઠભાઇની ઇચ્છા નહોતી. એટલે પિતાએ રમૂજમાં કહ્યું: 'ચાલ તો ખરો; નાટક ન જોવું હોય તો આંખો બંધ કરીને બેસજે'. અને ખરેખર, વૈકુંઠભાઇ નાટક જોવા તો ગયા, પણ ત્રણેક કલાક સુધી આંખો બંધ કરીને બેસી રહ્યા! આવા વૈકુંઠભાઇનું એકમાત્ર લક્ષ્ય અભ્યાસ તરફ હોઇ, તેમની વિદ્યાર્થી તરીકેની કારકિર્દી ઉજ્જ્વળ હતી. એલ્ફિન્સ્ટન કૅાલેજમાંથી મુંબાઇ યુનિવર્સિટીની પ્રથમ વર્ષની પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં આવેલા અને બી.એ.માં પણ તેમણે ઐચ્છિક વિષય તરીકે ગણિત લેવા ઉપરાંત આખી યુનિવર્સિટીમાં અંગ્રેજીમાં સૌથી વધુ માર્ક મેળવીને 'એલિસ પ્રાઇઝ' મેળવ્યું હતું.

કૅાલેજમાં હતા ત્યારે સૈયદ અબ્દુલ્લા બ્રેલ્વી અને મહાદેવ દેસાઇ એ બન્ને એમના સહાધ્યાયીઓ અને ગાઢ મિત્રો હતા. બ્રેલ્વી મુસલમાન હતા, છતાં વૈકુંઠભાઇ સાથે તેમને સગા ભાઇ જેવો એટલો તો ગાઢ સંબંધ હતો કે એ વેળા, પંડિત મોતીલાલજીએ તો એક વાર કહ્યું હતું પણ ખરું કે 'બ્રેલ્વી તો સર લલ્લુભાઇના ચોથા પુત્ર છે!' આ સહાધ્યાયીઓ સાથેનો વૈકુંઠભાઇનો સ્નેહ તેઓનાં મૃત્યુ લગી ટકી રહેલો. બ્રેલ્વી પાછળથી અંગ્રેજી દૈનિક 'બૅામ્બે ક્રૅાનિકલ'ના તંત્રી બન્યા ત્યારે પણ રોજ સાંજે વૈકુંઠભાઈ સાથે તે ગંઘેરી આવે, બ્રિજ રમે, ત્યાં જ જમે અને પછી જાય. મહાદેવભાઇ પ્રત્યેની વૈકુંઠભાઇની મમતાનો દાખલો તો ખાસ નોંધવા જેવો છે. મુંબાઇ યુનિવર્સિટીના પહેલા વર્ષની પરીક્ષામાં વૈકુંઠભાઇ પ્રથમ આવ્યા અને મહાદેવભાઇ બીજા. નિયમ પ્રમાણે કૅાલેજની શિષ્યવૃત્તિ તેમને મળે તેમ હતું, પણ મહાદેવભાઇની આર્થિક સ્થિતિ નબળી હતી એટલે વૈકુંઠભાઇએ પોતાને મળતી શિષ્યવૃત્તિ મહાદેવભાઇને આપવા કૅાલેજના પ્રિન્સિપલને વિનતિ કરી, અને એ રીતે મહાદેવભાઇને શિષ્યવૃત્તિ મળતી થઇ. પણ નવાઇની વાત તો એ હતી કે પોતાને આ શિષ્યવૃત્તિ કઇ રીતે મળી તેની મહાદેવભાઇને વર્ષો બાદ ખબર પડી! કૅાલેજના અભ્યાસમાંથી મુક્ત થયા બાદ મહાદેવભાઇને ગુજરાતની સહકારી મંડળીઓના ઇન્સ્પેક્ટર તરીકેની જે કામગીરી મળેલી તે પણ વૈકુંઠભાઇને લીધે જ.

વૈકુંઠભાઈની ઉચ્ચ અભ્યાસનિષ્ઠા જોતાં, ગ્રૅજ્યુએટ થયા બાદ તેમણે ધાર્યું હોત તો સિવિલ સર્વિસમાં જોડાઇને ઉચ્ચ કોટિના અમલદાર થઈ શક્યા હોત, કે ઔદ્યોગિક ક્ષેત્રમાં જોડાઇને ઉદ્યોગપતિ તરીકે નામના કાઢી શકત. પરંતુ પ્રથમથી જ તેમને સામાજિક અને સાર્વજનિક પ્રવૃત્તિ તરફ આકર્ષણ હોવાને લીધે તેમણે અન્ય ક્ષેત્રો નાપસંદ કર્યાં અને કોઇક સેવાનું ક્ષેત્ર પસંદ કરવાનું વિચાર્યું. શ્રી ગોખલેની 'સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી'માં જોડાવાને તેઓ વિચારતા હતા એવામાં સર હોરમસજી વાડિયાની આગેવાની નીચેનું ચાલતું

શન્નુતા, સાદાઈ અને ત્યાગવૃત્તિથી મહેકતું જીવન...સૌમ્ય રીતે પ્રકાશતા ઘૃતદીપકના જેવી

શાન્ત પ્રતિભા વૈકુંઠભાઈ મહેતા

"મુંબાઈ દુષ્કાળ રાહત'નું કાર્ય તેમને તરત ગમી ગયું અને તેમાં જોડાયા.

એ વેળા કૃષિવિષયક ઉદ્યોગોમાં ખેડૂતો શાહુકારનાં દેવામાં ડૂબી જતા હોઈ, તેમની સ્થિતિ સુધારવાને સરકારે સહકારી કાયદો પસાર કર્યો હતો. સહકારી મંડળીઓને નાણાકીય સહાય આપવા માટે સહકારી બૅંકની જરૂર હોવાનો અભિપ્રાય, વૈકુંઠભાઈના પિતા લલ્લુભાઇએ સરકારને આપતાં, ઈ.સ. ૧૯૧૧-૧૨ના અરસામાં 'ધ સેન્ટ્રલ કો-ઑપરેટિવ બૅંક'ની સ્થાપના થઈ. પાછળથી એ 'ધ બૉમ્બે પ્રોવિન્શિયલ બૅંક' તરીકે ઓળખાઈ. સર વિઠ્ઠલદાસ ઠાકરસી તેના પ્રમુખ થયા અને વૈકુંઠભાઇએ મૅનેજિંગ ડિરેક્ટર તરીકેની કામગીરી ઉપાડી લીધી. આ કામ તેમણે ઈ.સ. ૧૯૧૩થી ૧૯૪૬ સુધી લાગટ ૩૩ વર્ષ સુધી કર્યું અને પિતાએ ઊભી કરેલી સહકારી પ્રવૃત્તિને વિકસાવી.

ભૂતપૂર્વ મુંબાઈ રાજ્યની આ વરિષ્ઠ બૅંકના વિકાસ અર્થે વૈકુંઠભાઈએ અવિરત પ્રયત્નો આદર્યા. તેમના હાથ નીચેના કેટલાક અધિકારીઓને તેમનાથી ય વધુ પગાર મળતો હોવા છતાં વૈકુંઠભાઇએ માત્ર રૂ. ૫૦૦)નો જ દરમાયો સ્વીકાર્યો હતો. જ્યારે ચૅરમેને તેમને વધુ પગાર લેવાનો આગ્રહ કર્યો ત્યારે પણ પોતના દરજ્જાના અધિકારીને મળતા પગારથી અરધી કરતાં ય ઓછી રકમનો પગાર સ્વીકાર્યો અને જાહેર સંસ્થાની વહીવટી સાદાઈ અંગેનું ઉમદા ઉદાહરણ પૂરું પાડચું.

ઈ. સ. ૧૯૪૩થી ૧૯૪૬ સુધી તેઓ 'બૉમ્બે સ્ટેઈટ કો-ઑપરેટિવ યૂનિયન'ના અધ્યક્ષ તરીકે રહ્યા. ત્યાર બાદ તેઓ મુંબાઈની ધારાસભામાં જોડાયા. ઈ. સ. ૧૯૪૬માં ભૂતપૂર્વ મુંબાઈ રાજ્યમાં શ્રી બાળાસાહેબ ખેરના કૉંગ્રેસી પ્રધાનમંડળમાં તેમને જોડાવા માટે આગ્રહ થયો પણ સક્રિય રાજકારણમાં પડવાની કે સત્તાપ્રાપ્તિની તેમને જરાય અપેક્ષા નહોતી. અંતે ખેરસાહેબે ખુદ ગાંધીજીને વૈકુંઠભાઈ માટે વિનતિ કરી. આવા સંયોગોમાં પોતાની અનિચ્છા હોવા છતાં વૈકુંઠભાઇને ગાંધીજીના આદેશ તેમજ સરદાર વલ્લભભાઈ અને ખેર સાહેબના આગ્રહને વશ થવું પડચું અને નાણાં, સહકાર ને ગ્રામોદ્યોગ ખાતાના પ્રધાન તરીકે જોડાઇને ઈ. સ. ૧૯૫૨ સુધી તેમણે સેવાઓ આપી, અને એ પદેથી એક કુશળ અર્થનિષ્ણાત તરીકે સારી નામના મેળવી. ત્યારે નાણાપ્રધાન તરીકે મળતા પગારની રકમ તેઓ પરોપકારનાં કાર્યોમાં વાપરી નાખતા.

ઈ. સ. ૧૯૫૨માં નાણાપ્રધાન તરીકેની જવાબદારીમાંથી મુક્ત થયા બાદ એ જ સાલમાં કેન્દ્ર અને પ્રાદેશિક સરકાર વચ્ચે સાધન-સામગ્રીની તેમજ આવકની વહેંચણી કરવાને ભારત સરકારે નીમેલા ફિનાન્સ કમિશનના તેમજ ૧૯૫૩માં નીમેલા ટૅક્સેશન ઈન્કવાયરી કમિટીના સભ્ય તરીકે તેમણે મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવી.

સહકારી પ્રવૃત્તિને તેમણે પોતાના જીવનના એક 'મિશન' તરીકે સ્વીકારી હતી. ગાંધીવાદી અર્થકારણના તેઓ ઊંડા અભ્યાસી હોવાને કારણે સહકારી પ્રવૃત્તિને તેમણે આમજનતાના ઉદ્ધારના સાધન તરીકે પ્રમાણી હતી. તેની પાછળ તેમની અનેક વર્ષોની અખંડ તપશ્ચર્યા રહી હતી. 'બૉમ્બે સ્ટેટ કો-ઑપરેટિવ યૂનિયન'ના તેઓ ઈ. સ. ૧૯૫૩થી ૧૯૬૦ સુધી પ્રમુખ હતા. તદુપરાંત અનેક સહકારી પરિષદોનું પ્રમુખ સ્થાન તેમણે ઔપચારિક રીતે નહિ, પણ સાચા અર્થમાં શોભાવ્યું હતું. સરકાર અને રિઝર્વ બૅંક દ્વારા નિમાએલી ઘણી સમિતિઓમાં પ્રમુખ કે સભ્ય તરીકે તેમણે કામગીરી બજાવી હતી અને ઇ. ૧૯૨૯માં નિમાએલી 'બૉમ્બે પ્રૉવિન્શિયલ બૅંકિંગ ઇન્કવાયરી કમિટી'ના પણ તેઓ સભ્ય હતા. ઈ. સ. ૧૯૫૩થી ૧૯૬૨ સુધી તેઓ 'કો-ઑપરેટિવ ટ્રેઇનિંગ કમિટી'ના પ્રમુખ રહ્યા હતા, અને ૧૯૫૯માં નિમાએલી 'ઍગ્રિકલ્ચરલ કો-ઑપરેટિવ ક્રેડિટ કમિટી'ના પણ તેઓ પ્રમુખ હતા.

સામાજિક તેમજ સહકારી ક્ષેત્રે તેમણે બજાવેલી સેવાની કદર-રૂપે બ્રિટિશ સરકાર તરફથી એમને ઈ.સ. ૧૯૧૬માં 'કૈસરે હિંદ'નો રજતચંદ્રક અને ઈ. ૧૯૨૧માં સુવર્ણચંદ્રક એનાયત થએલા તે બંને ૧૯૩૦માં સવિનય કાનૂનભંગની લડત દરમ્યાન સરકારની નીતિના વિરોધ તરીકે આ તેમણે સરકારને પાછા મોકલ્યા અને રાષ્ટ્રીય આંદોલન દરમ્યાન સ્વદેશીના પ્રચારાર્થે દિલ દઇને કામ કરવા માંડચું.

ગાંધીજી પાસેથી સેવાની પ્રેરણા લેનાર વૈકુંઠભાઇએ હરિજન-સેવા તથા ખાદી ને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિને પણ અંતઃકરણનો ટેકો આપ્યો હતો. હરિજનોદ્ધારની પ્રવૃત્તિ સાથે તેઓ જીવનના પ્રારંભ-કાળથી જોડાએલા અને ત્રીસ કરતાં વધુ વર્ષો લગી એ ક્ષેત્રે સેવા આપી. 'હરિજન સેવક સંઘ'ના મુંબાઈના પ્રોવિન્શિયલ બૉર્ડના તેઓ સભ્ય હતા. ખાદી અને ગ્રામોદ્યોગના વિષયો પરત્વેના એમના વિચારો તો એટલા બધા ઊંડા હતા કે ખુદ ગાંધીજી ઘણી વાર તે બાબતે એમની સલાહ લેતા. ખાદી વિષેની એમની અટલ શ્રદ્ધાને કારણે તેઓ રાજકીય જીવનમાંથી નિવૃત્ત થયા બાદ ઈ.સ. ૧૯૫૩ની સાલમાં ભારત સરકારના 'ખાદી અને ગ્રામોદ્યોગ બૉર્ડ' (જે ત્રણેક વર્ષ પછીથી 'ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન' તરીકે ઓળખાયું)ના પ્રમુખ નિમાયા અને દસ વર્ષ લગી સેવા બજાવ્યા બાદ પોતાની તબિયતને કારણે સ્વેચ્છાએ ઈ.સ. ૧૯૬૩માં ત્યાંથી નિવૃત્ત થયા. શુદ્ધ સેવાભાવથી સ્વીકારેલા આ કાર્યના વળતરરૂપે તેઓ કશું જ લેતા નહોતા. સર્વોદયની પ્રવૃત્તિમાં પણ તેમણે પ્રારંભથી છેવટ લગી સક્રિય રસ લીધો હતો. તેમની અનેકવિધ રાષ્ટ્રીય તેમજ સામાજિક સેવાની કદર રૂપે ભારત સરકારે તેમને ઈ.સ. ૧૯૫૪માં 'પદ્મભૂષણ'નો ખિતાબ એનાયત કરીને તેમને નવાજ્યા હતા.

અંગ્રેજીમાં જેને bundle of bones કહેવાય તેવું હાડકાંના માળખા જેવું સાવ સુક્લકડી શરીર ધરાવનાર વૈકુંઠભાઈ દેખાવે નબળા લાગે, પણ તેમનામાં શારીરિક કાર્યક્ષમતા સારી હતી. વિદ્યાર્થી અવસ્થામાં ક્રિકેટના અને પાછળથી ટેનિસના તેઓ સારા ખેલાડી હતા, એ હકીકત એમનું શરીર જોતાં ભાગ્યે જ કોઈ માને. શારીરિક દેખાવ અને માનસિક શક્તિ વચ્ચે સામ્ય હોવું જ જોઇએ એ માન્યતાને પડકારરૂપ વૈકુંઠભાઈનું શરીર હતું. શરીરનો દેખાવ નમ્ર એવા જ પોશાકે અને સ્વભાવે તે નમ્ર હતા. લાંબો કોટ, ધોતિયું ને ધોળી ટોપીના ખાદીના પોશાકમાં ટ્રામમાં કે બસમાં બેસીને વૈકુંઠભાઇને ફરતા જોનાર અજાણ્યા માનવીને એમની મહત્તાનો પહેલી નજરે જરા ય ખયાલ ન આવે.

તેમનામાં પ્રામાણિકતા વિષેનો આદર્શ બહુ ઊંચો હતો. પરિસ્થિતિનો ગેરવાજબી લાભ લેવાને તેઓ જરાય ઉત્સુક નહોતા. ભૂતપૂર્વ મુંબાઈ રાજ્યના નાણાપ્રધાન તરીકેની જગ્યાનું રાજીનામું આપીને તેઓ છૂટા થયા અને કચેરીમાંથી નીચે ઊતર્યા કે તરત રોજના

નિયમ પ્રમાણે સરકારી મોટર તેમને લેવા આવી. પણ તેઓ તો 'હવે હું નાણાપ્રધાન મટી ગયો' એમ કહીને, સરકારી મોટરમાં નહિ બેસતાં ભાડૂતી બસના ઉતારુઓની હરોળમા જઇને ઊભા રહ્યા અને બસમાં બેસીને જ ઘેર પહોંચ્યા. એમના નિરાડંબરીપણાનો પણ એક અસરકારક દાખલો છે. પ્રધાનપદેથી મુક્ત થયા બાદ તેઓ દિલ્હીમાં પોતાના નાના ભાઈ ગગનવિહારીભાઇને ત્યાં રહેતા હતા. એક વાર સાંજે કેટલાક મિત્રો ગગનવિહારીભાઇને મળવા આવ્યા. ઘરમાં નોકર ન હતો, એટલે વૈકુંઠભાઈ જાતે પાણીના પ્યાલાની ટ્રે લઈને મિત્રો આગળ આવ્યા. એ જોતાં જ સૌ શરમિંદા બની ગયા અને મિત્રોના મુખમાંથી 'અરે, તમે...' એવા ઉદ્ગારો સંકોચસહ નીકળી પડ્યા. એમની મૂંઝવણ કળી જઈને વૈકુંઠભાઇએ ખુલાસો કર્યો: 'આથી તમારું સ્વાગત ન કરી શકું તો પાણીથી તો કરવું જ જોઇએ ને!'

તેમનામાં પક્ષાપક્ષીથી પર રહેવાપણું અને નિખાલસતા પણ ભારોભાર હતાં. દ્વિભાષી મુંબાઈ રાજ્યમાંથી ગુજરાત અને મહારાષ્ટ્રનાં બે અલગ રાજ્યો રચાય તો મુંબાઇનું શું થાય એવો પ્રશ્ન જ્યારે ચર્ચાતો હતો, ત્યારે તેમણે મુંબાઈ શહેર મહારાષ્ટ્રમાં જ જવું જોઇએ એવો સ્પષ્ટ અભિપ્રાય ઉચ્ચારેલો. મહારાષ્ટ્રનું અલગ રાજ્ય રચાયા બાદ, પૂનાના કેટલાક મહારાષ્ટ્રી મિત્રોએ વૈકુંઠભાઇનો આ કારણે સત્કાર કરવાનો નિર્ણય કર્યો, ત્યારે તેમણે વિવેક અને વિનયપૂર્વક એ સમારંભ બંધ રખાવ્યો હતો.

નાગર જ્ઞાતિમાં જન્મેલા હોવાને કારણે નહિ, પરંતુ પ્રકૃતિથી જ તેઓ ઉચ્ચ કોટિના બ્રાહ્મણ હતા. સુખી કૌટુમ્બિક જીવન અને સંસ્કારી વાતાવરણમાં ઊછરેલા હોવાથી તેમના જીવનમાં ચડતીપડતીના કોઇ આરોહ-અવરોહ જોવા મળતાં નથી. પ્રારંભથી તે અંત લગી તેમનું જીવન એકસરખી સ્વસ્થતા અને સ્થિરતામાં પસાર થયું હતું. કોઈ પણ પ્રકારની ધાંધલ કે ધમાલ, આવેશ કે ઉશ્કેરાટથી પર રહીને, પોતાની વિશેષતાઓ અને મર્યાદાઓ વિષે પૂરા સભાન થઇને પોતાનું જીવનકર્તવ્ય નિષ્ઠાપૂર્વક બજાવવામાં તેમણે પરમ સંતોષ માન્યો હતો. એમના જીવનમાં આંજી નાખતી પ્રતિભાનો ઝળહળાટ કે કીર્તિનાં શિખરો સર કરવાની અનિરુદ્ધ અભિલાષાને બદલે મંદમંદ વહેતા જળના ઝરણા જેવી જીવનગતિ કે સૌમ્ય રીતે પ્રકાશતા ધૃતદીપકનાં જેવી આંખોને ઠારતી પ્રતિભા દેખાતી. પ્રકૃતિથી મૃદુ અને સંકોચશીલ હોવાને કારણે તેઓ મિતભાષી બન્યા હતા. જાહેર સભામાં પોતાના વક્તવ્યને શાન્ત ધીમા અવાજે, શબ્દોને તોળીતોળીને તેઓ રજૂ કરતા હોય ત્યારે કોઇકોઇ શ્રોતાઓને કદાચ કંટાળો આવી જાય, પરંતુ વિચારોની એક પ્રકારની સુશ્લિષ્ટતા અને વિષય પરત્વેનું તેમનું ઊંડું ચિંતન પ્રશંસા માગી લે તેવાં રહેતાં.

અંગ્રેજીના વિષયમા તો તેમને યુનિવર્સિટીનું ઇનામ મળ્યું હતું અને અંગ્રેજી ભાષા પર તેમનું અસાધારણ પ્રભુત્વ હતું, તેમ છતા તેમણે મોટે ભાગે સહકારી પ્રવૃત્તિને લગતું જ લેખનકાર્ય કરેલું છે. ભાષા અને વક્તવ્યને સ્વતંત્ર કલા તરીકે નહિ પણ સેવાના સાધન તરીકે ઉપયોગમાં લેનાર વૈકુંઠભાઈમાં ઉચ્ચ કોટિના લેખક કે વક્તાના દર્શન ન થાય તે સ્વાભાવિક છે. ઊંડી કાર્યનિષ્ઠા, નિરાડંબરી નમ્રતા, અજાતશત્રુતા, સાદાઈ અને ત્યાગવૃત્તિથી તેમનું જીવન મહેકી રહ્યું હતું. ગાંધીજીના પરમ ભક્ત અને ગાંધીવિચારસરણીના સક્રિય કાર્યકર વૈકુંઠભાઈ ગુજરાતની જ નહિ, પરંતુ ભારતની ય એક વિભૂતિ હતા. તા. ૨૭મી ઑક્ટોબર ૧૯૬૪ના રોજ રાત્રે મુંબાઈમાં અંધેરી ખાતેના તેમના નિવાસસ્થાને ૭૩ વર્ષની વયે તેમનો દેહવિલય થયો અને આપણે એક મહામૂલું માનવરત્ન ગુમાવ્યું.

(ફોટો • સુમનભાઇ શેઠ–મીંઆગામ કરજણ.)







ટિકિટસંગ્રહ

આ વર્ષનો બાલદિન એ ચાચા નેહરુ વિનાનો પ્રથમ જ બાલદિન છે. દર વર્ષની પેઠે આ વર્ષે પણ આ દિન નિમિત્તે ૧૪મી નવેમ્બરે ખાસ ટપાલટિકિટ બહાર પડી છે. આ વખતે એના પર બાળકોના લાડીલા સ્વ. નેહરુચાચાની છબિ અંકિત થએલી છે. શ્રી જવાહરલાલજીના સ્મરણમાં બહાર પડેલા એક રૂપિયા અને પચાસ પૈસાના સિક્કાઓની છાપનો જ કદાચ આમાં પણ ઉપયોગ કરી લીધો છે. તેની બાજુની પંડિતજીની છબિવાળી ટિકિટ રશિયાની છે. જમણી તરફ નીચે પહેલી ટિકિટ નવી દિલ્હીમાં મળેલી સ્ટાંડર્ડાઇઝેશન માટેની ૬ઠ્ઠી આંતરરાષ્ટ્રીય ઍસેમ્બલી નિમિત્તની ભારતની ખાસ ટિકિટ છે. પછીની ટિકિટ યુગાન્ડા, કેન્યા ટાંગાનિકા ઝાંઝિબારની આ વર્ષના તોકિયો ઑલિમ્પિક પ્રસંગે બહાર પડેલી છે. (પ્રેષક: મધુ પંડયા–અમદાવાદ). જમણી બાજુની ઉપરની ત્રણ ટિકિટો માલાગાસી પ્રજાસત્તાકની છે, જેના પર ત્યાંની કાષ્ઠકલાના ત્રણ સુંદર નમૂનાઓ આપ્યા છે. (મોકલનાર: ફિદાહુસેન મહમદભાઈ–માજુંગા.)





સંક્ષેપકાર

ડૉ. મધુસૂદન પારેખ

મહાકવિ શેક્સપીઅરનાં નાટકોની વાર્તાંતર-માળા-૧૧

કિંગ લીઅર

(રાજા લીઅર)

પ્રૌઢનનો રાજા લીઅર વૃદ્ધાવસ્થામાં ક્યારનો ય પ્રવેશી ચૂક્યો હતો. એને એકે પુત્ર ન હતો; પુત્રી ત્રણ હતી: વયાનુક્રમે ગૉનરીલ, રીગન ને કૉર્ડીલિયા. પહેલી બે સૌભાગ્યવતી બની ચૂકી હતી; કૉર્ડીલિયા માટે હજુ શરણાઇ બજવાની બાકી હતી. એ મંગલ અવસર દૂર નહોતો. ફ્રાન્સ અને બર્ગેન્ડીના બે ઉમરાવ ઉમેદવારો તેને વીંટી પહેરાવવા તત્પર હતા. લીઅરને હવે રાજ્યનો ભાર વેઠવાની બહુ ઇચ્છા નહોતી. ત્રણે દીકરીઓને રાજ્ય વહેંચી આપી તેમના વિસામા તળે શાંતિથી વાર્ધક્ય વિતાવવાની તેની ઉમેદ હતી.

એક દિવસ ખુશમિજાજમાં લીઅરે પોતાના દરબારીઓ ને મિત્રો સમક્ષ રાજપાટની વહેંચણીનો નિર્ણય પ્રગટ કર્યો. પરંતુ એ સાથે એના ચિત્તમાં એક તરંગ ઊઠ્યો. પોતાની ત્રણે દીકરીઓને ઉદ્દેશીને એણે કહ્યું: 'બેટા, હું હવે બુઢ્ઢો થયો. રાજપાટની મને હવે લાલસા નથી. તમને એ સરખે હિસ્સે વહેંચી આપું છું; પરંતુ પછી આ બુઢ્ઢા બાપને વિસારી મૂકશો તો નહિ ને? બેટા ગૉનરીલ, તારો પ્રેમ કાયમ એવો જ મુલાયમ રહેશે ને?'

ગૉનરીલ ઉમળકાભેર બોલી ઊઠી: 'બાપુ, મારો પ્રેમ વાણીમાં શી રીતે વ્યક્ત કરું? મારા જીવથી ય અધિક તમારું હું જતન કરીશ. તમારાથી વહાલું આ જગતમાં મને બીજું કોઈ નથી.'

લીઅરના મુખ પર આનંદની ઝલક છાઈ રહી: 'અને બેટા રીગન, તારો પ્રેમ પણ વાસી નહિ થાય ને? મને જાળવીશ ને?'

'જિંદગી સુધી. બાપુ, તમે તો અમારી છત્રછાયા છો. તમારા સુખમાં જ મારું સુખ છે. મારો પ્રેમ પ્રફુલ્લ જ રહેશે.'

લીઅરની આંખમાં આનંદનાં ઝળઝળિયાં આવ્યાં. એણે સૌથી નાની કૉર્ડીલિયા સામે જોયું: 'દીકરી, તું તો મારું સર્વસ્વ છે. શાદી બાદ તને મારી યાદ રહેશે ખરીને? પતિની માયામાં પિતાની ઉપેક્ષા તો નહિ કરે ને?' પણ બે મોટી બહેનોની જેમ કૉર્ડીલિયાને વાણીનો આડંબર આવડ્યો નહિ. પિતાને શો જવાબ દેવો એની મૂંઝવણમાં તે મૌન રહી. લીઅરે જરા આશ્ચર્યથી ફરી પ્રશ્ન કર્યો: 'બેટા, બોલને! ચૂપ કેમ છે? તારા પિતા પ્રત્યે તારો પ્રેમ રહેશે ને?'

'બાપુ, દીકરીને બાપ પ્રત્યે હેત તો હોય જ ને? મારું કર્તવ્ય હું બરાબર બજાવીશ.' રાજાને આ જવાબ શુષ્ક લાગ્યો. એને માઠું લાગ્યું: 'બેટા, તારો પ્યાર મને નહિ મળે?'

'બાપુ, તમે પાળીપોષીને મને મોટી કરી. તમારું ઋણ હું કેમ વિસારું? પરંતુ પિતા પ્રત્યે જેમ પુત્રીની ફરજ છે તેમ પતિ પ્રત્યે પણ ખરી ને? તમને હું ચાહું છું બાપુ, અને ચાહીશ; પણ મારા પતિને પણ મારું હૃદય પ્રેમ કરશે. એને પણ મારા પર અધિકાર હોય ને? પ્રેમનો આડંબર દર્શાવીને હું ખુશામતથી તમને રીઝવવા માગતી નથી. મારો પ્રેમ—મારી મમતા કેવી રહેશે એ તો કાળ કહેશે.'

લીઅરનાં ભવાં ચડી ગયાં. સૌથી નાની ને લાડકી દીકરી પાસેથી આવા જવાબની તેણે અપેક્ષા રાખી નહોતી. આવેશમાં તે બોલી ઊઠ્યો: 'તારી ઉદ્ધતાઈનો પાર નથી, તને ઘમંડ ચડ્યો છે...'

'ઉદ્ધતાઇ લાગી હોય તો ક્ષમા કરો. પણ મેં સાચું કહ્યું છે.'

'રહેવા દે તારી હોશિયારી! પહેલો પતિ, પછી પિતા! એમ! ભલે ત્યારે. તારા મિથ્યાભિમાનનું ફળ ભોગવ. તને રાજપાટ પણ હવે તારો પતિ આપશે, એની પાસે માગજે. તારા વારસા પર હવે ચોકડી!'

લીઅરનો દિમાગ ફરી ગયો. એણે મહેમાન તરીકે આવેલા ફ્રાંસના અને બર્ગેન્ડીના ઉમરાવોને ત્યાં બોલાવ્યા અને બધાની સમક્ષ તેણે કૉર્ડીલિયાનો રાજભાગ એની બે બહેનોમાં ફાળવી દીધો. દરબારીઓમાં સન્નાટો ફેલાઈ ગયો. માત્ર એક ઉમરાવે—ડ્યૂક ઑાવ કેન્ટે રાજાને સમજાવવાનો પ્રયાસ કર્યો. પણ એથી તો એ વધુ વીફર્યો અને એને તત્કાળ પોતાની સેવામાંથી બરતરફ જ નહિ, દેશપાર કર્યો!

કૉર્ડીલિયા નિરાધાર બની ગઈ. વારસા વિનાની, પિતાથી હડધૂત થએલી કન્યામાંથી બર્ગેન્ડીના ઠાકોરનો રસ ઊડી ગયો. એની દૃષ્ટિએ સસરાનો મબલખ દાયજો મહત્ત્વનો હતો, કન્યાનાં રૂપગુણ તે પછી! પરંતુ ફ્રાન્સના રાજવીએ પિતા-પુત્રી વચ્ચેની તકરારનું કારણ જાણ્યા પછી તેને કૉર્ડીલિયાનો વાંક વસ્યો નહિ. તેણે પ્રેમથી કૉર્ડીલિયાનો હાથ ઝાલ્યો: 'તારા પ્રેમને મેં ઝંખ્યો છે; તારા સૌંદર્યભંડાર આગળ જગતની કોઈ સંપત્તિની મને વિસાત નથી. મારો કૉલ છે—આ હૈયું હરામી નહિ બને. તું જ મારી વિભૂતિ છે.'

રાજા લીઅર એટલો બધો ખફા હતો કે તરત તેણે કન્યા પધરાવી દીધી. આશીર્વાદના બે શબ્દો પણ તેણે ઉચ્ચાર્યા નહિ. કૉર્ડીલિયાએ વિદાય વેળાએ બે બહેનોને આંસુભીની આંખે વૃદ્ધ પિતાની દેખભાળ કરવાની વિનંતી કરી. બંને બહેનો મોં મરડીને વક્રહાસ કરી રહી: 'ડાહી સાસરે જાય નહિ ને......!'

રાજા લીઅરે પોતાનું તમામ રાજ્ય બે દીકરીઓને આપી દઈને પોતાની અંગત તહેનાત માટે માત્ર સો સશસ્ત્ર સૈનિકો રાખ્યા હતા. આ સૈનિકોને થોડા સમય પછી ગૉનરીલના માણસો સાથે ખટરાગ શરૂ થયો. રાજાના હુકમનો અવારનવાર પરોક્ષરીતે અનાદર થવા માંડ્યો. ગૉનરીલને હવે આ બુઢ્ઢો બાપ અકારો લાગવા માંડ્યો. એની રાજસત્તાના નાનકડાઅવશેષ જેવો સો સૈનિકનો રસાલો યે તેને ખૂંચ્યો. બાપને પજવવાની તરકીબો તેણે યોજવા માંડી. પોતાના માણસોને પણ લીઅર સાથે કેમ વર્તવું તેની ખાનગી સૂચના આપી દીધી. એનો માનીતો અધિકારી ઑાસ્વાલ્ડ હતો. ગૉનરીલે તેને મંતરી લીધો: 'જો, બુઢ્ઢાજી કદાચ મને મળવા માગે તો કહી દેજે કે તબિયત સારી નથી. હું એનો બકવાદ સાંભળવા નવરી નથી. અને સાંભળ, ચિડાઈને એ ચાલ્યા જાય તો રોકીશ નહિ...ટાઢા પાણીએ ખસ જાય...ભલે એ રીગનને ત્યાં જઈને રહે. એમનાં દાંતિયાં-ચિડિયાંથી હું તો ત્રાસી ગઇ છું. બુઢાપામાં એમનું બીજું બચપણ શરૂ થયું છે. મારાથી એ સહન નહિ થાય. તું વિદાય જ કરી દેજે, હોં.'

રાજા લીઅરનાં ફરમાનો તરફ હવે આંખમીંચામણાં થવા લાગ્યાં. તેને ઝાંઝ ચડી. સીધો તે દીકરીને મળવા ધસ્યો, પણ ઑાસ્વાલ્ડે તેને રોક્યો. એક નાચીઝ આદમીની આવી બેઅદબી જોઇ ગુસ્સાથી તે રાતોપીળો થઇ ગયો. ઑાસ્વાલ્ડ અંદર ભાગી ગયો. થોડી વારે એક બીજા અમલદારે નમ્રતાપૂર્વક નિવેદન કર્યું: 'આપનાં સુપુત્રીની તબિયત સારી નથી; ફરી પધારશો એવો સંદેશો કહાવ્યો છે.'

રાજા દિગ્મૂઢ બની ગયો. ગૅાનરીલના બધા માણસો તેને નિમકહરામ લાગ્યા. તેના મનમાં રોષની આંધી ઊછળી રહી: 'આ બે બદામના બદમાશ નોકરો મારા ફરમાનની હાંસી ઉડાવે? એમની આ મજાલ? આવી ગુસ્તાખી?' એ હરામજાદાઓને હલાલ કરી દેવા તેના હાથ સળવળી રહ્યા. તેના હાથની મૂઠી ગુસ્સામાં વળી ગઈ. પણ એનો આ રોષ વંધ્ય હતો. એનું સામ્રાજ્ય—એની સત્તા બધું પારકા હાથમાં પડયું હતું. 'હવે તુમાખી કોના ઉપર?...પણ ગૅાનરીલ આ બધું જાણતી હશે? ના, ના; મારી દીકરી બિચારી સાવ ભોળી છે. પણ એને કાને વાત તો નાખવી જ જોઈએ.' એને ગૅાનરીલનાં વહાલભર્યાં વચનો યાદ આવ્યાં. એના પ્રત્યે ઉમળકો જાગ્યો. એણે ફરી વાર પોતાનો સંદેશો મોકલ્યો. થોડી વારમાં ગાનરીલને બદલે ઑસ્વાલ્ડ પાછો આવ્યો. રાજાએ એને ઝાટકવા માંડ્યો, પણ એણે નફ્ટાઈથી રાજાને સામા જવાબ દેવા માંડયા. લીઅરના રોષે માઝા મૂકી. એને પકડીને બે અડબોથ લગાવી દીધી. વીફરેલા ઑસ્વાલ્ડે શરમ નેવે મૂકીને કહી દીધું: 'આપ મને હાથ લગાડનારા કોણ? આપ માત્ર મારી શેઠાણીના પિતા છો એ સિવાય હું આપને ઓળખતો નથી.'

લીઅર સમસમી રહ્યો. આ શયતાન તેની બેઇજ્જતી કરી તેને મહારાજા તરીકે સ્વીકારવાનો ધરાર ઇનકાર કરી રહ્યો હતો? લીઅર કશું બોલે તે પહેલાં જ એક અજાણ્યા અધિકારીએ ઑસ્વાલ્ડને ઊંચક્યો: 'નિમકહરામ કુત્તા, મહારાજાની અદબ જાળવતાં શીખીને આવ...' અને એણે ઑસ્વાલ્ડને બહાર ફગાવી દીધો. આ અજાણ્યા અમલદાર ઉપર લીઅર આફરીન થઈ ગયો. પરંતુ એ કોણ હતો?

લીઅરે થોડા સમય અગાઉ જ તેને દેશપાર કર્યો હતો. કૉર્ડીલિયાનો બચાવ કરી રાજાને સમજાવવાનો તેણે પ્રયાસ કર્યો હતો. રાજાના તરંગી સ્વભાવથી તે જ્ઞાત હતો. તે રાજાને તજીને ચાલી ગએલો; પરંતુ વફાદારી તેના લોહીમાં હતી. રાજાની સેવા કરવા માટે તે ફરી વેશાંતર કરીને આવ્યો અને અણીની વેળાએ રાજાની લાજ રાખી. લીઅરે તેને પિછાન્યો નહિ; પણ ફરી વાર તે તેનો માનીતો રક્ષક બની રહ્યો.

રાજમહેલમાં ધમાલ થતી સાંભળીને ફૂંફાડા મારતી ગૅાનરીલ ત્યાં આવી. લીઅર તેને કશી રાવ-ફરિયાદ કરે તે પહેલાં તેણે જ ઉધડા લેવા માંડ્યા: 'બાપુ, રોજ ને રોજ આ શો ભવાડો માંડો છો? તમારા સૈનિકો રોજ મારા માણસોની કનડગત કરે છે. તમારે મને જંપવા દેવી છે કે નહિ? હું આ છેલવેલી તમને કહી મૂકું છું કે આ દરગુજર નહિ થાય. તમારા માણસો હવે ધાંધલ મચાવશે તો હું તેમને જેલમાં ચક્કી પીસવા બેસાડી દઇશ. મને તો આ બધાં તમારાં જ કારસ્થાન લાગે છે!'

રાજા લીઅરની તો બુદ્ધિ જ બહેર મારી ગઈ. એના પગ તળેથી ધરતી ખસતી હોય તેમ તે અનુભવી રહ્યો! વ્યાકુળ થઇ બોલી ઊઠયો: 'બેટા ગૅાનરીલ, આ તું...તું બોલે છે?—મારી દીકરી ગૅાનરીલ આ મને સંભળાવે છે?......ઓહ, મારી લાખ ટકાની ઇજ્જત આજે રાખમાં મળી ગઈ...! મારો મુગટ કયાં? મારું સિંહાસન ગાયબ થઇ ગયું? અરે—અરે કોઈ તો કહો મને કે મહારાજા લીઅર કયાં છે...લીઅર કયાં છે? અરે, મારું દિમાગ ચકરાય છે...' રાજા લથડવા માંડયો.

'ચૂપ રહો હવે, ને આ ઢોંગ મૂકો.' ગૅાનરીલ તડૂકી: 'તમારી તો બુદ્ધિ નાઠી, પણ અમારે રાજ ચલાવવાનું છે. તમારો આ સો સૈનિકોનો કાફલો મને નહિ પોસાય. એ બધાં જંગલી જનાવરોનો શંભુમેળો કરીને અહીં રોજ ગોકીરો મચાવો છો તે આ તે મહેલ છે કે હોટેલ?'

ઘોંઘાટ સાંભળીને ગૅાનરીલનો પતિ આલ્બની ત્યાં આવી પહોંચ્યો. તેણે પરિસ્થિતિ થાળે પાડવાનો પ્રયાસ કર્યો. પણ લીઅરની આંખમાં જ્વાળામુખી પ્રગટયો હતો: 'મારા દિલનો આતશ હવે નહિ બુઝાય...આ કાતિલ ઘા હવે કદી નહિ રુઝાય! મારી જ ભલાઇએ ખોદી મારી કબર! ખુદા, આવી મને નહોતી ખબર! આ નાપાક દુષ્ટીએ બેઅદબી કીધી, મારી ઇજ્જત મિટ્ટીમાં મિલાવી દીધી. ઓહ, મેં કૉર્ડીલિયાને અન્યાય કીધો, બિચારીને દેશવટો દીધો. એને મેં ધકેલી, સાવ અકેલી—સાવ અકેલી—પરાયા દેશમાં! શો સિતમ કીધો આવેશમાં?'

અને લીઅરે કપાળ કૂટયું: 'હું જ નાલાયક. અવલ બેવકૂફ!' પોતાના વાળ પીંખીને કહેવા માંડયો: 'તારી મૂર્ખાઈનું ફળ ભોગવ્યા કર; નાદાન લીઅર, જિંદગીભર રોયા કર!' પછી એકદમ આંસુ લૂછી ક્રોધથી એ ગૅાનરીલ તરફ ફર્યો: 'નાની વછેરી હતી ત્યારથી તને ઉછેરી છે. પણ મારું ફૂલ મને ડંખ્યું! ભલે, નાદાન છોકરી, મારું ખ્વાબ ખતમ થયું. તેં મને છેહ દીધો પણ ખુદા નહિ સાંખે. હવે હું બાપ નહિ તું બેટી નહિ. તારા ઘરનું પાણી હરામ! હવે તો ઘોરમાં જ મારો આરામ...'

ગૅાનરીલનો પતિ આલ્બની વૃદ્ધ રાજાની કરુણ સ્થિતિ જોઈ દુઃખી થઈ ગયો. તેણે રાજાનો હાથ પકડી ક્ષમા માગી: 'મહારાજ, શાંત થાઓ...મહેર કરો...'

'આ ભવે તો નહિ જ...બુઢ્ઢા બાપની એણે આંતરડી કકળાવી છે. ખુદાતાલાનું નામ દઇને શાપું છું કે એ વંધ્યા રહેશે. દૈવજોગે એ પુત્રવતી થશે તો એનું સંતાન સાપના કણાની જેમ એને હરદમ ડંખ દેશે. એની શકલ બદસૂરત બની જશે....'

આલ્બની ગભરાઈને રાજાને વીનવવા ગયો, પણ ગૅાનરીલે તેને ટોકયો: 'રહેવા દો તમે. ડોસાની બુદ્ધિ સાવ બગડી છે; એક પગ તો ઘોરમાં છે તો ય...'

લીઅરનું લોહી તપી ગયું: 'નાગણ! મારું બદકિસ્મત ભલે થયું, પણ તું યાદ રાખજે—તારું તો ધનોતપનોત નીકળી જશે. મારા હૈયાની હાય તને રોમેરોમ લહાય લગાડશે! મારાં આંસુનું એકએક બુંદ તને અંગારો બનીને ડામ દેશે. તેં તારા બુઢ્ઢા બાપનો ફિટકાર કર્યો છે, તારું બચ્ચું તને જીવેજાન ફિટકારશે......'

અને ઘડીના પણ વિલંબ વિના લીઅર ત્યાંથી ચાલી નીકળ્યો—રીગનને ઘેર. એને વિશ્વાસ હતો કે એ બીજી દીકરી તો જરૂર તેને સત્કારશે અને ગૅાનરીલની પણ વલે કરશે. તેણે રસ્તામાંથી જ પોતાના આગમનનો પત્ર રીગન પર મોકલ્યો. કેન્ટ દોડતે ઘોડે એ પત્ર લઇને ત્યાં પહોંચ્યો. પણ એ રીગનની મુલાકાત પામે ત્યાં ઑસ્વાલ્ડ આવી લાગ્યો. તેની પાસે પણ ગૅાનરીલ તરફથી એક તાકીદનો પત્ર હતો. મહારાજા લીઅરની સાથે બેઅદબી કરનાર આ નાલાયકને અહીં પણ પીછો કરતો જોઇને તેનો મિજાજ ગયો. તેણે ઑસ્વાલ્ડને ફરી એક વાર ખોખરો કર્યો. ઑસ્વાલ્ડે રીગન અને તેના પતિ કૉર્નવૉલ પાસે એની રાવ ખાધી. રીગને કેન્ટને દંડાબેડીની શિક્ષા કરી ઑસ્વાલ્ડનો પત્ર વાંચ્યો. પિતાનો પત્ર લઈને આવેલા કેન્ટને ધુત્કારી કાઢયો. કેન્ટ સમસમી રહ્યો. બુઢ્ઢા માલિકનો અહીં કેવો સત્કાર થશે તેની બસારત તેને થઈ ચૂકી.

લીઅર તેના સાથીદારો સાથે રીગનના નિવાસે આવી પહોંચ્યો. પોતાના માનીતા અધિકારીને દંડાબેડીમાં જોઈ તે ચમકી ઊઠયો. કેન્ટે બનેલી બધી વાત કહી સંભળાવી. રાજાને અપશુકન થયાં. દિલમાં ફડકો પેઠો. એણે એક અમલદાર—ગ્લૉસ્ટરને સાથે રીગનને પોતાના આગમનનું કહેણ મોકલાવ્યું. પણ એ પાછો આવ્યો. પતિપત્ની બંનેની તબિયત નાજુક હતી! મુલાકાત મોકૂફ!

લીઅરના મગજની નસ તંગ થઈ ગઈ. એણે રાક્ષસી ચિત્કાર કર્યો. ફરી આદેશ મોકલ્યો: 'ડયૂકને મહારાજા લીઅર મળવા માગે છે, અને

દીકરીને એનો પિતા.'

આદેશને માન આપીને રીગન અને તેનો પતિ બંને આવ્યાં. રીગને પિતાના કુશળ વર્તમાન પૂછ્યા. પુત્રીની પ્રેમાળ વાણીથી રાજા રીઝ્યો અને ગૅાનરીલ વિષે ઊભરો ઠાલવ્યો: 'બેટા, તું હજી એને ઓળખતી નથી. ગીધની જેમ એના તીણા નહોર અને દાંતથી મારું હૃદય ફોલી ખાધું. હજી મને એ ઘા ચમચમે છે. બેટા, એ અધમ......'

'બસ બાપુ, તમારી આ વાતવાતમાં છીંડાં શોધવાની કુટેવ મને જરા ય પસંદ નથી. મારી બહેનને હું ઓળખું છું. તમે એની સેવાઓ ભૂલી જઇને તેને નાહક બદનામ કરો છો......'

'હું...હું......'

'બુઢાપો તમે વટાવી ચૂકયા છો. હવે તો જરા ઠરો અને ઠરવા દો! ગૅાનરીલ પાસે તમે પાછા જાઓ; એ જરૂર તમને જાળવી લેશે. તમારા રસાલાના માણસો ધાંધલ મચાવે તો બે શબ્દો કહેવા યે પડે...'

'ગૅાનરીલની કદમબોસી કરવા હું પાછો જાઉં? એને તો મારી કકળતી આંતરડીની કદુઆ છે—ખુદા એનું ખેદાનમેદાન કરશે.'

'બાપુ,આજે ગૅાનરીલને શાપો છો; કાલે મારો વારો આવે.તમારી એવી વધામણી સાંભળવાનો મને જરા ય અભરખો નથી......!'

ત્યાં તો લીઅરની આંખો આશ્ચર્યથી ફાટી ગઈ! સામે ગૅાનરીલ આવીને ઠંડે કલેજે ઊભી હતી! એને જોતાં વાર વાઘની જેમ એ બરાડયો: 'નાપાક! બેશરમ! મારો પીછો કરતાં લાજ ન આવી?' અને એ રીગનને સમજાવવા માંડયો: 'બેટા, આ જ તારી કમજાત બહેન! એને તું સત્કારીશ ના. એને ફટ કહેજે.'

ગૅાનરીલ વીજળીની જેમ સામી ચમકી: 'એ મારી બહેન છે; બુઢ્ઢા બેવકૂફ બાપના કરતાં એને મારામાં વધુ વિશ્વાસ છે. એટલે તમારો બકવાદ બંધ કરો......જી!'

લાચારી અને આશાના ભાવો દર્શાવતો લીઅર રીગનનો જવાબ સાંભળવા ટાંપી રહ્યો. રીગને નિરાંત જીવે કહ્યું: 'બાપુ, તમે બુઢ્ઢા થયા પણ શાણપણ ન આવ્યું. ઘડપણમાં જિદ્દ કરીને નાહક મોત શું કામ બગાડો છો? ગૅાનરીલ તમને બોલાવવા જ અહીં આવી છે. તમે એની સાથે જાઓ. તમારા માણસો ઘટાડી નાખો અને એ રાખે તેમ રહો. એક માસ પછી હું તમને પાછા તેડી જઈશ, બસ?'

'આ તારો આખરી ફેંસલો છે? હું ગૅાનરીલને પગે પડતો પાછો જાઉં? છટ! જંગલમાં આથડીશ, કૂતરાને મોતે મરીશ, પણ એ કમજાતને ત્યાં...હરગિઝ નહિ જાઉં! મારી કૅાર્ડીલિયા હજી હયાત છે. ફ્રાંસ જઇને જમાઈની કદમબોસી કરીશ, પણ......' એની આંખો આંસુથી છલકાઈ ઊઠી. એ કરગરી ઊઠયો: 'બેટા, હું તારે પગે પડું. આ મારાં પળિયાં સામે તો જો! તું આ બુઢ્ઢાને પાગલ બનાવી મૂકીશ...જો, મારું શિર ચકરાય છે—મારું દિમાગ ભમે છે......'

પરંતુ બે બહેનોમાંથી કોઇએ તેને મચક આપી નહિ. એના રસાલાની વાત પર ચોકડી જ મૂકી. એને હડધૂત કરી નાખ્યો. હતાશ બનેલો લીઅર ખુદાને યાદ કરી કરુણ આક્રંદ કરી રહ્યો: 'હે ખુદા, મારી જ દીકરીઓને હાથે ખાસડાં ખાવાનો તેં મોકો આપ્યો! ભલે, પણ એ મૂઢમાર મર્દની જેમ જીરવવાનું બળ તો આપ, ભલા!'

લથડિયાં ખાતો લીઅર બે હાથે મસ્તક પકડીને બહાર નીકળી ગયો. રીગન અને ગૅાનરીલ એને જતો જોઈ રહ્યાં. એ બંનેને બાપનો જ વાંક વસ્યો: 'દીવો લઇને કૂવે પડે તેને કોણ રોકી શકે?'

આકાશમાંથી બરફના કરા વરસતા હતા, પવન ફૂંફાડા મારતો હતો. એવી ઘોર મધરાતે લીઅર કિસ્મત ખેંચે ત્યાં ખેંચાતો જતો હતો. એના દિમાગમાં ભમરા ઊડતા હતા...ઘડીક આગ, ઘડીક આહ, એવી સ્થિતિમાં તે આંખો મીંચીને દોડતો હતો. બરફના કરા એના વાંસા પર, માથા પર ફટોફટ પડતા હતા, ઠંડો પવન એનાં પાંસળાંની આરપાર નીકળી જતો હતો, પણ જાણે આખા જગતનો જાકારો પામેલો હોય તેવો એકલવાયો લીઅર એની ધૂનમાં દોડતો જ રહ્યો.

રીગન અને ગૅાનરીલ બંનેએ સંભાળપૂર્વક દ્વાર બીડયાં—કદાચ અથડાતો-કુટાતો એ બેવકૂફ બાપ પાછો મધરાતે પજવવા આવે તો? બંને બહેનો નિરાંતે સૂતી. એમનાં મુખ પર સંતોષનું સ્મિત હતું.

લીઅર આંધળી દોટ મૂકી રહ્યો હતો. એના વફાદાર મિત્રો એને માટે વિસામો શોધી લાવ્યા, પણ એની આંખ ફાટી ગઈ હતી. એના સાથીઓને એ ટીકી ટીકીને જોઈ રહ્યો. વળી ગાંડાની જેમ દોડવા માંડયો. કેન્ટે એને માંડ કલાવી-પટાવીને શાંત પાડયો, પણ એના દિમાગનું ઠેકાણું ન હતું. વીજળી ચમકી અને તે ચીસ પાડી ઊઠયો; ખુલ્લા મેદાનમાં બરફના તોફાનમાં એ હાથ ઊંચા કરીકરીને અલ્લાને પોકારી રહ્યો: 'મોતનાં પડઘમ બજો–ખુદા, મારી દુઆ હજો. પ્રલયનાં તુફાન આવો—આવો તાંડવ મચાવો...પૃથ્વીને પીસી નાખો, આદમની ઓલાદને ભીંસી નાખો, આ દોજખી દુનિયાને ડુબાવી દો...... નાપાક ઇન્સાનને ફગાવી દો–એનો કચરો મિટ્ટીમાં મિલાવી દો...... મને મોત આપો, ખુદા મોત આપો,' અને એણે પહેરેલાં કપડાંનાં ચીરિયાં ઉડાવવા માંડયાં. પોતાના માથાના કેશ ખેંચી કાઢયા! કેન્ટ અને બીજા દરબારીઓએ એને શાંત કરીને સુવાડી દીધો.

રીગન અને ગૅાનરીલનો વૃદ્ધ રાજા પ્રત્યેનો વર્તાવ એમના મંત્રી ગ્લૅાસ્ટરને રુચ્યો નહિ. લીઅરની દુર્દશા જોઈ એનું હૃદય પીગળી ગયું. એણે પોતાના અનૌરસ પુત્ર એડમંડ સમક્ષ લીઅરને મદદ કરવા જવાનો નિર્ણય પ્રગટ કર્યો. પણ એડમંડ તો મહા શઠ હતો. એણે પોતાના ભાઈ એડગર (ગ્લૅાસ્ટરના ઔરસ પુત્ર) વિરુદ્ધ ગ્લૅાસ્ટરને ખૂબ ભંભેરીને એ પિતાપુત્ર વચ્ચે ગેરસમજ અને ખટરાગ પેદા કર્યાં હતાં. ને એનાં કારસ્થાનને લીધે એડગર સગા બાપની છાયા છોડી એકલો જંગલમાં ભટકતો હતો. હવે એડમંડે આ પાલક પિતાનો પણ વિશ્વાસઘાત કર્યો અને લીઅરને મદદ કરવાનો એનો સંકલ્પ રીગન તથા કૅાર્નવૅાલને જાહેર કરી દીધો! કૅાર્નવૅાલે તત્કાળ ગ્લૅાસ્ટરને કેદ કરવાનું ફરમાન છોડયું. પણ એ તો ક્યારનો લીઅર પાસે પહોંચી ગયો હતો! એડમંડની વફાદારી પર મુગ્ધ થઇને કૅાર્નવૅાલે હવે તેના પિતાનું ઉમરાવપદ તેને બક્ષ્યું. રીગન ને ગૅાનરીલ બંને તેના પર મુગ્ધ બની રહ્યાં.

ગ્લૅાસ્ટર અને કેન્ટનો લીઅરના સાન્નિધ્યમાં મેળાપ થયો. કેન્ટે ફ્રાન્સના ઠાકોરને તથા કૅાર્ડીલિયાને મહારાજા લીઅરની દુર્દશાનો તાકીદનો સંદેશો મોકલ્યો. સંદેશો મળ્યો કે તરત કૅાર્ડીલિયા પિતાને મળવા માટે ફ્રાન્સથી નીકળી પડી, અને મહારાજા લીઅરના અપમાનનું વેર લેવા એનો પતિ પણ લશ્કર લઇને આવી પહોંચ્યો. કૅાર્ડીલિયા એના બાપને મળી. પણ લીઅરમાં કશા હોશ નહોતા. પોતાની યાદશક્તિ એ ખોઇ બેઠો હતો. કૅાર્ડીલિયાના શોકનો પાર રહ્યો નહિ. સ્મૃતિ પાછી પ્રાપ્ત કરાવવા તેણે સારામાં સારા ડૉક્ટરોને બોલાવ્યા.

લીઅરને કંઈક કરાર વળ્યો. એને ઝાંખી ઝાંખી સ્મૃતિ થવા માંડી. ભૂતકાળ એની આંખ આગળ આવીને ઊભો. દીકરીને એણે ઓળખી અને એ ચીસ પાડી ઊઠયો: 'કૅાર્ડીલિયા...બેટા...!' એને ગળે ડૂમો બાઝયો અને એકાએક બાળકની જેમ મોકળે હૃદયે એ રડી પડયો. કૅાર્ડીલિયા બાપને ગળે બાઝી પડી. એનાં આંસુ લૂછયાં ત્યાં પોતાનાં

ઉભરાયાં. બાપદીકરીના મેળાપની ધન્ય ઘડી સૌનાં હૈયાં ભીંજવી ગઈ.

ફ્રાન્સના ડયૂકે બ્રિટન પર ચડાઈ કરી તે સમયે કૉર્નવાલ અને આલ્બનીની વચ્ચેના સંબંધો વણસ્યા હતા. છતાં સમય વરતીને બંને એક થયા. એમના જાસૂસોએ વિશ્વાસઘાત કરનાર ગ્લૉસ્ટરને પકડી આણ્યો. કૉર્નવૉલ અને રીગનને તેને ખૂબ ત્રાસ આપ્યો અને તેની આંખો ફોડી નાખવાનો સૈનિકોને હુકમ કર્યો. એક નિરાધાર કેદી પ્રત્યે આવો ક્રૂર અમાનુષી વર્તાવ થતો જોઈને એક સૈનિકનું લોહી ઊકળી આવ્યું. તેણે નમ્રતાપૂર્વક આ હુકમ માનવાનો ઈન્કાર કર્યો. રીગનની આંખમાં ખુન્નસ આવ્યું. એક ગુલામનો આ પડકાર સાંભળીને કૉર્નવૉલે તેની સાથે તલવારનું જ નિશાન લીધું. સૈનિકે પણ તેનો સજ્જડ સામનો કર્યો. કૉર્નવૉલની તાતી તલવાર એ સિપાહીના શરીરની આરપાર નીસરી ગઈ, પણ મરતાં મરતાં તેણે ય કૉર્નવૉલને એવો મરણતોલ ઘા કર્યો કે કૉર્નવૉલ તમ્મર ખાઈને ઢળી પડયો. રીગનની માવજત છતાં તે બચ્યો નહિ. ગ્લૉસ્ટરનાં રત્ન તો ગયાં તે ગયાં જ.

પતિના મૃત્યુથી એક રીતે રીગનના ચિત્તને મોકળાશ મળી ગઇ. તેનું હૃદય કેટલા ય સમયથી એડમંડનો સહવાસ ઝંખતું હતું. હવે એ ધન્ય અવસર પાસે આવ્યો જાણી તેના અંતરમાં સુખદ રોમાંચ થવા લાગ્યો. પરંતુ......ગૉનરીલ, મોટી બહેન...એ ય એડમંડને ક્યારની ઝંખતી હતી! કદાચ એડમંડ એને વશ થશે તો?...ના, હજુ ગૉનરીલનો પતિ જીવતો છે; એને ક્યાંથી એ મોકો મળવાનો?...સ્વપ્નોના મીઠા ઘેનમાં એ ડૂબી.

ગૉનરીલ પણ એડમંડનાં સપનાં માણી રહી હતી. એનો પતિ આલ્બની એને આડખીલીરૂપ લાગતો હતો. લીઅરની દુર્દશા સાંભળી આલ્બનીને ખૂબ વેદના–શરમ લાગતી હતી. ફ્રાન્સની સામે યુદ્ધ કરવામાં હવે તેને કશો ઉત્સાહ કે રસ ન હતો. ગૉનરીલ એનાથી કંટાળીને એડમંડ તરફ ખેંચાતી ગઈ: 'કેવો કામણગારો એડમંડ! એનો સહચાર કેવો મીઠો! સુંદરીનું સદ્‌ભાગ્ય હોય તો જ આવો સોહામણો સાથી મળે! એની હૂંફ મળશે? ક્યારે?' એણે નિસાસો નાખ્યો: 'પ્રિય...એડમંડ! હૈયું તો મેં ખોયું...હવે આ દેહ તારો ક્યારે થશે?' અને એના બે હોઠનો મંદ બુચકારો વાતાવરણમાં પ્રસરી ગયો.

અને એ સહેજ ચમકી! એનો સ્નેહસંભ્રમ સરી ગયો. એનો કામપુરુષ અલોપ થઈ ગયો. સામે હતો એનો પતિ! તુચ્છકારથી એને એ જોઇ રહી: 'ક્યાં એનો કામપુરુષ ને ક્યાં આ પુરુષ!'

મિજાજમાં એ ઊભી રહી. આલ્બનીએ કતરાતી નજરે તેને કહ્યું: 'તારા વૃદ્ધ પિતાના સમાચાર સાંભળ્યા! એમનું દિમાગ ખસી ગયું છે!'

'તમે તમારું કામ સંભાળો. ફ્રાન્સની સામે લડવા જતાં ડર લાગ્યો? ડરપોક!...'અને બંને ખૂબ ઝગડયાં. તોરમાં ગૉનરીલ ચાલી ગઈ. ગ્લૉસ્ટરને આંધળો કરી નગર બહાર ધકેલી મૂકવામાં આવ્યો છતાં રીગનને જંપ વળ્યો નહિ. એને જીવતો જવા દેવા બદલ તેને હવે પસ્તાવો થયો. કદાચ દુશ્મનને એ ગુપ્ત માહિતી આપી દેશે તો? એથી એણે તત્કાળ એની કતલ કરવા ઑસ્વાલ્ડને મોકલ્યો. ગ્લૉસ્ટર અથડાતો–કુટાતો જંગલમાં ભટકતો હતો ત્યાં એક ગામડિયા જવાને તેને જોયો. એણે આ વૃદ્ધનો હાથ પકડી તેને દોરવા માંડ્યો. વૃદ્ધની આંખ ભીની થઈ. એને એનો પુત્ર એડગર સાંભર્યો: 'એ બિચારો એકલવાયો જીવ ક્યાં ભટકતો હશે?' આ જવાનની માયા-મમતાથી ગ્લૉસ્ટરનું હૈયું ઊભરાઇ આવ્યું. જવાને પ્રેમથી તેની અંધ–અંધ આંખોના ખૂણા લૂછ્યા...ત્યાં ગ્લૉસ્ટરને શોધતો ઑસ્વાલ્ડ આવી પહોંચ્યો. અંધ ગ્લૉસ્ટરની સામે તેણે પડકાર ફેંકી તલવાર ઉઠાવી. નિરાધાર ગ્લૉસ્ટરે મોતને ભેટવા ગરદન ઝુકાવી, પણ ઑસ્વાલ્ડનો હાથ હવામાં જ રહી ગયો! એની તલવાર સામે બીજી તલવાર તોળાઇ રહી હતી. ગ્લૉસ્ટર વતી પેલા જવાને તેનો પડકાર ઝીલી લીધો. બંને વચ્ચે જંગ જામ્યો. ઑસ્વાલ્ડના તમામ દાવપેચ નિષ્ફળ બનાવીને એ જવાને તેના કાળજામાં તલવાર પરોવી દીધી! રોષ અને વેદનાની ચીસ પાડતો ઑસ્વાલ્ડ ઢળી પડ્યો. ગ્લૉસ્ટરે ખુદાનો આભાર માન્યો જુવાનને ઉમળકાથી ભેટવા તેનું હૈયું તલસી રહ્યું. ત્યાં તો એ જ સામેથી ધસીને તેની વિશાળ છાતી પર માથું નાખીને રોઇ પડ્યો: 'બાપુ! બાપુ! મને ન ઓળખ્યો? હું તમારો એડગર......'

ઑસ્વાલ્ડના ખિસ્સામાંથી એડગરને એક પત્ર મળ્યો. એ વાંચતાં જ તે ચમકી ઊઠયો. એની આંખ સમક્ષ એડમંડની મૂર્તિ તરવરી રહી. એને ઉદ્દેશીને જ આ પત્ર લખાયો હતો:

'યાદ છે ને આપણો સંકલ્પ? તક માટે ટાંપી રહેજે. જો એ વિજેતા બનીને આવશે તો આપણાં સોહાગનાં શમણાં ખતમ થવાનાં. મારો દેહ ફરી પાછો એને સોંપવો પડશે. તું એ આપત્તિમાંથી મને નહિ ઉગારે? અને તારા ઇનામ તરીકે...તું જ મને ભોગવ...

તારી સ્નેહાળ સેવિકા—ક્યારે હું તારી થઈશ?—ગૉનરીલ.'

એડગરે સંભાળપૂર્વક એ પત્ર ખિસ્સામાં મૂક્યો.

કૉર્ડીલિયાનો મેળાપ થયા પછી લીઅરનું મગજ ધીરેધીરે સ્વસ્થ થતું જતું હતું. કદીક ચિત્તભ્રમ થઈ આવતો પણ કૉર્ડીલિયાની માયાળુ માવજતથી ફરી હોશમાં આવી જતો. બાપદીકરી બંને એકબીજાના સાન્નિધ્યમાં સુખે દિવસો વિતાવતા હતા...પણ એ સુખના દિવસો પૂરા થઈ ગયા. કેટલાક અજાણ્યા સૈનિકોએ ઓચિંતો છાપો મારીને લીઅરને પકડી લીધો અને એને બહાર ખેંચવા માંડયો. એ બધા એડમંડના સૈનિકો હતા. રણમોરચે બ્રિટનની જીત થઇ હતી, કૉર્ડીલિયાનો પતિ પરાજિત થયો હતો. બાવરી આંખે લીઅર તાકી રહ્યો. આ એકાએક શું બન્યું તેની તેને ગમ પડી નહિ. સૈનિકો એને બહાર ખેંચી જવા લાગ્યા ત્યાં એકદમ આક્રંદ કરતી કૉર્ડીલિયા એને પગે વળગી પડી: 'ભાગ્ય ફૂટી ગયાં આપણાં! ખુદા પણ આપણો ન રહ્યો, બાપુ!'

વૃદ્ધ લીઅરનાં આંસુ કૉર્ડીલિયાના મુખને ભીંજવવા લાગ્યાં. બીજા સૈનિકોએ કૉર્ડીલિયાને બાપથી વિખૂટી કરી. બંનેને એડમંડના અંકુશ હેઠળ લઈ જઈ ત્યાંથી તેમને કારાવાસમાં પૂરી દેવામાં આવ્યાં.

બ્રિટનમાં વિજયનો ઉત્સવ મચી રહ્યો. રીગનનો ઉન્માદ માતો ન હતો. એડમંડને સત્કારવા એ ઉત્કંઠ બની રહી. એનો સૌભાગ્યદિન હવે હાથવેંતમાં હતો. 'એડમંડ હવે એનો અને એ એની......પણ ગૉનરીલ?......' એ તુચ્છકારથી જરા હસી: 'એ બિચારી હાથ ઘસતી રહી ગઈ! આલ્બની હયાત છે ત્યાં સુધી.........અમારું સૌભાગ્ય જોયા કર ને જલ્યા કર! બિચ્ચારી ગૉનરીલ!'

ગૉનરીલ પણ એડમંડનું જ ધ્યાન ધરતી હતી. એ વિજેતા બનીને આવ્યો. પરંતુ......એનો માર્ગ બંધ હતો. ત્યારે આખરે શું રીગન જ પોતાના શોધેલા ખાવિંદને ખેંચી જશે? આના કરતાં યુદ્ધમાં પરાજય થયો હોત તો?......રીગન! હરામી રીગન......! 'એના મગજમાં ભયંકર વિચાર ઊગ્યો. એના હાથની મૂઠી વળી ગઈ.

આલ્બની અને એડમંડ બંનેનું ભારે સ્વાગત થયુ. રીગન અને ગૉનરીલ બંને કામનાભરી આંખે રઢિયાળા એડમંડને નીરખી રહી. એના ગર્વનો પાર ન હતો: બબ્બે સત્તાધીશ સુંદરીઓ એની સેવા માટે તરફડતી હતી. સત્તાના તોરમાં આલ્બનીનો પણ અનાદર કરીને

તેણે પોતાની સહીથી ફરમાનો બહાર પાડવા માંડયાં! રાજા લીઅર અને કૉર્ડીલિયાને સળિયા પાછળ ધકેલવામાં પણ તેનો જ હુકમ હતો. આલ્બનીને એ વાત જરા પણ રુચિ ન હતી. બાપ-દીકરી બન્નેને માનભેર મુક્ત કરવાના તેના મનોરથ હતા.

એડમંડે ગર્વમાં આવી માઝા મૂકી એટલે છંછેડાએલા આલ્બનીએ તેને વાર્યો—ડાર્યો: 'મહાશય, તમે વિજેતા છો તે ભલે, પણ તમારો ઉપરી હું છું; ફરમાન કરવાનો અધિકાર મારો, તમારો નહિ, સમજ્યા?'

એડમંડ ખસિયાણો પડી ગયો, ત્યાં તો રીગન વચમાં કૂદી પડી: 'હું એને અધિકાર બક્ષું છું. એ પણ તમારો સમકક્ષ છે.'

ગૉનરીલે લાગ જોઇને ટોણો લગાવ્યો: 'એના કરતાં એની ધણિયાણી જ થઈ જાને, એટલે પત્યું!' રીગને એ પડકાર ઝીલી લીધો: 'મારી તબિયત અત્યારે લથડી છે. પણ હું અહીં ઊભેલાં તમામની સાક્ષીએ એડમંડને મારા ખાવિંદ તરીકે સ્વીકારુ છું.'

સહુ સહક થઈ ગયાં! આંગળાં કરડતી ગૉનરીલ ચોંકી પડી: 'તું ખરેખાત તેને પરણવા માગે છે?'

આલ્બનીએ ચાબખો વીંઝ્યો: 'કેમ, તારો શો વિચાર છે?' અને આ બધો ફજેતો જોઇને એકદમ સખ્તાઇથી સત્તાનો દોર તેણે પોતાના હાથમાં લીધો અને એડમંડને ત્યાં જ બંદીવાન બનાવ્યો. એડમંડ સાથે અઘટિત સંબંધ રાખવા બદલ ગૉનરીલને પણ બરાબર સકંજામાં સપડાવી.

એડમંડે તમામ આક્ષેપોનો ઇન્કાર કર્યો. આલ્બનીએ દ્વંદ્વયુદ્ધનો પડકાર ફેંક્યો. એડમંડ સજ્જ થયો, ત્યાં જ કોઈક યુવાન અધીરાઇથી અંદર ધસી આવ્યો. એના હાથમાં નાગી તલવાર હતી. તેણે એડમંડની સામે તલવાર તાકીને તેને ફટકાર્યો: 'દગાબાજ! બાપને દગો, ભાઇને દગો, આ નેકદિલ રાજવીને પણ દગો?—ખૂની! હિચકારા! મર્દ હો તો કર મારો મુકાબલો!'

'જાટ્ઠો! કોણ છે તું? નરાતાલ જુઠ્ઠાણું!'

'આ રહ્યો સબૂત?' અને એણે આલ્બનીને ઑસ્વાલ્ડ પાસેથી પ્રાપ્ત થએલો ખાનગી પત્ર સોંપ્યો. ઑસ્વાલ્ડની પાસેથી મળેલા પત્રની વાત જાણી ગૉનરીલનું લોહી ઊડી ગયું. એડમંડે પડકાર ઝીલી લીધો. એકાએક રીગનનું માથું ભમવા માંડયું. એ ચક્કર ખાઇને ભોંય પર પડી. આલ્બનીએ તેને સારવાર માટે મોકલી દીધી.

એડમંડે ઉશ્કેરાઈને તલવાર વીંઝવા માંડી, પરંતુ ઝનૂને ચડેલા યુવાને તેને થોડી વારમાં થકવી નાખ્યો અને એક આબાદ ફટકો લગાવી તેની તલવાર ઉડાડી દીધી.

એડમંડ પડયો એવો જ યુવાને પોતાની તલવારથી તેને જમીન સાથે જડી દીધો.

ગૉનરીલ ચીસ પાડતી દોડી ગઈ. એના જીવનમાં હવે ક્યાંય આરો-ઓવારો રહ્યો ન હતો.

છેલ્લો શ્વાસ લઈ રહેલા એડમંડની સમક્ષ એ નવજવાને પોતાની ઓળખાણ આપી. એ એડમંડનો ભાઈ એડગર પોતે જ હતો! એડમંડના પસ્તાવાનો પાર ન રહ્યો. એનાં પાપ એની છાતી પર ચડી બેઠાં. ત્યાં એકદમ 'બચાવો, બચાવો'ની બૂમ નાખતો ચોકીદાર દોડી આવ્યો. એના હાથમાં લોહી નીંગળતું ખંજર હતું: 'મહારાજ! ગજબ...ગજબ...' એનો શ્વાસ માતો ન હતો.

'શું થયું?' આલ્બની ચમકીને બોલી ઊઠયો.

'મહારાજ...આપનાં...પત્ની...ખૂ...ન...'

'કોનું ખૂન!?' આલ્બનીનો શ્વાસ અધ્ધર થઈ ગયો!



એડમંડના સૈનિકો વચ્ચે બંદીવાન રાજા લીઅર અને કૉર્ડીલિયા (ચિત્રકાર • ગૉર્ડન બ્રાઉન)

'આપનાં પત્નીએ એકરાર કર્યો છે કે રીગનને પોતે ઝેર દીધું છે— અને એટલું બોલીને આ ખજર તેમણે પોતાની છાતીમાં હુલાવી દીધું.'

સહુ સડક બનીને સાંભળી રહ્યા!

ત્યાં ક્ષીણ, ડૂબતા માણસના અવાજ જેવા શબ્દો સંભળાયા. એડમંડ ક્ષમા માગતો હતો: 'મહારાજ, એ પાપ મારે શિરે છે. મારી જ લાહ્યમાં બે બહેનો કમોતે મરી. મેં જ મારા બાપનો વિશ્વાસઘાત કીધો, ભાઇને દેશવટો દીધો! હવે કયામતનો દિન...પણ ઝડપ કરો! છેલ્લું પુણ્ય કરી લઉં. કોઈ દોડો. મહારાજા લીઅરને બચાવો, કૉર્ડીલિયાને છોડાવો. મેં એ બંનેને ફાંસી દેવાનું ફરમાન મોકલ્યું છે! અરે કોઇ દોડો...' અને એનું મોં ખુલ્લું જ રહી ગયું. એનું પ્રાણ પંખેરું ઊડી ગયું!

એડગર વીજળીવેગે દોડયો...પણ સામે જ લીઅર દેખાયો. એના વાળ વિખરાએલા હતા. શબ જેવો એનો દેખાવ હતો. આંખોના ડોળા ફાટી ગયા હતા. એના ચહેરા પર કાળનો પંજો પડેલો દેખાતો હતો. એના હાથમાં કૉર્ડીલિયાની લાશ હતી; 'લ્યો આ કૉર્ડીલિયા, ખુદાનો ઈન્સાફ દેખો. જુવાનીને મોત દીધું; બુઢાપાને ઝિંદગી! કૉર્ડીલિયા...ઓ ગઈ ખુદાના દરબારમાં! ઓ રહી...ઓ...ઓ... કૉર્ડીલિયા...' અને એણે જોરથી પોતાનું મસ્તક બે હાથે પકડયું. એના મગજમાં શૂળ ઊપડી, આખો દેહ ધ્રૂણી ઊઠયો, એના ડોળા ફાટી ગયા અને એ જમીન પર ઢગલો થઈને પડયો. એના મગજની નસ તૂટી ગઇ હતી!

આત્મકથાનક
૬૫

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
રવિશંકર
રાવળ



મારો નાનો ભાઈ મણિશંકર
ઈ. ૧૯૦૯માં કરેલો સ્કેચ

૧૫૬ અમદાવાદનો ઉતારો

અમદાવાદમાં ઊતરવાની સોઇ, તથા એક દિવસ વહેલા જવું, પરીક્ષાનું સ્થાન ને બેઠકનો નંબર જોઇ આવવાં, એકબીજાને મળવા માટે પરસ્પરના ઉતારાનાં સરનામાં લેવાં વગેરે કામ ચાલ્યું.

અમદાવાદમાં ઊતરવાનું સ્થાન મારે માટે નક્કી જ હતું. ભાવનગરમાં અમારા કુટુંબના નિકટના નાતીલા, મારા પિતાશ્રીના નામેરી—બીજા મા'શંકર રાવળ બે પેઢીથી લાતીનો વેપાર કરતા હતા. તેમનાં પત્ની પાર્વતી ફઇબા સાણંદના સંબંધે મારા પિતાશ્રીને ભાઈ ગણતાં. તેમનાં પુત્રી મણિબેનને અમદાવાદમાં ખાડિયા ચાર રસ્તા પર રહેતા શ્રી તાપીશંકર પાઠક સાથે પરણાવેલાં. મણિબેનના ભાઇ ચૂનીભાઇ રાવળ, મારા મોટા ભાઈ રતિલાલ અને તાપીશંકર પાઠક સમવયસ્કો હતા, અને એક વાર તાપીશંકર ઘણા દિવસ ભાવનગર આવી રહેલા ત્યારે અમારા ઘરને તેમનો સારો પરિચય થએલો. તેમનો મધુર શાંત સ્વભાવ સૌને ગમી ગએલો. એમ કહેવાતું કે અમદાવાદમાં આવો શાંત મિલનસાર જમાઈ કોઇને જ મળે. તેઓ કહી ગએલા કે પરીક્ષા વખતે રવિને અમદાવાદમાં મારે ત્યાં જ રાખીશ. એટલે પાર્વતી ફઈબાએ ચૂનીભાઈ પાસે મણિબેન ઉપર મારા માટે પરીક્ષાના બધા દિવસો સંભાળ રાખવાનો કાગળ લખાવી દીધો હતો.

સોમવારે પરીક્ષાઓ શરૂ થવાની હોઈ રેલવે કન્સેશનવાળી અમારી ટોળી શનિવારે સાંજે ભાવનગરથી ટ્રેનમાં ચડી. ઘણાએ નીકળવાનાં મુહૂર્ત જોયાં હશે, પણ અમે નીકળ્યા તે સમય બરોબર યમઘંટનો હતો! અપશુકનિયાળ મુહૂર્તમાં સમજીને નીકળવાની અમારી સાહસવૃત્તિ માટે અમે મગરૂર હતા. રેલવે કન્સેશનનો લાભ મળતો જોઈ કેટલાક ખાનદાનના નબીરાઓએ સેકંડ ક્લાસમાં મુસાફરી કરી. થર્ડ ક્લાસમાં પણ આવી લાંબી મુસાફરી રેલવેમાં કરનારા ઘણા હતા. વીરમગામના સ્ટેશને મને બેનનાં સાસરિયાંમાંથી એક-બે જણ અને મગનભાઈ શુક્લ મળવા આવ્યા હતા, તેમણે અમને અમદાવાદની મોટી ગાડીમાં ફેરવવા મદદ કરી. રાત માટેના બિસ્તરાનો અને પરીક્ષાના દરેક વિષયની ચોપડીઓનો ભાર ઠીકઠીક હતો.

અમદાવાદના સ્ટેશને વિદ્યાર્થીઓને લેવા આવનારાની સંખ્યા પણ ઠીક હતી. શ્રી તાપીશંકર પાઠકના ઘેરથી તેમના પિત્રાઈ જીવણભાઇ મને તેડવા આવ્યા હતા. બહાર નીકળ્યા ત્યાં ઘોડાગાડીઓનો પાર નહોતો. પણ અમે તો મજૂર પાસે સામાન ઉપડાવી ખાડિયા ચારરસ્તાને નાકે ચાલતા જ પહોંચી ગયા. રસ્તા પરના એક બારણામાંથી પ્રવેશવાના સાંકડા પણ ઊંડા ઘરમાં નાનકડા ચૉકની પરસાળમાં મણિબેન પૂજા કરી રહ્યાં હતાં, તેમણે ઘણા હેતથી મને આવકાર્યો અને જીવણભાઇને સૂચના આપી કે પાછા ખબર કાઢી જજો. એ વખતે તાપીશંકરભાઈ બહારગામની નોકરીમાં હતા.

૧૫૭ ઈ. ૧૯૦૯નું અમદાવાદ

એ સમયે (અમદાવાદનો આજનો એક મુખ્ય અને ગીચ રાજમાર્ગ) રીચી રોડ (હાલમાં ગાંધી રોડ) નવાં કપાણો કરીને તાજો જ પાડેલો હતો. ઘણાં કપાએલાં ઘરો તેના સાક્ષી તરીકે ઊભાં હતાં. અસલના કાળુપુર રોડની દુકાનો હજુ રોનકવાળી ગણાતી. પણ આ નવો રસ્તો મોટો ગણાતો. એના ઉપર ઘોડાગાડીઓની દોડાદોડ જોઇને હું તો છક્ક થઇ ગયો. મોટરનું તો એ સમયે સ્વપ્નું ય નહોતું. મિલના મોટા શેઠિયાઓની બગીઓ અને તેના ફૂમતાંવાળા ઘોડા સૌમાં ભાત પાડતાં. રસ્તા માત્ર મેટલના જ ધૂળથી દબાવેલા, એટલે ધૂળ ખૂબ ઊડતી. રીચી રોડના ફુવારા (જે ત્યાર બાદ ખસેડીને માણેકચોકમાં મુકાયા છે)ની આગળ ચાંદલા ઓળમાંથી ચાલ્યું આવતું કાળુપુરનું નાળું એક મોટા સાપની જેમ પડચું હતું અને પાનકોર નાકેથી વળાંક લઇ છેક આસ્તોડિયા રોડ પર નીકળતું હતું, એટલે તેના કાંઠાની દુકાનો આગળ તો ઊભા રહેવાની યે માંડ જગ્યા રહેતી.

મણિબેને મારા માટે જ રસોઈ કરેલી. અમદાવાદી સાંકડા ઘરમાં પણ રાચરચીલું ભરેલા અંધારા ઓરડાની પાછળ બીજો નાના ચોક ને રસોડું હતાં. ઘરમાં નળ હતો. ગટર ખુલ્લી, બહાર રસ્તા પરની ખુલ્લી ગટરમાં જતી. સંડાસના ડબા રોજ સફાઈવાળા લઈ જતા. એમ એ નાનકડું ભર્યુંભર્યું ઘર સરિયામ રસ્તા પરની એક મોંઘી મિલકત હતું.

જમીને તેમના એક સંબંધી યુવાન સાથે, સરનામાં પ્રમાણે બીજા મિત્રોનો પત્તો મેળવવા નીકળી પડચો. ગયા વર્ષે પાસ થએલા મિત્રોમાંના એક-બે મેડિકલ કૉલેજમાં દાખલ થયા હતા તે મળ્યા એટલે મારા ભોમિયાને મેં છૂટો કરી અમદાવાદમાં જૂના થએલા એ મિત્રો સાથે ફરવા માંડચું. ચાલતાં ચાલતાં શહેર જોતાં જોતાં લાલ દરવાજે બાંધેલા મંડપોમાં જઇને નંબરો પ્રમાણે જગ્યાઓ જોઈ લીધી અને દીવાબત્તી પહેલાં મુકામ પર હાજર થઇ ગયો. રાત્રે સૌ પહેલી પરીક્ષાની ચોપડીઓ પર છેવટની નજર નાખી લીધી. બીજે દિવસે મણિબેને વહેલી રસોઈ કરી નાખી હતી. શુકનની લાપશી પણ ખવડાવી અને હું વડીલો અને ઈશ્વરનું સ્મરણ કરી સીધો લાલ દરવાજાના મંડપે પહોંચ્યો. રોજના બે પરીક્ષાપત્રો થતા. સાંજે છૂટતાં સૌ મિત્રો ભેગા થઈ જતા અને સાથે પાછા ફરતાં જેમજેમ પોતાનો મુકામ આવતો જાય તેમ છૂટા પડતા. આમ પરીક્ષાના ચારે દિવસ દુનિયા ક્યાં ચાલે છે તેનો વિચાર જ આવતો નહિ. છેલ્લે દિવસે તો બાકી રહેલો એક જ વિષય હતો એટલે ત્રણ વાગ્યે ઘેર પહોંચી ગયો. ત્યાં મણિબેને કહ્યું: 'ભાઇ, આજ આપણી ન્યાતનું જમણ છે. ન્યાતનાં દર્શન કરવાની સારી તક છે. સાંજે ચાર વાગ્યે જીવણભાઈ તને તેડવા આવે ત્યારે મુગટો પહેરી સાથે જવાનું છે.'

૧૫૮ જ્ઞાતિનું દર્શન


ચાર વાગ્યે જીવણભાઇ મુગટાનો કછોટો મારી અને ખભે રૂમાલ નાખી મને લેવા આવી ઊભા: 'ચલો રવિશંકરભાઇ; છોકરાંને મેં ન્યાતની વાડીએ રવાના કરી દીધાં છે તે આપણા માટે જગ્યા રાખશે.

ફક્ત પાણીનો લોટો અહીંથી ભરી લો.'

અમદાવાદની લહાણા-વહેવારની ન્યાત ચોરાશી ન્યાતમાં મુખ્ય. તેમાં ફક્ત ન્યાતના ચોપડે નોંધાએલાં, બાપદાદાથી વ્યવહાર કરતાં આવેલાં ઘરોનો જ જમવાનો અધિકાર. બહારગામથી આવેલાં મહેમાન-સગાં જે ઘરનો સંબંધ હોય તેની સાથે જ ત્યાં દાખલ થઈ શકે. ૨૨૦૦ ઘરની અને તેના કુડીબંધ વ્યવહારો તથા જમણોના લાગા સાચવનારી તેમજ બહારના અન્ય જ્ઞાતિબંધુઓને 'બારખલા' કે 'ધોવાએલા' ગણનારી અમદાવાદની ઔદીચ્ય ન્યાતની ધાક આસપાસની ફરતી દશક્રોઇમાં ભારે હતી. ત્યાંની કન્યાઓ અમદાવાદની જ્ઞાતિ સ્વીકારે, પણ અમદાવાદની જ્ઞાતિની કન્યા બહાર જઈ શકે નહિ! બહારના કોઇ અમદાવાદની જ્ઞાતિમાં ભળવા માગે તો નિયમ પ્રમાણે એક ન્યાત જમાડે ત્યારે જ તેનું નોતરું-લહાણું ચાલુ થાય; છતાં તેની ગણતરી તો 'ધોવાએલા'માં જ થાય!

જીવણભાઈ સાથે દોલતખાનામાં આવેલી ન્યાતની વાડીમાં જમવા ગયો. ત્યાં દરેક નાનુંમોટું સ્ત્રી-બાળક રેશમી વસ્ત્રો અને મુગટા પહેરેલું પ્રવાહની પેઠે દાખલ થતું હતું. દૂર રહેતાં કેટલાંય કુટુંબો તો બે વાગ્યાથી ઘેરથી નીકળતાં. છોકરાંઓ નિશાળો છોડી આવતાં. કેટલીક પંગતો (પંક્તિઓ) ન્યાતની જગ્યાની બહાર રસ્તા ઉપર પડવા માંડી હતી અને નાકા પરથી બીજા લોકોની આવજા રોકવા માટે આડી પાટ નાખીને ત્યાં કેટલાક પટેલિયા અને મજબૂત જુવાનો બેઠા હતા. તેમની આગળ થઈ ને અમે સીધા અંદરની જગ્યામાં ગયા. ત્યાં પંગતો પડી ગઈ હતી. જીવણભાઈના જૂથે એક ઠેકાણે અમારી જગ્યા રાખી હતી. ત્યાં તેઓ મને લઈ ગયા અને એક જુવાન પાસે બેસાડી તેને સૂચના કરી કે બરોબર પીરસાવજે.

મેં ચારે કોર અવલોકન કર્યું તો જુદાંજુદાં જૂથોએ પોતપોતાની જગ્યાઓ રોકી હતી, ત્યાં પાછળથી આવતા સંબંધીઓને બેસાડતા હતાં. બૈરાંની પંગતમાં પણ એવી જ ગોઠવણ હતી. રસોડા આગળ દરેક જૂથના જુવાનિયા કેડ પર ટુવાલો બાંધી શાકદાળ કે વડીના ટોપલા હાથ કરવા ગોઠવાઈ ગયા હતા. તે જ પ્રમાણે એક ટોળું લાડુના ભંડાર પાસે જમા થયું હતું. થોડી વારે, વૈષ્ણવ-મંદિરનાં કમાડ ઊઘડે ને જેવો ગોકીરો થાય તેમ ધડાધડ ટોપલા ઊંચા પકડી જુવાનો



તેના માથા પર શાકનું કમંડળ ઠલવી દીધું

દોડતા પંગતોમાં ઊડયા અને સીધા પોતપોતાના જૂથને પીરસવા લાગ્યા અને જે કંઈ ટોપલામાં વધ્યું તેનો, ત્રણચાર પત્રાળાં ભેગાં કરીને વચ્ચોવચ મૂકી, તે પર ઢગલો કરીને ટોપલા ખાલી કરી પાછા લઈ ગયા. દાળનાં ભરેલાં બેત્રણ કમંડળો તો રોકી જ રાખ્યાં હતાં. એટલે જ્યારે લાડુ આવ્યા ત્યારે તો પંગતો કુદાવીને પણ પોતાનાં જ માણસોમાં તે પીરસી દીધાં; તે જ પ્રમાણે પોતપોતાના જૂથના સ્ત્રીમંડળને પણ પહોંચાડયું અને બીજી વાર જરૂર પડે ત્યારે લેવાને વધારે લાડુ બીજી પત્રાળીઓમાં ઢગલા કરી સામે રાખ્યા; અને પછી, બાજુના ટોળાને મળ્યું કે નહિ તે જોયા વિના, ખાવા માંડયું. એક વૃદ્ધે શાક લઈ જતા જુવાનનો મુગટો ખેંચી 'અહીં આપતો જા' બોલ કહ્યો ન કહ્યો, ત્યાં તો જુવાને ઉશ્કેરાઈ તેના માથા પર શાકનું કમંડળ ઠલવી દીધું! બિચારો વૃદ્ધ શાકથી નાહી ગયો. કોઈ ત્યાં વારવા કે રોકવા નવરું દેખાતું ન હતું. એક ખૂણે વળી જુવાનો વચ્ચે ખેંચતાણનું જુદ્ધ મચ્યું હતું. કોઈ વચ્ચે બોલવા જાય તો મજબૂત પઠ્ઠા જુવાનો બેસાડી દે એવો મામલો હતો. મારા સાથીઓએ કહ્યુ કે પહેલી પંગતમાં હમેશાં આમ જ થાય છે. કોઈક જ વાર શાંતિથી જમાય. આથી ઘણા માણસો બીજી પંગત સુધી રાહ જોઈ બેસી રહે છે. પણ કોઈ ન્યાતનું જમણ જવા ન દે. બીજી પંગતમાં એ ભય ખરો કે આગલી પંગતમાંથી બચેલા લાડુ પીરસાઈ જાય!

હું તો આ બધું જોઈ સમસમી ગયો અને હવે પછી કદી અમદાવાદની ન્યાતનું જમણ જમવાનો અભખરો રાખવો નહિ એમ મનમાં ગાંઠ વાળી. વર્ષો પછી એ જ્ઞાતિએ સુધારા કરવા માંડયા અને મૃત્યુવરા બંધ કરવા માંડયા, ભણેલા અને કેળવાએલા સંસ્કારી યુવાનોને આગેવાની મળી અને પટલાઈનો અસ્ત થયો ત્યાં સુધીનો સાચો ઇતિહાસ તે કાળનાં જ્ઞાતિનાં પત્રોમાંથી મળે છે. મેં જોયું તે જૂના યુગનું છેવટનું દૃશ્ય હતું. આજે એ વાડીની જગ્યામાં એક હાઇસ્કૂલ બની છે અને તેનું ભાડું જ્ઞાતિના કેળવણી-ફંડમાં જાય છે.

૧૫૯ ફરી મુંબાઇ અને નાસિક જતાં—થોડી ગરબડ

પરીક્ષા પૂરી થઈ હતી એટલે હું તો ન્યાત જમી તેને બીજે દિવસે ભાવનગર ભેગો થઈ ગયો. મૅટ્રિકનાં થોથાંને પ્રણામ કરી અભરાઈ પર ચડાવી દીધાં. દિવાળી પાસે આવતી હતી, નાનુભાઈનું મન બા-બાપુ પાસે જવા તલસી રહ્યુ હતું અને મને પણ રજાઓમાં મુંબાઈ પૂરું જોઈ લેવાની હોંશ હતી, એટલે એક દિવસ તેને લઈ મુંબાઈની સીધી ટિકિટ કઢાવી ગાડીમાં બેસી ગયા. પત્ર લખ્યા પ્રમાણે વીરમગામના સ્ટેશને મિત્ર મગનભાઈ શુક્લ હાજર હતા. પોતાના મિત્રોને પણ ઓળખાણ કરાવવા સાથે લાવ્યા હતા. એ બધાની મદદથી મુંબાઈની મોટી ગાડી (બ્રોડ ગેઈજ)માં ગોઠવાઈ ગયા. નાના ભાઈને સંભાળતાં ને વાતાંની મોજ માણતાં દિવસ વીત્યો. સાંજે ગાડી મુંબઈનાં સ્ટેશનો વટાવતી જતી હતી ત્યારે અમે બંને ગભરુ છોકરા માટે લોકોને કુતૂહલ થતું લાગ્યું. મુંબાઈમાં અમારા સંબંધી હરિભાઈ વ્યાસને ત્યાં ઊતરવાનું હતું. અમને લેવા તે સ્ટેશન પર આવશે જ એ વિચારે મને નિરાંત હતી.

ગાડી ગ્રાંટ રોડ જઈને ઊભી રહી એટલે ત્યાં લગભગ બધા મુસાફરો ઊતરી ગયા. અમારે ચર્ની રોડ ઊતરવાનું હતું, પણ મને કોઈએ ભરમાવ્યો કે ત્યાં ગાડી બે જ મિનિટ થોભશે, માટે અહીં જ ઊતરી જવું ઠીક છે. મારા મનમાં ચર્ની રોડ અને ગ્રાન્ટ રોડનો ભેદ વીસરાઈ ગયો અને નાનુભાઈને લઈ હું તો ઊતરી પડયો. પણ ક્યાં ય મારા યજમાન હરિભાઈ દેખાયા નહિ. એક પછી એક મુસાફરો બહાર નીકળી ગયા. છેવટે થાકીને એક મજૂર પાસે સામાન ઉચકાવી ભાઈને આંગળીએ રાખી હું બહાર નીકળ્યો, ત્યાં વિક્ટોરિયાવાળાએ ઘેર્યો.



અંતે એક બળદના એક્કાવાળાને ઠરાવ્યો

'ગોકળ ગલી ભૂલેશ્વરમાં જવું છે' એમ કહ્યું ત્યારે કોઇએ ભૂલ ભાંગી કે 'અહીંથી તે બહુ દૂર છે; તમારે ચર્ની રોડ ઊતરવું જોઇતું હતું.' પણ હવે તો ગમે તેમ કરી મુકામ પર પહોંચું તો જ ભૂલ સુધરે. વિક્ટોરિયાનાં ભાડાં સાંભળી હું હેબતાઇ ગયો. અંતે એક બળદના એક્કાવાળો મળ્યો. તેણે ઠેકાણે પહોંચાડવા આઠ આના માગ્યા, તે કબૂલ કરી બિસ્તરો-પેટી ચડાવી નાના ભાઇને સંભાળી અમારો મુંબઇના રસ્તા પરનો પ્રવાસ શરૂ કર્યો. કેટલીક વારે ભૂલેશ્વરમાં પહોંચ્યા. ત્યાં ગોકળ ગલી શોધી, પણ અંદર અંધારું! ગાડીવાળાને ભરોસે ભાઇને રાખીને હું અંદર દૂર સુધી પૂછતો ચાલ્યો: 'અહીં હરિભાઇ વ્યાસ રહે છે?' પણ મુંબાઇમાં પડોશી પણ કંઇ ન જાણે. નિરાશ થઇ હું આવ્યો ત્યારે એક્કાવાળો અરધી મરાઠી–અરધી ગુજરાતીમાં કકળાટ કરતો હતો. પણ હવે હું તેને છોડી શકું નહિ. ક્યાંક પણ પાકો મુકામ તો રાત્રે કરવો પડશે તેનો વિચાર કરી યાદ કર્યું કે કાલબાદેવી પર હાથી બિલ્ડિંગમાં એક લક્ષ્મી લૉજ છે ત્યાં મારા મોટા ભાઇના એક મિત્ર છોટાલાલ શાહ રહે છે. એટલે એક્કાવાળાને વીનવીને ત્યાં લઇ જવા કહ્યું. 'અરે સેઠ, તુમાલા કાંઈ ઠાવુક નાહીં. આતાં જાસ્ત પૈશા દીલા પાહીજે' એમ કહી તેણે એક્કો આગળ હાંક્યો.

કાલબાદેવી ભાંગવાડી સામે લઇ જઈ એક્કો ઊભો રાખી ગાડીવાળાએ કહ્યું: 'સામે હાથી બિલ્ડિંગ.' તેના પહેલા માળની અટારીમાં મોટો હાથી કોતરેલો હતો અને લક્ષ્મી લૉજનું પાટિયું હતું એટલે મેં તે મંજૂર રાખ્યું. ઉપર જઇને તપાસ કરવા તેને ઊભો રાખી હું દાદરા ચડી મૅનેજરની રૂમમાં ગયો: 'છોટુભાઈ શાહ ગ્રામોફોન કંપનીવાળા અહીં છે?' જવાબ મળ્યો: 'છે, પણ નાટક જોવા ગયા છે; બાર વાગ્યે આવશે.' એટલે મેં હિંમત કરી કહ્યું: 'હું તેમને જ મળવા આવ્યો છું અને એક રાત મારે જમવા તથા રહેવાની સગવડ જોઇએ છે. નીચે મારો ભાઇ સામાન સાથે એક્કામાં છે, તેને લઇ આવું? સામાન લેવા માણસ આપો તો સારું.' તેણે ઘાટીને મારી સાથે મોકલ્યો. એક્કાવાળાએ બહુ ભાંજગડ પછી એક રૂપિયો લીધો. મારે માટે બીજો કોઈ માર્ગ નહોતો. વિક્ટોરિયા કરી હોત તો શું યે ભાડું થાત. ઉપર પહોંચતાં જ મૅનેજરે ઘાટીને એક ઓરડાનો નંબર આપ્યો. ત્યાં સામાન મૂકી અમે જમવાના ખંડમાં ગયા. લગભગ બધા જ લૉજરો જમી ગયા હતા, છતાં ગરમ કઢી-ભાત ને રોટલી અમને મળ્યાં.

૧૬૦ છોટાભાઇ

રૂમમાં જઈ નાના ભાઇને સુવાડી દીધો. મને ઊંઘ આવી નહિ. એક તો પ્રવાસ પૂરતી જ ખર્ચી પાસે રાખી હતી અને લૉજનું બિલ શુંય આવશે તેનો ખટકો હતો. આવી રીતે સ્વતંત્રપણે મેં કદી ખર્ચ કર્યો જ નહોતો. પણ કોઇ રીતે છોટાભાઇને મળાય તો હું નિર્ભય બની જાઉં અને મારી ચિંતા તેને જણાવી દઉં. બધે જ શાંત થઈ ગયું હતું. માત્ર દાદરા આગળ દીવો બળતો હતો. બાર વાગ્યા પછી નીચેના દાદરેથી ત્રણચાર જણ વાત કરતા ચડતા સંભળાયા. હું દાદરા પાસે ગયો, તેમાંથી છોટાભાઇનો અવાજ ઓળખી કાઢ્યો અને જેવા તે ઉપર આવ્યા કે મેં તેમને બોલાવ્યા: 'છોટાભાઈ!' 'અરે! રવિભાઈ! તમને લેવાને તો હરિભાઇ સ્ટેશને ગયા હતા તેથી તો અમારી સાથે તે નાટકમાં ન આવ્યા. કેમ, તમને ન મળ્યા? તેણે તો તમને દિવાળીમાં અહીં રોકવાના ઠરાવી નાસિક કાગળે લખી નાખ્યો છે કે રાહ ન જોવી.'

મેં મારી ગેરસમજની વાત કરી: 'ગ્રાન્ટરોડ ઊતરી ભટકતો અહીં પહોંચ્યો છું. નાનો ભાઈ ન મૂંઝાય તેટલી હિંમત મેં બતાવી છે. પણ હવે હું એક દિવસ પણ વધારે અહીં રોકાઇશ નહિ. કાલ સવારે તમે ગમે તેમ મને નાસિકની ગાડીમાં બેસાડી દ્યો. અને બીજું એ કે મારી પાસે પૂરા પૈસા નથી. આ લૉજવાળાનું બિલ હાલ તમે ચૂકવજો; પૈસા હું મોકલી દઈશ.' તે હસ્યા: 'ગાંડાભાઈ હું મળ્યો છું પછી તારે કોઇ ફિકર ન રાખવી. જા સૂઈ જા.'

સવારે હું બહુ જ વહેલો ઊઠ્યો. પણ છોટુભાઈ ને રાતનો ઉજાગરો અને લહેરી સ્વભાવ, એટલે નિરાંતે સૂતેલા. ન રહેવાયું એટલે સાત વાગ્યે તેમના રૂમમાં જઈ બેઠો અને કંઈક નિમિત્ત કરી જગાડ્યા. તેમણે ચા-નાસ્તો મંગાવ્યો. હું અને નાનુભાઈ સામાન બાંધી તૈયાર હતા. તેમણે સૂટ પહેરી લીધો. મૅનેજર પાસે જઇ આવ્યા અને ઘાટી પાસે સામાન નીચે લાવી વિક્ટોરિયામાં મુકાવ્યો. અમારી સાથે બોરીબંદર સ્ટેશને આવી અમારી ટિકિટ લઈ આવ્યા અને મજૂર પાસે ઉપડાવી નાસિક એક્સપ્રેસમાં અમને બેસાડી દીધા. મેં તેમને નાસિક તાર કરી દેવા કહ્યું તે પણ તેમણે સ્વીકાર્યું અને વિશેષમાં કહ્યું: 'હરિભાઈ જાણશે ત્યારે નિરાશ થશે, હો! લૉજનો મૅનેજર તો તમને અજાણ્યા નાસી આવેલા છોકરાઓ માની આજે જવા ન દેત, પણ તમે મારું નામ દીધું એટલે સવારમાં તેણે ખાતરી કરી લીધી. હવે પહોંચીને મને અને હરિભાઇને પત્ર લખી નાખજો.'

એ વખતે છોટાભાઈ મને દેવદૂત જેવા સહાય કરનારા લાગ્યા. એમનામાં કોઇ પણ સંજોગોને પહોંચી વળવાની શક્તિ હતી. પાતળો સોટી જેવો તેનો ઠાઠ; કોટપાટલૂનમાં હોય ત્યારે મને શેરલૉક હોમ્સની આકૃતિ યાદ આવતી: એવું જ પાતળું અને ધારદાર નાક; સિગાર અને ચાના શોખીન; ખાય થોડું, પણ જીવનનો ભારે તરવરાટ. એ વ્યક્તિ બહુ જ અકાળે લુપ્ત થઈ. (ચાલુ)

કે. મહારાજા સયાજીરાવ ત્રીજા સ્મારક સંશોધન ઇનામી નિબંધ, ૧૯૬૪–૬૫

'ગુજરાત રાજ્યમાં ખનિજ-સંપત્તિ ઉપર આધારિત ઉદ્યોગો' એ વિષય ઉપર ઇનામી નિબંધ લખાવવાની આ હરીફાઈમાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, અમરેલી, વડોદરા, અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સૂરત અને વલસાડ જિલ્લાનો કોઇ પણ વતની ભાગ લઇ શકશે. શ્રેષ્ઠ નિબંધ લખનારને રૂ. ૩૦૦ ત્રણસોનું ઇનામ આપવામાં આવશે. નિબંધની શરતો વિષે નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો. નિબંધ તા. ૧૫, જૂન ૧૯૬૫ સુધીમાં મોકલવા. શ્રી ભોગીલાલ જ. સાંડેસરા, પ્રાચ્ય વિદ્યામંદિર, પો. બો. નં. ૭૬, વડોદરા.

જેમાં આવતી કાલને બાહુપાશમાં લેતી આજ ના આશ્લેષ જ્યારે છૂટી જાય છે

લેખક
જયંતીલાલ શાહ

આવતી કાલ! ભારતની આવતી કાલની વાત ઇતિહાસ પરમ-દિવસે કહેશે. આજની પંચવર્ષીય યોજનાઓ કદાચ કામયાબ નીવડશે તો દરેક ભારતવાસીને પોતાના વિકાસ માટે એકસરખી તક મળશે. રંક કોઈ હશે નહિ; રાય, માત્ર ભૂતકાળ યાદ કરી રાચતો હશે, બેકાર; બેરોજગાર વગેરે શબ્દો સંભળાશે નહિ અને ભીખ શબ્દ માત્ર કોષને શણગારવા પૂરતો વપરાયો હશે.

પણ આજે તો અશિતબરન મુખોપાધ્યાય ભિખારી છે. તે પતિ પણ છે ને પિતા પણ છે. દેખાય છે યે ભદ્રલોક જેવો, ખાનદાન અને સંસ્કારી. ચહેરો સોહામણો ને નમણો છે. શરીર ઊંચું ને તંદુરસ્ત. તેની પત્ની આજે પણ સુંદર લાગે છે. તેના બે પુત્રો અને બે પુત્રીઓને કિંમતી કપડાં પહેરાવી કોઈ રાજમહેલમાં મૂકો તો મહેલને શોભાવે; પણ હમણાં તો તેઓ શહેરની એક બસ્તીને ગજાવે છે.

બસ્તી એટલે અંધકાર, ગંદવાડ, રોગચાળાનું ઘર. કૉલેરા, શીતળા, મૅલેરિયા અહીં જન્મે છે ને સદાકાળ જીવે છે. જૂનાં, ભાંગ્યાંતૂટયાં સાધનોથી ઊભી કરેલી નાના કમરાઓની હારમાળા. ઉપર ટીન અથવા નળિયાંનું ચૂતું છાપરું. ધોબી, મોચી, સુથાર, કડિયા તથા મિસ્ત્રીઓનું ઘર. આજુબાજુ ભદ્રલોકોને રહેવાનાં ત્રણચાર માળવાળાં શાનદાર, સ્વર્ગીય મકાનો. સ્વર્ગની બાજુંનું નર્ક એટલે બસ્તી.

શોભારાણી મમરા વઘારતાં ગીત ગણગણતી હતી. અશિતબરને ચટાઈ પરથી છલંગ મારી, બારણાની બહાર નજર નાખી, ઝડપથી અંદર આવી શોભારાણીને ગાલે હળવેકથી ટપલી મારી.

'તમને આજે થયું છે શું? હાલતાં ને ચાલતાં નટખટવેડા! કંઈ કામ કરવા દેતા નથી? આજ સવારથી તમે ઘેલછા આદરી છે. હવે આ ઉંમરે આવાં તોફાન શોભે? છોકરાં જોઈ જશે તો? છી! છી!'

'તને શું થયું છે તે કહે જોઈએ. આજ, વર્ષોથી તું સૂનમૂન ઉદાસ અને ચીડિયણ બની ગઈ'તી. આજકાલ તું ગીત ગણગણે છે. હસુંહસું થાય છે. મારી સાથે મીઠુંમીઠું બોલે છે. તે છે શું, કહે જોઈએ!'

'મારો દીકરો આજે પહેલો પગાર લાવશે...'

'તારો દીકરો! અને મારો?'

'તમારો બેટો.' પતિ સામે તેણે આંખો નચાવી તીરછી નજર ઠેરવી.

'તારા મમરા બળી જાય છે. પછી મને ન કહેતી.'

'તે બળી જ જાય ને—આજે તમે ઉપાડો લીધો છે તે.'

મમરા હલાવતાં ફરી બોલી: 'તમે મને ભદ્રલોકની ઊતરેલી, ફાટેલી, થાગડથીગડ સાડી પહેરાવી, પણ મારો લાલ તો મને નવીનકોર સાડી પહેરાવશે. આજ દિવસ સુધી આ ભોંયરામાં રહ્યાં, હવે હવા-ઉજાસવાળી બે કમરાની ચાલીમાં રહીશું. પેટે પાટા બાંધી આટલા દિવસ કાઢયા, હવે પેટપૂરતું ખાવાનું મળશે. મારાં છોકરાંઓને મનમાનતું ખવડાવીશ, મનમાનતું લૂગડું પહેરાવીશ. કેટલા વર્ષે આનંદનો દિવસ આવ્યો છે તો આજે ગીત ન ગણગણું તો શું રોદણાં રડું?'

તેના આનંદનો પડઘો ન પડતાં તેણે ઊંચું જોયું તો પતિના મોં પર કાળી શાહી ઢળેલી જોઈ. તવો ચૂલા પરથી ઉતારી, ઝડપથી ઊભા થઈ તેણે પતિનો હાથ પકડયો. અશિતબરને, તેની તરફ એક નજર નાખી મોં ફેરવી લીધું.

'ખોટું લાગ્યું? માફ કરો. મને બોલતાં જ નથી આવડતું. આજે જ આવું કડવું બોલવું મને કેમ સૂઝયું? મને માફ કરો, રાજા!'

રાજા! એક વખત, તેની પ્રજા વિનાની રાજા-રાણીની બે જણની નાનકડી દુનિયામાં તે રાજા હતો. દુનિયા ભલે તેને ભિખારી કહેતી.

શોભારાણીની આંખમાં તેનું હૈયું ઝગારા મારતું અશિતબરને દીઠું ને હૈયાને કળ વળી: 'ના, ના, રાણી આજે રડ નહિ. આજે તો હસવાનો દિવસ છે. એ તો અમસ્તું જરા.' રાણીની સાડીના છેડાથી તેણે બન્નેના વિષાદને લૂછી નાખ્યો.

'હસ જોઇએ...જરા વધુ...હજી વધુ...' ને આંખને આંજતું સોહામણી રાણીનું યુવાનીનું રૂપ, શોભારાણીના ચહેરા પર છવાઈ જતું અશિતબરને જોયું—ને જોઈ જ રહ્યો.

'શું તાકી રહ્યા છો?' મદઝરતી આંખો તેના પર ઠેરવી, તેનો કાન પકડી રાણીએ પૂછ્યું.

'હવે છોકરાં નહિ જુએ? આ ઉંમરે આવાં તોફાન શોભે?'

ચાળીસે પહોંચતી રાણીએ, વીસ વર્ષની બની, બે હાથ વચ્ચે મોં છુપાવી દીધું.

'મા! બાબા!' કરતી દોડતી આવતી છ વર્ષની રેખાએ બાપને એ ઘૂંઘટ ખોલતો અટકાવ્યો. બેબીના રણકારે એ આપોઆપ ખૂલી ગયો.

'મા, તું શું કામ રડતી'તી?'

'જા જુઠ્ઠી! હું રડું છું કે હસું છું? આજે તું શું નવું શીખી આવી?'

'અગ્યાર એકા અગ્યારનો પાડો. મા,મા, કીકીને એના બાબાએ એક સરસ બિલાડી અપાવી. બિલાડી ઉંદરમામાને મોંઢામાં પકડી ઊંધાચત્તી ગોટીમડાં ખાતી'તી. મા, મને એવું અપાવ ને!'

'હવે તને એક નહિ, બે અપાવીશ.'

'સાચું?'

'સાચ્ચેજ! આજે છે ને, સુહાસભાઈ આટલા બધા રૂપિયા લાવશે.'

'તો તો હું પાટા પર ચાલતી, મોટી છુકછુક ગાડી લઈશ.'

'બધું અપાવીશ. ચાલ, પહેલાં નાસ્તો કરી લે.'

મા દીકરી તરફ એક મીઠી નજર નાખી અશિતબરન ચટાઈ પર આડો પડયો. પોતે છ વર્ષનો હતો ત્યારે માગ્યું રમકડું મેળવી શકતો. આજે તે એક રમકડું અપાવી શકતો નથી.

'કેવો રાજકુંવર જેવો લાગે છે!' કોઈ કહેતું.

'ચાલાક પણ કેવો?' બીજું કહેતું.

'ચાર વર્ષથી અશિત પહેલે નંબરે આવે છે.' બાપ કહેતા.

'મારી કૂખ ઉજાળશે મારો દીકરો.' મા કહેતી.

મૅટ્રિકમાં તે પહેલા વર્ગમાં પાસ થયો. એકનો એક લાડકો દીકરો એટલે લગ્નની ધૂંસરી ગળામાં વહેલી પડી. ત્યારે એ કોઈને ધૂંસરી નહોતી લાગી. માબાપને એ લહાવો લાગ્યો. દીકરાને મનગમતી સખી મળી.

વધુ લહાવા માબાપ ન લઈ શકયાં. સૃષ્ટિના અકળ નિયમ મુજબ બાપ એકાએક ગયા. તુરત મા પણ ગઈ અને પાછળ કરજનો વારસો રહ્યો. પૂરી ઓળખે તે પહેલાં તેને કૉલેજ છોડવી પડી. અશિત જાણતો હતો એ દુનિયા જ બદલી ગઈ. દયા, માયા, મમતા, સહાનુભૂતિની શોધમાં એ દોડતો રહ્યો તેમતેમ મૃગજળની જેમ આગળ ને આગળ

જતાં તેઓ હાથતાળી દઈ છટકી ગયાં. ધંધા માટે નહોતા પૈસા કે નહોતી આવડત. મજૂરી તો અભણ અને કમઅક્કલ કરે. નોકરી માટે તેનાં ફાંફાં શરૂ થયાં. માતાપિતાનાં સંબંધીઓ હવે તેને ઓળખતાં નહોતાં. જેણે તેને ઓળખ્યો તેનાં મીઠાં વેણ પૂરતી જ મીઠાશ રહી. કેટલાંકે લાચારી બતાવી ને બીજાંએ ઉદાસીનતા. મહાનગરના લાખો પ્રવૃત્તિમય લાગતાં લોકોને તે જતાંઆવતાં જોઈ રહ્યો. દરેકને પૂછવાનું મન થતું કે તમે શું કરો છો? કેમ જીવો છો? નોકરી કેમ મળી? પણ તેણે કોઇને ન પૂછ્યું. પૂછ્યું હોત તો તે મૂર્ખ કે પાગલ ઠરત.

મહિનાઓ વીત્યા. કંઈ કામ ન મળ્યું. અને મેળવવાની સૂઝે ય ન પડી. થોડા દિવસ બે ટંક ખાધું, પછી એક ટંક, ને છેલ્લે ચણા ફાકયા. દિવસે તે આથડતો ને રાત્રે પતિપત્ની એકબીજાની હૂંફમાં આનંદ માણતાં, અને સવાર ન પડવાની પ્રાર્થના કરતાં સૂઈ જતાં. પણ સવાર અચૂક પડતી. કામકાજ મળતું નહોતું. તેની કથની કોઈ સાંભળતું નહોતું. એવામાં એક સજ્જને સાંભળી.

'નોકરી નથી. પચ્ચીસ રૂપિયા લઈ જાઓ.'

'ના સાહેબ, હું ભીખ ન લઈ શકું; નથી લેવા માગતો.'

'નોકરી મળે ત્યારે પાછા આપજો, ભલા માણસ! લોન સમજો.'

અશિત કાં તો લે કાં તો ઝેર ઘોળે. ઝેર માટે (ય) પૈસા તો જોઇએ! તેણે અચકાતાં લીધા. નક્કી કર્યું: 'છૂટ થયે તરત પાછા આપી દઈશ.'

પછી તો લોન આપે એવા સજ્જનોની શોધ શરૂ થઈ. ઘણા શોધી કાઢ્યા. દયા ઉપર જીવનનિર્વાહ શરૂ થયો. પણ પૈસાની છૂટ ક્યારે ય ન થઈ એટલે લોન પાછી તો કઈ રીતે અપાય? ધીમેધીમે એ વાત વિસારે પડતી ગઈ.

માગવામાં પણ આવડત જોઇએ, ખૂબી જોઇએ. એ ખૂબીઓ તેણે સાધી. વ્યક્તિને જોતાંવેંત જ તેનું હૃદય, મન અને મિજાજ પારખવામાં તે પાવરધો બન્યો. કોઈની સાથે વાત શરૂ કરતાં પહેલાં જ નાસી છૂટતો. કોઈની સાથે બે બોલ બોલી તુરત પાછો ફરતો. કોઈ વાર એ જ વ્યક્તિને જળોની જેમ ચોંટતો. કેટલાકને ત્યાં અડ્ડો જમાવીને બેસતો. સમય મુજબ ક્યારેક પોતાને ફિટકારતો તો ક્યારેક દુનિયાને ભાંડતો. ચહેરા પર ફરમાયશ મુજબ ભાવો લાવતો. આંખમાં આંસુ સહજ લાવતો. કોઈ વાર તે બંગાળીમાં, હિંદીમાં કે અંગ્રેજીમાં ભીખ માગતો, તો કોઈ વાર મુદ્રા, સંજ્ઞા અને ભાવોની પરિભાષા વાપરતો. એમ એ એક કુશળ અભિનયકાર બન્યો, છતાં કોઈ નાટકકંપનીમાં કે ચિત્રપટની દુનિયામાં તેને કોઇએ કામ આપ્યું નહિ. અને આપ્યું હોત તો હવે તેને લેવું પણ નહોતું.

એક વખત એક સજ્જને તેને જબરદસ્તીથી નોકરી અપાવી. બીજે મહિને તેણે છોડી દીધી. સજ્જન ગુસ્સે થયા ત્યારે કહ્યું કે મારું નોકરીમાં પૂરું થતું નહોતું. માગવાથી વધુ પૈસા મળતા હતા.

હવે તેને માટે માન-અપમાનની કોઈ હસ્તી નહોતી. માનવજીવનના ગૌરવનું તેને કોઈ મૂલ્ય ન રહ્યું.

દયાળુ સજ્જનોની એક લાંબી નોંધ બનાવી અને દૈનિક યોજના મુજબ, ઑફિસોએ અને ઘેરઘેર તે દિવસે ભટકતો અને રાત્રે પતિપત્ની એકબીજાની હૂંફમાં આનંદ માણતાં. જોકે સવાર ન પડે એવી પ્રાર્થના હવે ન કરતાં, છતાં શાંતિ અને આનંદની રાત્રિની રાહ જરૂર જોતાં.

આમ યુવાની વીતતી ચાલી. વીતી ગઈ અને ચાર બાળકોની ભેટ આપતી ગઈ. માગવા માટે હવે જેમ સગવડ વધી તેમ એ કળા ઓર વિકસી. બાળકોનાં શિક્ષણ માટે હવે તેને પૈસા મળતા, બાળકોની માંદગી માટે પણ મળતા, અને તેની છોકરીના લગ્ન માટે પણ મળ્યા. દીકરીને વર પણ મળ્યો.

કોઈ પતિનો મિજાજ ઠેકાણે ન હોય ત્યારે તેની પત્નીને દયા આવતી. કોઈનાં મા-બાપને તો કોઈનાં પુત્ર-પુત્રીઓને દયા આવતી. અને એમ તેણે ચાર પંચવર્ષીય યોજનાઓ સફળ બનાવી.

આજે દીકરો તેનો પહેલો પગાર લાવશે. તેનો પગાર વર્ષે વર્ષે વધતો જશે. પણ બીજો દીકરો તૈયાર થાય અને બન્ને મળી ઘર ચલાવે તેમાં હવે માત્ર એક અંતિમ યોજના જ બાકી છે. પછી તે નિવૃત્ત થશે અને માણસ તરીકે માથું ઊંચું રાખી શેષ જીવન પસાર કરશે. કોઈ હવે તેનું અપમાન નહિ કરે, કોઈનું સંભાષણ સાંભળવું નહિ પડે.

'મોટાભાઈ આવ્યા, રૂપિયા લાવ્યા! મોટાભાઈ આવ્યા, રૂપિયા લાવ્યા!' નો પાઠ ભણતી રેખા સુહાસની આંગળીએ વળગી દાખલ થઈ. આનંદની એક લહર અશિતબરનના રોમેરોમને સ્પર્શી ગઈ.

દીકરો માને પગે લાગ્યો. મા પૂરું 'બેટા' પણ ન બોલી શકી. પણ તેનો હાથ—તેને માથે, ગાલે, બરડે ફરતો હાથ, જે બોલ્યો તે જીભ શું બોલી શકવાની હતી?

પગે લાગવા જતાં દીકરાને બાપે બાહુપાશમાં સમાવ્યો. બાપની આંખો બંધ હતી, પણ દીકરાની આંખોમાં માએ આછો અણગમો ને કચવાટ જોયો.

'બાપુ! હવે તમે તમારો ધંધો છોડી દેજો. બધા મને ભિખારીનો છોકરો કહે છે એ સહેવાતું નથી. હું ઊંચું માથું નથી રાખી શકતો. મારી બેઆબરુ થાય છે.'

ને બાપનો બાહુપાશ ઢીલો પડયા વિના જ છૂટી ગયો!

સાઇપ્રસના નવા સિક્કા

બ્રિટનની શાહી ટંકશાળમાં મિ. વિલિયમ ગાર્ડનરનાં આલેખનો પરથી પાડેલા સાયપ્રસ પ્રજાસત્તાકના નવા ચલણી સિક્કાઓ: ડાબી બાજુના પહેલા સિક્કા પર છે એ જ છાપ કીબાના બધા સિક્કાઓની પાછલી બાજુ પર પણ છે. એમાં ગ્રીક અને તુર્ક ભાષામાં 'સાયપ્રસ પ્રજાસત્તાક'નું નામ ને વચ્ચે તેનું રાષ્ટ્રચિહ્ન આપ્યું છે. બીજા પાંચ સિક્કાઓમાં દર્શાવ્યા પ્રમાણે એની બીજી બાજુ પર અનુક્રમે સીડર વૃક્ષનું ફળ, એક કૂવાથંભવાળું પ્રાચીન વહાણ, દ્રાક્ષનો ઝૂમખો, ત્યાંનો વન્ય ઘેટો ને ઘઉંની ડૂંડીનાં આલેખનો વડે ત્યાંનાં વૈશિષ્ટ્યો દર્શાવ્યાં છે. ફરતી દરિયામોજાંની કાંગરીથી સાઈપ્રસની ચોમેર દરિયો હોવાનો નિર્દેશ છે.



પચ્ચીસ વર્ષ પહેલાં



શ્રી હરિનારાયણ આચાર્ય (વનેચર)ના લેખ 'વનવગડાનાં વાસી'માંથી:


આપણામાંના કેટલાકને ખબર હશે કે આપણે ત્યાં તો ઇંગ્લંડના સ્કાઇ લાર્કનું સ્થાન લેનાર છે ત્રણ ત્રણ પંખીઓ : ભરત, અગન અને ચંડોળ. ભરતનો પરિચય કરીએ:

એની કાયા ચકલી જેવડી. વાન પણ ચકલીની માદા જેવો મેલો, બદામી. પીછાંના છેડા રતાશપડતા ઘેરા. હેઠળનો ભાગ પણ લાલ છાયાવાળો મેલો શ્વેત. ચાંચ પાતળી અણીદાર, સહેજ ગુલાબી. આંખો ઘેરી બદામી. પગ ઘઉંવર્ણા. શિરે ટૂંકી ત્રિકોણાકાર કલગી જે એ ઇચ્છાનુસાર ઊંચીનીચી કરી શકે છે. પગનું પાછળનું આંગળું લાંબું અને એ આંગળીએ અસાધારણ લાંબો સીધો નહોર.

બ્રાહ્મમુહૂર્તમાં એ વહેલું ઊઠી, ઊઠતાંવેંત આકાશમાં ઊડે છે. ઊડતાં ઊડતાં ગાય છે ને ગાતાં ગાતાં ઊંચે ચડે છે. તે પણ પચીસ-પચાસ ફૂટ નહિ, પૂરા હજાર ફૂટ જેટલું ઊંચે ચડી અરુણકિરણની સુવર્ણપ્રભામાં ઓગળી જતું દેખાય છે. મનગમતી ઊંચાઇએ પહોંચી પાછું હેઠે ઊતરવા માંડે છે. આ વખતે પણ એનું ગાન તો ચાલુ જ હોય છે. છતાં એ બંને ગાનની માત્રા વચ્ચે ફેર હોય છે. ગાતાં ગાતાં હેઠે જમીન પાસે આવે કે તુરત ગાન સંકેલી લઇ, પાંખો બંધ કરી, ધબાક કરતું ભોંય પર પડતું મૂકતું દેખાય છે. પણ પડતાં-પડતાં તો અધવચ્ચ અટકી જઈ જમીનનો સ્પર્શ પણ કર્યા સિવાય પાછું ગાતું ગાતું ઊંચે ચડે છે! આવી ચડઊતર એ સવારથી બપોર સુધીમાં નહિ નહિ તો યે હજારેક વખત કરતું હશે! એની વિશિષ્ટતા છે પ્રતિદિન ગાવાની. શિયાળો હોય કે ઉનાળો, ચોમાસાની અશ્રાન્ત હેલી થતી હોય ત્યારે પણ એના ગાનની ધારા દરરોજ સવારથી બપોર સુધી અબાધિત અખંડિત વહેતી જ હોય છે. માત્ર બપોર પછી એ ક્વચિત જ ગાતું સંભળાય છે.

એનું ગાન એટલે પદની વિવિધતા વિનાની ચીઈઈ કે ઝીણી સિસોટી જેવી અત્યંત આહ્લાદક સુમધુર સ્વરપરંપરા. એ ઉપરાંત તે પંખીઓની બોલીનું અનુકરણ કરતું પણ કહેવાય છે. એના આવા દ્વિવિધ આકર્ષણને લીધે ભરત પાલ્ય પંખી તરીકે ખૂબ આદર પામે છે. સ્વભાવે ગુલાબી અને કષ્ટ સહી શકે એવી કઠોર કાયાવાળું હોવાથી બન્દી દશામાં ગમે તેવા નાનામોટા નિવાસસ્થાનને તરત અનુકૂળ થઈ જાય છે. જન્મથી જ આકાશના અસીમ પટનું ખૂંદનારું છે છતાં પિંજરાવસ્થામાં પણ એ એટલા જ ઉલ્લાસથી અને એવા જ બુલંદ અવાજે ગાયા કરે છે.

એ આછાં ઝાળાંઝાંખરાંવાળાં ખુલ્લાં મેદાન, ઘાસનાં બીડ કે ખારીનાં વસનારાં છે. એમનો આહાર છે કાંગ, બંટી, ચણો, કુરી વગેરે અનાજના કણ અને નાનાં તીડ જેવાં જંતુ. મે અને જૂન એનો ગર્ભાધાનકાળ. આડે દિવસે એ ટોળે વળીને ફરતાં દેખાય છે, પણ સંવનન પ્રસંગે તો બધાં છૂટાં પડીને એમનાં જોડાં બંધાઈ જાય છે. ઘાસના ભોથાના મૂળમાં કે માટીના ઢેફાની ઓથે, પગથી જમીન ખોતરી, એ ખાડામાં ઘાસનો છીછરો માળો બનાવી, એમાં દૂધીઆ રંગનાં અને ઘેરાં કસુંબી છૂંદણાંવાળાં ૪–૫ ઈંડાં મૂકે છે.



જંગલમાંથી રસ્તો (ચિત્રરમત): ધારો કે તમે કોઇ ગીચ જંગલના મધગાળામાં ફસાઈ પડ્યા છો, તો પછી શું કરવાના? નીચેની ચિત્રરમતમાંના કોયડાનો ઉકેલ કૈંક એ જ જાતનો છે. ચિત્રમાંના આંકડાવાળાં વર્તુલો એકેક ઝાડ છે એમ માનો. અને એની વચ્ચેથી રસ્તો કરવાનો એક જ માર્ગ છે. એ રમત ઘણી રસભરી છે. તમે બરાબર મધ્યમાં આવેલા પાંચમા નંબરના ઝાડથી શરૂઆત કરો. ત્યાંથી ગમે તે દિશામાં પાંચ ડગલાં આગળ વધો. એમ કરવાથી જે નંબરનું ઝાડ આવે તેની સંખ્યા, તમારે હવે બીજી કોઈ પણ દિશામાં કેટલાં ડગલાં ભરવાં તે સૂચવશે. એમ ને એમ જે સંખ્યા આવતી જાય તે મુજબનાં કુંડાળાં વટાવતા જઈ છેવટે તમે સહીસલામત બહાર નીકળી આવવાનાં. માત્ર એટલું ધ્યાનમાં રાખવું કે એમાં જો કદાચ કોઇ ખાલી વર્તુલમાં આવી લાગો તો પાછો નવેસરથી આરંભ કરવો.



કલાચિત્રો

ગુંજતી રેખાઓ

પ્રાકટ થતી આવતી યુવાન પેઢીના ચિત્રકારોમાં શ્રી કૃષ્ણ હેબ્બાર અગ્ર છે. એમની કલાસાધના એમને ઘણી કસોટીઓમાંથી પાર ઉતારીને હવે શિખરસિદ્ધિ તરફ લઈ જતી દેખાય છે. પૂર્વ અને પશ્ચિમના આજના કલાજગતમાં એમની પ્રતિભાના ચમકારાથી પ્રભાવિત થએલા શ્રેષ્ઠ કલાવિવેચકોએ એમની કૃતિઓને અનેક રીતે બિરદાવી છે.

એ કૃતિઓનું હાર્દ પકડવાને હેબ્બારના ચિત્ત-પ્રસ્તારમાંથી જે રીતે ચિત્રોનાં આંદોલનો ઊછળે છે તેનો સામાન્ય જનો માટે પ્રત્યક્ષ અનુભવ આપતું, એમની રેખાઓનું ગુંજન રજૂ કરતું આ પુસ્તક* કોઈ પણ સંસ્કારી જનને અનેરો રસાનંદ આપ્યા વિના નહિ રહે.

પ્રાચીન ચિત્રવિદોએ યથાર્થ કહ્યું છે કે 'રેખાં પ્રશંસન્તિ બુધાઃ' ચિત્રકારની શક્તિ રેખાપ્રબોધમાં જ જણાય છે. સામાન્ય જનો પોતાના મનના વેગો પ્રકટ કરવા જે સરળતાથી હવામાં હાથનાં વર્તુલો કરે છે, આંગળીઓથી ક્રિયાસૂચનો કરે છે કે વાત કરતાં ભાવનો ઉછાળો બતાવે છે તે જ સરળતાથી શ્રી હેબ્બારની મનોભૂમિમાંથી સ્ફુરાયમાન થતી રેખાઓની પ્રતિમાઓ એમની કલમમાંથી સરે છે.

ઘનઘોર આકાશમાં વીજળીની ચળકતી રેખા આકૃતિ કરતી સરી જાય છે તેમ હેબ્બારની આંગળીઓ કાગળના અવકાશમાં એક ચમકારાની જેમ, મુક્ત વિહારમાં, જાણે પાછું જોયા વિના સરી જાય છે, છતાં એમના મનનો હેતુ અને લક્ષ્ય અચૂકપણે આકારી જાય છે.


ક્યાંક અવલોકનમાં આવેલું પાત્ર કે દૃશ્ય, ક્યાંક થએલું ભાવાનુકંપન, ક્યાંક ચિત્ત-




કલાકાર હેબ્બાર: સ્વહસ્તે પોતે




ઊર્ધ્વબાહુ



પરિવ્રાજક



તાલમગ્ના



બીલીપત્ર

આગળના પાનામાં જેનો પરિચય આપ્યો છે તે પુસ્તકમાંનાં. ચિત્રણાની લઘુલિપિ જેવાં રેખાંકનો છેવટે આમ ઓછી વિગતવાળાં ને વધુ સૂચક થતાં જાય છે.



સાઇકલરિક્ષા (ચિત્રણાની શીઘ્રલિપિમાં) કલાકાર • હેબ્બાર

વિક્ષોભમાંથીજન્મેલી નવી આકૃતિઅડીં રમતી રેખાઓની મિતાક્ષરી ભાષામાં ચિત્રકારની કલ્પના અને સર્જનશક્તિનો મૂળ સ્રોત પ્રકટ કરી આપે છે. ભાવ અને વસ્તુસર્જનનો જ્યાં કૌશલ સાથે યોગ થાય છે ત્યાં તેનું આલેખન સ્વભાવજન્ય સારલ્સ્ય અને પાવિત્ર્ય સાચવી શકે છે. પ્રગાઢ મનોમંથનના સાર રૂપ, માનવ-ચિત્તની તપસ્યા અને પ્રયત્નોના ફળ રૂપ રેખાઓ કેવી રીતે સાધ્ય થતી હશે તેના પ્રારંભિક નમૂનાઓ પણ આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થયા છે, તે જોઈ, વિચાર અને ભાવના મૂક રેખાઓ દ્વારા કેવું ગુંજન કરી શકે છે તેનું દૃષ્ટાંત અનુસરવાની કોઈ પણ કલારસિકને સહજ ઇચ્છા થશે. સુવિખ્યાત કલાવિવેચક ડૅા. મુલ્કરાજ આનંદે સર્વ કૃતિઓનું સુંદર વિશ્લેષણ કરતી ટૂંકી પણ દ્યોતક જે પ્રસ્તાવના લખી છે તેથી કોઈને પણ શ્રી હેબ્બારની કલાશક્તિનો સચોટ પરિચય મળશે. —ર.મ.રા.

[*The Singing Line, Drawings by Hebbar, Words by Mulk Ra Anand; Peacock Publications, 19–21 Hamam Street, Fort Bombay-1 8"×11"; 26+4 Pages; Rs. 15.]



રામ અને કૌશલ્યા · કલાકાર ખોડીદાસ પરમાર

ખોડીદાસ પરમારનાં ચિત્રો

સૌરાષ્ટ્રી પરંપરામાંથી પ્રેરણા લઇને પોતાની આગવી પરિપાટી સર્જનાર આ કલાકાર ‘કુમાર’ને સુપરિચિત છે. ગયા અંકમાં આપેલા એમના ‘સીતાવનવાસ’ ચિત્રના અનુસંધાને એ જ કલાકારનાં, એ જ કાલિદાસ-સમારોહ પ્રસંગનાં (૧૯૬૨-૬૩નાં) પ્રદર્શનોમાં રજૂ કરવા માટેનાં, એ જ રઘુવંશનાં અન્ય પ્રસંગોનાં ચાર ચિત્રો (એક આ સાથે અને ત્રણ આ અંકના પાછલા પૂઠામાં) આપ્યાં છે. એ પ્રત્યેકમાં થોડું થોડું શૈલીવૈવિધ્ય જોવા મળશે. ‘રઘુવંશ’ના જે જે શ્લોકોને આધાર તરીકે રાખીને એ કરેલાં છે તે મૂળ શ્લોકો તથા તેના પદ્યાનુવાદ આ નીચે આપ્યા છે:

રામ અને કૌશલ્યા (સર્ગ ૧૦ શ્લોક ૬૯)


शय्यागतेन रामेण माता शातोदरी बभौ।
सैकताम्भोजबलिना जाह्नवीव शरत्कृशा॥
પાતળા પેટની માતા રામ સેજે રહે દિપે,
ગંગા શરદમાં સૂકી રેતે અબ્જબલિથી શું.

રામ-વનવાસગમન (સર્ગ ૧૨ શ્લોક ૯)

स सीतालक्ष्मणसखः सत्याद्गुरुमलोपयन्।
विवेश दण्डकारण्य प्रत्येकं च सतां मनः॥
સીતા-લક્ષ્મણની સાથે તાત સત્ય ન લોપવા
પ્રવેશે દંડકારણ્યે, ને સહુ સંત ચિત્તમાં.

રામ અને મૃગ (સર્ગ ૧૨ શ્લોક ૫૩)

रक्षसा मृगरूपेण वञ्चयित्वा स राघवौ।
जहार सीतां पक्षीन्द्र पयासक्षण विघ्नितः॥
છેતરી રાઘવોને તે રાક્ષસ મૃગરૂપીથી,
હરે સીતા, ઘડી ગીધે શ્રમે વિઘ્ન કર્યાં છતાં.



કચ અને દેવયાની (બે પારિતોષિકો મેળવનાર ચિત્ર) નીચેનું ચિત્ર 'ધીંગાણું'

ઈ. ૧૯૬૧માં રવીન્દ્રનાથ ઠાકુરની જન્મશતાબ્દી પ્રસંગે હૈદરાબાદમાં યોજાએલી અખિલ ભારત હરીફાઈ માટે કવિવરની કોઈ પણ કૃતિ કે તેમના જીવન પરથી ચિત્રો કરવાનાં હતાં અને જે પસંદ થાય તેના પરથી ત્યાંના 'ટાગોર-થીએટર'માં મ્યૂરલ (ભીંતચિત્રો) કરવાનાં હતાં. એ પ્રસંગે શ્રી ખોડીદાસ પરમારે કવિવરની કૃતિઓ 'ચિત્રા' અને 'વિદાય અભિશાપ' ઉપરથી અનુક્રમે 'અર્જુન અને ચિત્રાંગદા' તથા 'કચ અને દેવયાની' એમ બે ચિત્રો કરેલાં, જે બંને એ પ્રદર્શનમાં સ્વીકારાએલાં, અને આ ઉપર આપેલા 'કચ-દેવયાની' ચિત્રને રૂ. ૫૦૦)નું ત્રીજું ઇનામ મળેલું. એ ઉપરાંત ઈ. ૧૯૬૪માં ન્યૂ દિલ્હીની 'ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી'નું ભારતીય શૈલીના ચિત્ર માટેનું પારિતોષિક પણ મળેલું. એ બંને ચિત્રો 'ઇન્ડો-સોવીએટ કલ્ચરલ સોસાએટી'ના ઉપક્રમે મૉસ્કોમાં પણ પ્રદર્શિત થયાં હતાં. 'અર્જુન અને ચિત્રાંગદા'નું ચિત્ર મુંબાઇમાં વેચાઈ ગયું છે. ગયા અંકમાંના 'સીતા-વનવાસ'ને આ વખતે 'ફા. આ. ક્રા. સોસાએટી'નું ભારતીય શૈલી માટેનું પારિતોષિક મળ્યું છે.

રામ-ભ્રાન્તિનિવારણ(સર્ગ ૧૩ શ્લોક ૩૨)

इमां तटाशोकलतां च तन्वीं
स्तनाभिरामस्तबकाभिनम्राम्।
त्वत्प्राप्ति बुद्धया परिरब्धुकामः
सौमित्रिणा साश्रुरहं निषिद्धः॥

સલૂણી આ- તીર અશોકશાખા,
સ્તનો સમા ગુચ્છ થકી નમેલી,
આલિંગવા તું મળી માની જાતો,
વાર્યો મને લક્ષ્મણ આંસુ લાવી.
(ગુજરાતી અનુવાદો: નાગરદાસ પંડ્યા)

પરંતુ (કલાકારના શબ્દોમાં) "એ ચિત્રો અક્ષરશ: શ્લોકો પરથી નથી કર્યાં. તેમાં ઘણુ સ્થળે છૂટ લીધી છે. મૂળ શ્લોકોની માત્ર થોડી છાયા રાખી છે. બાકીનું છૂટથી મૂક્યું છે. દા. ત., 'રામ અને કૌશલ્યા'(પાછળ)ના ચિત્રમાં રામને માતાના ખોળામાં બેસાડ્યા છે. કૌશલ્યાને શય્યામાં સુવડાવ્યાં નથી. મેના, દાસી વગેરે કલ્પનાથી ગોઠવ્યાં છે. એ જ રીતે 'રામ-વનવાસગમન'-માં રામને રોકવાનો પ્રયત્ન કરતા પુરજનો બતાવ્યા છે. 'રામ અને મૃગ'માં પીતળ મૃગને બદલે કાળિયાર મૂક્યો છે અને રામને દાઢી-મૂછ વગેરે કર્યાં છે. રામ-ભ્રાન્તિનિવારણ'માં અશોક-શાખાને બદલે અશોકનું થડ પકડીને



રામને બેસાડ્યા છે, અને ફૂલો વગેરે શોભનશૈલીમાં અશોકવૃક્ષના મૂળ તત્ત્વો સાચવી રાખીને બતાવવાનો પ્રયત્ન કર્યો છે."

ચન્દ્રવદન મહેતા

સર-નાઈટની પંથ-પ્રથાના રક્ષણહાર અને મશહૂર સરદાર

સવારના જ નાસ્તો કરીને નૅશનલ બિબ્લીઓટ્કા જવા ઊપડયો. એ આલીશાં અને ગૌરવભર્યા મકાનનાં પગથિયાં ચડતાં જ સરસ્વતીદેવીનો ખયાલ આવવા માંડયો. પગથિયાં ઉપર જ સ્પેનના મહાનુભાવો બેઠા હતા, યા ઊભા હતા : કાલ્ડેરોન, સર્વાન્ટિસ, લોપે દ વેગા વગેરેની બેનમૂન મૂર્તિઓ આપણી સામે ટીકીટીકીને જુએ. 'જ્ઞાન-સંપાદન કરવા આવ્યા છો ?' એમ જાણે પૂછે. 'આ પુસ્તકાલય છે, વિદ્યાપીઠ છે, ગંભીરાઇથી અહીં કામ કરવાના હો, અભ્યાસ કરવાના હો તો ઉપર જાઓ, નહિ તો પાછા વળો' એમ કહે. ખાસ્સી જબરદસ્ત પથ્થરમાં કંડારેલી મૂર્તિઓ, અને ત્યાર બાદ દરવાજામાં થઈ એના વિશાળખંડમાં દાખલ થઇ શકાય.

અહીં મારે લૂઈ અસ્તાના મારીનને મળવાનું. રેવરંડ પી. લોપેઝ ડી ટોરો સાથે ચર્ચા કરવાની. ડૉન ક્હિોટેના દાસ્તાન પરત્વે ડૉન વિષે, સાંકો વિષે, એની ભૂગોળ વિષે કે એના લેખક વિષે, એ જમાના સંબંધી કે એની લખાવટ વિષે, એમાં વપરાએલા શબ્દો વિષે કે એમાંની ક્હેવતો વિષે એમ એ પુસ્તકનાં વિવિધ પાસાં-પડખાંઓ સંબંધી ખાસ નિષ્ણાતો આજે માડ્રિડ યા બારસિલોનામાં મોજૂદ છે. આ તો જીવતાજાગતા આજે હયાત બેઠેલા વિદ્વાનો; પણ શેલ્ટને ૧૬૧૨માં અંગ્રેજીમાં એની પહેલી આવૃત્તિ ઉતારી, ૧૬૮૭માં ફિલિપ્સે બીજો અનુવાદ કર્યો, ત્યારથી તે આજ સુધી ગણ્યા ગણાય નહિ એટલા લેખકોએ ડૉન અને એના લેખક ઉપર વિવેચના પ્રસિદ્ધ કરી છે.

આ સરસ્વતી-ભંડારમાં દાખલ તો થયા, પણ તેના વિવિધ ખંડોમાં જવું આપણે ધારીએ એટલું સહેલું નથી. મને ગ્રન્થપાલ સ.હેબ આગળ ખડો કરી દેવામાં આવ્યો એટલે એમણે તરત જ બહુ નાની રકમના પેસેટા લઈ, તૈયાર રાખેલા તરજેટા ઉપર મારી છબિ ચોડી, પત્રકમાં સહી કરાવી, એની ઉપર ન્યુમેરો મારી, એ તરજેટા મારા હાથમાં સોંપી મને કહ્યું કે આ કાર્ડ તમારી પાસે રાખશો : એ બતાવીને અહીંના કોઈ પણ ખંડમાં તમે ધારો ત્યારે જઈ શકશો, તમારે જે જૂની યા નવી પ્રતો જોઇતી હશે તે મેળવી શકશો, ટૂંકમાં તમે અમારા અહીંની બિબ્લીઓટ્કાના હવે માનવંતા સભ્ય થયા છો. અને આ વિધિ બરાબર સુડતાલિસ સેકન્ડમાં પતી ગયો હશે !

હાથમાં તરજેટા લઇ પહેલાં તો ખૂણેખાંચરે ખંડેખંડમાં ફરી વળી આખી લાયબ્રેરીનો તાગ લઇ લીધો. આ મકાનમાં યે વળી એક મકાન, એવો એક ખાસ અલાયદો ભાગ. એમાં બે અતિ વિશાળ ખંડ, અને એની છત ત્રણ મજલા જેટલી ઊંચી. એમાં કબાટ ઉપર કબાટ અને એમાં હાથ પહોંચાડવા ગરેડીવાળી ચાલતી ઘોડી. ઉપર ચડીને જોઈએ તે ચોપડાં કાઢી શકો. એવા એ અલાયદા ખંડમાં છેવટે દાખલ થતાં તો શરીરમાં એક આનંદનો હેલારો પસાર થઈ ગયો. આમ તો કોઇ અલિયાંચલિયાં અહીં આવી ન બેસે. મારી આટલી કાળજી કરવાનું કારણ, અહીં મહાશય ડૉન ક્હિોટે વસે છે. પાંચ સાત તો ડૉન ક્હિોટેનાં બેનમૂન ચિત્રો ગોઠવેલાં છે. નામાંકિત ચિત્રકારોએ આ પ્રખ્યાત વ્યક્તિને જુદાજુદા સ્વરૂપમાં ચીતરી છે તે અહીં જોવા મળે. અને અંગ્રેજીમાં શેલ્ટનથી ફ્રેન્ચ, રુસી, ઈટાલિયન, ચીનાઈ એમ સો ઉપરની ભાષાઓમાં ઈ. ૧૬૧૨થી તે આજ સુધી (છેક હવે ચન્દ્રવદન મહેતા સુધી) જેમણે પોતપોતાની ભાષાઓમાં ડૉન ક્હિોટેને ઉતાર્યો છે એ ન્યુમેરોવાર હારબંધ ગોઠવાએલો જોવા-વાંચવા મળે. આ સાથે વિલિયમ કેર, સ્મિથ રૉબિન્સન, કોલરિજ, જૉસેફ ક્રચ, સાલ્વાડોર મડારિયાગા, મ્યુગલ ડ ઉનામુનો, એવા અંગ્રેજ-ફ્રેન્ચ-અમેરિકન-રશિયન-સ્પૅનિશ વિવેચકોએ ડૉન પર જે જે લખ્યું છે તેની વિવેચનાના ગ્રન્થોનો ભંડાર પણ હાજર. મારે સ્ટારકીની અને જારવિસની બે એડિશનો જોઇએ; તો એ વચલા ટેબલ ઉપર કાઢીને તૈયાર. મઝા તો એ હતી કે બંને ખંડમાં વચગાળે એક ગોળ મોટું ટેબલ; અને એ પણ કેવું ? વચલો ગર્ભગોળો જ નહિ. શનિના ગ્રહની આસપાસ ગોળ વીંટી, એમ ગોળ ટેબલની ચકરડી. એમાં એક ખૂણામાંથી અંદર જવાનો માર્ગ. અંદર જઇ ત્યાંની ખુરશી પર બેસો યા બહારની ખુરશી પર બેસો, યા ફરતા રહો, તો ક્હિોટે ઉપરના મહત્ત્વનાં વિવેચનો યા પુસ્તકો ત્યાં ગોઠવેલાં સહેલાઇથી જોવા મળે. ગ્રન્થ પહેલાના પ્રકરણ છઠ્ઠામાં પાદરી પંડિત પેરેઝ અને ગાંયજા મહાશય નિકોલાસ ડૉન ક્હિોટેની અમૂલ્ય લાયબ્રેરીમાંથી વીણીવીણીને ચોપડા નીચેની પરસાળમાં પધરાવી એમાં આગ ચાંપી હોળી કરે છે, એ પ્રસંગ વખતે જે જે પુસ્તકોનાં નામ આવે છે, એમાંનાં પણ કેટલાંક પુસ્તકો અહીં આ વિભાગમાં સંઘરવામાં આવ્યાં છે. અને અહીં બેઠાંબેઠાં આપણે પણ જો, જે રીતે ડૉન ક્હિોટે સાહેબે પોતાના દીવાનખાનામાં બેસી સરનાઈટની પંથપ્રથા સંબંધી પુસ્તકો વાંચ્યાં એમ વાંચીએ, વાંચતા રહીએ, તો એના અત્યંત વિલક્ષણ અને વિચક્ષણ અને સાબૂત કોઠામાંનું એકાદ યા દોઢ ડાગળું ફુગાઇ ગયું કે ખસી ગયું કે પોચું પડી ગયું કે હલમલી ઊઠયું, એમ આપણું પણ ડાગળું લથબથી પડે તો નવાઈ નહિ !

વળી ત્યાં આસપાસ જોઉં છું તો એવા પંડિતો બિરાજમાન છે કે જેમનાં મોં ઉપર, આંખમાં, હાથની કરચલીઓમાં કેવળ જ્ઞાન જ ઉભરાતું દેખા દે છે. અત્યંત ભારે મુખમુદ્રાવાળી એ વ્યક્તિઓ હજી પણ આટઆટલા ભરાએલા પોતાના મગજમાંના જ્ઞાનના સાગરોમાં વિવિધ યા એક જ પ્રકારના વિષયની જ્ઞાનની નદી વહેવડાવી રહ્યા છે. એમાં મારા જેવા કેવળ ક્હિોટે-જ્ઞાનસાગરમાં અવગાહન કરવા આવનારાની જેમ બીજા પણ બે-ત્રણ એ જ વિષયમાં પારંગત



ડૉન ક્રિહોટ અને સાંકો પાંઝા

(નવ....

થવા આવ્યા હોય એમ એમના ચ્હેરામ્હોરા ઉપરથી લાગ્યું, એટલે એમાંના એકાદ જ્ઞાનપિપાસુ સાથે મોકો મળતાં વાતચીત કરવાની ઉત્સુકતા જાગ્રત થઈ. પણ ત્યાંની અનહદ શાંતિ, એમની ઊંડા અભ્યાસ અને સંશોધનની જિજ્ઞાસાવૃત્તિ અને ગંભીર વાતાવરણ જોઈ એક પણ અક્ષર બોલવાની હિંમત ચાલી નહિ.

સાહિત્યના ક્ષેત્રમાં કલમ ચલાવનારાઓનો તોટો નથી. જમાને જમાને કઇક લેખકોએ એ ક્ષેત્રમાં ઝુકાવ્યું છે. એમાં યુરોપની છેલ્લી ચાર સદીમાં જે માતબર સાહિત્ય લખાયું છે એમાં ડૉન કિહોટે, સાંકો પાન્ઝા, ડૉન જૉન, પ્રિન્સ હૅમ્લેટ ને ડૉક્ટર ફાઉસ્ટ, આ પાંચ વ્યક્તિઓનાં હાડચામ લોહી આદિ પંચભૂતનાં કલેવરોમાં તો સર્જનહારની માફક જીવાત્મા મૂકી, એમને સુજીવન બનાવી લગભગ અમરત્વ આપી દીધું છે. આ પાંચમાં પરસ્પર વિરોધી તત્ત્વોવાળી વ્યક્તિઓ તે ડૉન કિહોટે અને સાંકો. એનો સર્જક સર્વાન્ટિસ, દુનિયાભરનાં દુખિયાંઓના સાથીદાર, અપમાનિત સન્નારીઓના રક્ષણહાર, ઠેરઠેર અકસ્માતથી યા સંસારના સંજોગવશાત્ અનાથ થએલાં નિરાધારોના આધાર, નિરાશ્રિતોને અને સંકટમાં સપડાએલાંઓને માર્ગ બતાવનાર, બીજાનાં દુઃખ નિવારનાર, અને એમાં સાફલ્ય ન મળે તો વનજંગલમાં રમણભ્રમણ કરી કાયાકષ્ટ વેઠનાર, સર નાઈટોની પંથપ્રથાના મશહૂર સરદાર, હૈયામાં પોતે કલ્પેલી મનોરમા ડલસીનિયા ડેલ ટોબોસોના, આપમેળે અર્ધનિંદરની ઝાકમઝોળ મનની પરિસ્થિતિમાં પ્રેમમાં પડી, પોતાને માફકસરનો ઘોડો શોધી, દુનિયાભરમાં પોતાની સાથે એ ઘોડાનું નામ પણ પ્રકીર્તિત થવાનું માની અનેક પ્રકારનાં વિચારમન્થનોને અંતે એને 'રોઝિનાંટ'નું અનુપમ નામ આપી, ઘરના કાતરિયામાંથી કટાતું પડેલું ભંગાર બખ્તર નીચે આણી, તેને ઘસીછોલી ચપટાવી ઠોકીમઠારી ચળકાવી સાંધીને એના નામને જેબ આપે એવું બનાવી, ડંફકા શોધી એને ગાંઠીગૂંથી એમાંથી મહામહેનતે એક ભાલો ઊભો કરી, પોતાની ખખડધૂસ હડીને સમાલવા સંભાળવા ખપપૂરતી ઢાલ બાંધી, ઘરમાંથી વિશાળ જગતમાં રાક્ષસોને પડકારવા, નરાધમોને નાબૂદ કરવા, દુષ્ટોને દંડવા, અગણિત સૈન્યો રફેદફે કરવા, મદાંધોને પડકારવા, સેતાનોને દફનાવવા, પોતાને લાયકના કારભારી સ્કવાયર સાંકો પાન્ઝાને પટાવી-સમજાવી તેની સાથે પ્રભાતને ચઢતે પહોરે ચાલી નીકળનાર મહાવીર-મહારથી તે ડૉન કિહોટે. (એ પ્રભાતની શુકનિયાળ ઘડી કોઈ ગ્રહોની ચાલ જોનારા જ્યોતિષીએ કમનસીબે નોંધી નથી; નહિ તો આટલું અમરત્વ પ્રાપ્ત કરવા માટે તો એવી ઘડી સાંધી, કઈક ભડવીરો હાથમાં ભાલા પકડી છાતીએ ઢાલ બાંધી કમ્મરે તલવારો લટકાવી નીકળી પડયા હોત!) અને પછી રણમેદાનમાં, ધર્મશાળાઓમાં, જંગલવગડાઓમાં જે જે અનોખો ઇતિહાસ એ સર-નાઇટ ડૉન કિહોટે સરજતા જાય છે, એનું દાસ્તાન આજે વંચાય કે કાલે, જમાનાઓ પલટાતા જતા હોવા છતાં એની રસનિષ્પત્તિમાં ઊણપ આવતી હોય એમ હજી ભલભલાને લાગ્યું નથી. કારણ? સ્પેનનો મહાન વિવેચક સાલ્વાડોર મડારિઆગા જ એનો જવાબ આપે છે—ને સૌ જવાબોમાં એ જ સાચો જવાબ લાગે છે, કે લેખકે લખવા માંડયું ને એની મૂળભૂત વિલક્ષણ બુદ્ધિ થકી અનાયાસ આ કલાકૃતિ સરજાઈ ગઈ, ડૉન કે સાંકોને—યા કોઇને પણ—કોઈ વાદનું પ્રતીક માની, વાચકોને બોધપાઠ આપવાનું, યા લખાણમાંથી નીતિધર્મના સિદ્ધાંતો તારવવાનું કે અમુક વર્ગને આ બહાને ઉદ્દેશી સુધારવાનું, એવું એકે ય હેતુ-લક્ષણ કર્તાએ નિરધાર્યું નહોતું. પરંતુ, આવી અનુપમ સર્જનાત્મક કલાકૃતિઓમાં બની જાય છે એમ, એ સર્જનાત્મક હોઇને જ આપોઆપ એમાં કોઈ સિદ્ધાંતોનું પ્રતિપાદન, સત્યનું સંશોધન, હેતુ-લક્ષણ, તરવરી ઊઠે છે યા મહેકી રહે છે.

છતાં વિવેચકો-સંશોધકોએ તો લેખકના મનમાં પણ નહિ હોય એવા એવા તુક્કાઓ ઉપજાવી એની કૃતિમાંથી હેતુ શોધવા વલખાં માર્યાં છે. શ્રદ્ધા, આદર્શ, વીરતા, સ્વતંત્રતા, પ્રગતિ, ધર્મબોધ, નીતિરક્ષા, એવા કઈક વિષયો ઉપર કટાક્ષ યા એનું પ્રતિપાદન, એવુંએવું વિવેચકોએ ઘટાવવા મથામણ કરી છે. ડૉન કિહોટેના મગજમાં ધખારો ખરો; પોતે ઊભી કરેલી માન્યતાઓને મમતથી વળગી રહેવાથી પેદા થએલો સતતનો ભ્રમ ચોક્કસ; કયાંક મગજના બંધારણમાં એકાદ ડાગળાની આડકડીમાં સંધાણ નબળું ખરું; યા મગજના કોઠામાં મૂળમાં કયાંક નાનકડી ફાટ, યા ઢીલો નકૂચો, એવી મગજમાં કોઈ પ્રકારની કસર, યા મગજ ઉપર કશી અસર, એ બનવાજોગ છે. બાકી એ કોઈ કશા પ્રકારના પ્રતીક, એ વાત ખોટી. સર્વાન્ટિસે જીવન અત્યંત દુઃખદાયક દશામાં ગુજાર્યું. આખરે એમાંથી એ હાસ્યનો ફિલસૂફ થયો. પોતાને મૂછમાં હસવા સિવાય બીજો કોઈ ઉપાય જ ન રહેલો, રડયોકકળ્યો હશે, યા નહિ પણ રડયો હોય. એવા રોતલ-રસ્તા સ્વાભાવિક રીતે નક્કર અને મર્દ માનવી લેતા નથી. એથી, આખરે બધેથી ખત્તા ખાઈ હસી લેવાનો, એ બહાને પોતાના વિસ્તૃત જ્ઞાનને પ્રગટ કરવાનો નુસખો શોધતાં ડૉન કિહોટે પેદા થયો. અને એણે જન્મતાં વાર જ, લેખકે ધાર્યું હશે યા એની કલ્પનાનું જે ફલક હશે એની બહાર કિહોટે સરકયા, છટકયા, હાથમાં ન રહ્યા, અને મેદાનો પર મેદાનો સર કરવાના કાર્યમાં રોકાયા! એ દાસ્તાન વાંચો અને મજા પડે તે માણો. ખૂબી તો એ છે કે એ એક સળંગ કથા છે છતાં એ લાંબા ધોધમાંથી ગમે તે ઠેકાણે આંગળી મૂકી વાંચવું શરૂ કરો, અને તમે પ્રવાહમાં તણાયા જ છો, એના રસમાં જકડાયા જ છો, અને એટલો આંખે ચડેલો કિસ્સો પૂરો કરીને જ ઊઠવાના છો એ ચોક્કસ! ઘણાંઘણાંનો એવો અનુભવ છે.

મગજમાં એકાદ ધખારો—ગમે તે જાતનો—લઈ ફરનારાઓનો આપણે ત્યાં પણ કયાં તોટો છે? તો સ્પેનમાં કેમ નહિ હોય? દુનિયાભરમાં એવા કોઠા પાકયા છે, હતા અને છે, અને થયા કરશે. કહેશે, અસ મીઠું જ છોડો. કહેશે, જમતી વખત ફક્ત બે વસ્તુઓ જ ખાઓ. કહેશે, ચા-કૉફી-કોકો કદી ન પીઓ. કહેશે, કેવળ બાજરી જ ખાઓ. કહેશે, કદી નાટક-સિનેમા નહિ જુઓ. કહેશે, હમેશાં ત્રિફળા જ ફાકો. કહેશે, અપવાસ જ કરો; સોમવાર કરો, નહિ તો મંગળ, નહિ તો એમ છેક રવિ સુધીનો આગ્રહ રાખી એકાદ વાર કરવા સૂચવશે. કહેશે, રોજ શીર્ષાસન કરો, યોગ કરો યા ને યૌગિક કસરત કરો... ઓહોહો શું ખાવું, શું ન પીવું અને શું કરવું, એવું દઢાગ્રહથી કહેનારાઓની યાદી કરવા બેસશો તો એવા ધખારામાસ્તરોનો સંઘ નાનોસૂનો નહિ નીકળે. એ બધા જ ડૉન કિહોટેની ન્યાતના. અને એ જમાત ઠીકઠીક મોટી. કેમ? કેવળ દેશી રમત જ રમો, એવું કહેનારા નથી? ટેનિસનું રૅકેટ યા પિંગપૉંગનો બૉલ હાથમાં પકડનારા પાપી છે એમ પણ માનનારા નથી? હારમોનિયમ એ ખરાબ વસ્તુ છે, એ પરદેશી વાજું છે એવું કહેનારા નથી? પણ એ જ ભાઇસાહેબ પરણવા નીકળે ત્યારે ભૉંપૂ-ભાપૂ બૅન્ડ પડઘમથી માંડી બ્યૂગલ ભૂંગળા સુધી પરદેશી હોઈ શકે છે! ગળપણમાં હું તો ગોળ જ ખાઉં, ખાંડ નહિ; તબિયતના કારણે નહિ, મેં વ્રત લીધું છે માટે. ભલે કરે; કોઈ કોઇને રોકતું નથી. પણ એ પોતે મહારથી થઈ, ભડવીર સ્વરૂપે ઉદ્ધારક કહેવડાવી, પોતે જે કરે તે બીજા ઉપર લાદવા જબરદસ્તી કરે તેવા ધખારામાસ્તરો પણ ઠેરઠેર જોવા મળશે. એ બધા જ નાના યા મોટા પ્રમાણમાં ડૉન કિહોટેની આવૃત્તિઓ જ ગણવી રહી. (ચાલુ)

માંસાહાર

આહાર અને આરોગ્ય-૫૮

શરીરની પેશીઓ બાંધનારાં અને તેની મરામત કરનારાં પ્રોટીનોથી ભરપૂર અને લોહથી સમૃદ્ધ હોવા છતાં શરીરને લાભદાયી બધાં તત્ત્વો વનસ્પત્યાહારમાંથી પણ મળી રહેતાં હોઈ માંસાહાર જરૂરી જ છે એવું માનવું ભૂલભરેલું છે.

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આપણે આગળ જોઈ ગયા છીએ કે માંસાહારમાં પુષ્કળ પ્રમાણમાં પ્રોટીન, થોડી ચરબી અને ઓછામાં ઓછાં કાર્બોહાઇડ્રેટ છે. ચરબીયુક્ત માંસમાંથી વિ૦ 'એ' મળે છે. માંસમાં વિ૦ 'બી૧' ઓછું છે પણ બીજાં 'બી' વિટામિનોથી તે સમૃદ્ધ છે; થોડું વિ૦ 'સી' અને થોડું વિ૦ 'ઈ' છે; ફૉસ્ફરસ પુષ્કળ પણ કૅલ્શ્યમ થોડું છે; લોહ વિપુલ છે. માછલીમાં ઉચ્ચ પ્રકારનાં પ્રોટીનો સાથે વિ૦ 'સી' સિવાયનાં બીજાં વિટામિનો થોડાં છે. આમ વધારેપડતો માંસાહાર અયુક્ત પોષણવાળો છે. એમાં વિટામિનોની ઓછપ છે.

માંસાહારની વિશિષ્ટતા પ્રોટીનોની વિપુલતાની છે. પ્રોટીનો નાઈટ્રોજન-યુક્ત પદાર્થો છે. ખોરાકના બીજા નિકટનો સંબંધ ધરાવનારા ઘટકો કાર્બોહાઇડ્રેટ અને ચરબીમાં નાઇટ્રોજનની ઓછપ હોવાથી પ્રોટીનની ગરજ સરતી નથી.

વળી પ્રોટીનોમાં એમાઇનો ઍસિડો આવેલા છે. એ એમાઇનો એસિડોની જાત અને પ્રમાણ અનુસાર ભિન્નભિન્ન ખોરાકોનાં પ્રોટીનો જુદાં પડે છે. આમાંનાં ટિપ્ટ્રોફેન, મિથિયોનાઈન, આઇસોલ્યુસિન, થ્રીઓનાઈન અને સિસ્ટીન જેવાં કેટલાંક તો શરીરના બંધારણ માટે અનિવાર્ય હોવાથી આપણા રોજિંદા આહારમાં આવશ્યક લેખાયાં છે.

મોટા ભાગનાં પ્રાણિજ પ્રોટીનોમાં બધા આવશ્યક એમાઇનો ઍસિડો છે. વનસ્પતિજ પ્રોટીનોમાં આમાંનાં એક કે બીજાની ન્યૂનતા છે. આ કારણે પ્રોટીનોના એકલા સાધન તરીકે વનસ્પતિજ પ્રોટીનો કરતાં પ્રાણિજ પ્રોટીનો શ્રેષ્ઠ લેખાય છે. વળી પ્રાણિજ પ્રોટીનોમાં પણ માંસ કરતાં દૂધ, દહીં, પનીર અને ઈંડાંનાં પ્રોટીનો ઊંચાં છે.

પ્રોટીનનું કામ શરીરમાં નવી પેશીઓ બાંધવાનું અને ઘસાએલી પેશીઓની મરામત કરવાનું છે. કાર્બોહાઇડ્રેટ અને ચરબીની જેમ શરીરમાં બળતણ તરીકે તેનો પ્રાથમિક ઉપયોગ નથી.

પ્રોટીનોનો અમુક ભાગ એમાઇનો ઍસિડોમાં રૂપાંતરિત થઈ વપરાય છે. અને બીજો કેટલોક કલેજામાં જઈ યુરિયામાં રૂપાંતર પામી મૂત્રપિંડ દ્વારા શરીર બહાર ફેંકાય છે. બાળપણથી માંડીને પુખ્ત વય થતાં સુધી પ્રોટીનોનો વિશિષ્ટ ઉપયોગ આમ શરીરની વૃદ્ધિ તેમજ મરામત માટે થાય છે.

ઊછરતાં પ્રાણીઓ ઉપરના અખતરાથી સાબિત થયું છે કે નાની વયમાં આહારનાં પ્રોટીનના ૫૫ ટકા નવી પેશીઓની બનાવટમાં વપરાય છે. પુખ્ત વય બાદ તેનો એકમાત્ર વપરાશ મરામત માટે થાય છે. હવે પ્રશ્ન એ રહે છે કે પુખ્ત વયની વ્યક્તિને શરીરના રોજિંદા ઘસારાને પહોંચી વળવા તે કેટલું જોઈએ અને આરોગ્ય અને બળની જાળવણી માટે તે થોડામાં થોડું કેટલું જોઈએ?

આ પ્રશ્ન બહુ ચર્ચાયો છે. એમાં પ્રોટીનનાં ઇષ્ટમાન અને ન્યૂનતમ પ્રમાણ વચ્ચેના તફાવત, પ્રોટીનની જાત અને તેના જૈવક મૂલ્યની વિચારણા થએલી છે. શર્મને શરીરના વજનના દર રતલે એક કૅલરી જેટલી પ્રોટીનની ન્યૂનતમ જરૂરિયાત આંકેલી છે. આ ગણતરી પ્રમાણે સાડા ત્રણ મણની કાયા માટે ૩૫ ગ્રામ પ્રોટીન જોઈએ. વિદ્યાર્થીઓ, સૈનિકો અને કસરતબાજો ઉપરાંત પોતાની જાત પર કરેલા પ્રયોગો પરથી ચિટેન્ડન કહે છે કે રોજિંદાં ૨૫ ગ્રામ કે ઓછાં ઉત્કૃષ્ટ પ્રોટીનોથી નભી શકાય છે. વળી ધંધા પ્રમાણે પણ તેની જરૂરતમાં ફેર પડતો નથી. શ્રમ કરનારને કૈં વધુ પ્રોટીનોની જરૂર નથી. અમેરિકાની નૅશનલ રિસર્ચ કાઉન્સિલના ફૂડ અને ન્યૂટ્રિશન બોર્ડે શરીરના વજનના દર કિલોગ્રામે (૨·૨ રતલે) ૧ ગ્રામ પ્રોટીન લેવાનું ધોરણ ઠેરવ્યું છે; અને તે સર્વત્ર સ્વીકારાયું છે. આ ધોરણ પ્રમાણે ત્રણ મણ વજનવાળા શરીરને રોજ ૬૦ ગ્રામ પ્રોટીન જોઈએ. મૅક્કૅરિસન હિંદના પુખ્ત વયના પુરુષ માટે રોજ ૬૫ ગ્રામ (એટલે અઢી ઔંસ) અને પુખ્ત વયની સ્ત્રીઓ માટે રોજ ૫૫ ગ્રામ પ્રોટીનની ભલામણ કરે છે.

ઉપર જણાવેલા ન્યૂનતમ કે ઇષ્ટમાન પ્રમાણ કરતાં વધારે ખવાતાં પ્રોટીન શરીર માટે લાભદાયક તો નથી પણ બોજારૂપ છે. કાર્બોહાઇડ્રેટ અને ચરબીને પણ આ બાબત લાગુ પડે છે. શરીરમાં વપરાયા વગરનાં એ બે દ્રવ્યો તો ચામડી નીચે ચરબીના રૂપમાં પણ જમા થાય છે, પણ વધારે પડતાં પ્રોટીન એમ સંઘરાતાં નથી. એવાં પ્રોટીન નિરૂપયોગી ને નકામાં હોઈ, કલેજા અને મૂત્રપિંડ જેવાં મળવિસર્જક અવયવો ઉપર તેમના નિકાલનો બોજો વધે છે અને અવયવો અકાળે ઘસાઇને શરીરનાં વ્યયદ્રવ્યોના નિકાલમાં અંતરાય ઊભો થાય છે, ને લોહીનું ઊંચું દબાણ તથા મૂત્રમાર્ગીય બગાડા પેદા થાય છે. આ કારણે પ્રોટીનોના પુષ્કળ પ્રમાણવાળો આહાર હિતાવહ નથી.

વળી પ્રોટીનથી શરીરની સુખાકારી અને રોગ સામેની પ્રતિકાર શક્તિ જળવાય તો છે, પણ આવશ્યક એમાઇનો ઍસિડોની બાબતમાં તે સયુક્ત જોઈએ. આ માટે માંસાહાર હોવો જ જોઈએ એમ પણ નથી. ઉપરાંત, પહેલા-બીજા નંબરનાં પ્રોટીનોના ભેદ પણ ખોટા છે. એ ભેદ પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન શુદ્ધ પ્રોટીનના અપૂર્ણ વિશ્લેષણ અને ઊંદરો ઉપરના અપૂરતા પ્રયોગોના આધારે અસ્તિત્વમાં આવેલા. પાચન દરમિયાન એમાઇનો ઍસિડો એકથી બીજી જાતમાં પરિણમે છે એટલે વનસ્પતિજ ખોરાકમાંથી યોગ્ય જાતના એમાઇનો ઍસિડો નથી જ મળતા એ હકીકત ખોટી ઠરે છે. પ્રોટીનોનું મૂળ સાધન તો વનસ્પતિ સૃષ્ટિ જ છે. વળી પ્રોટીનોનું કુલ પ્રમાણ જેમાં પૂરતું હોય એવા નિરામિષાહારના પ્રોટીનોની તો એટલી વિવિધતા હોય છે કે એક ખાદ્યની એમાઇનો ઍસિડની અપૂર્ણતા બીજાથી પૂરી થાય છે. શુષ્ક ધાન્ય ઉપરાંત કઠોળ, મગફળી, સોયાબીન, લીલોતરી ભાજી ને દૂધ દહીં કે છાશમાંથી આવશ્યક એમાઇનો ઍસિડોની ઉત્કૃષ્ટ મેળવણી મળી રહે છે.

બીજા વિશ્વયુદ્ધ અગાઉ ઇંગ્લંડમાં મધ્યમ વર્ગમાં અઠવાડિયે માથાદીઠ માંસભક્ષણનું પ્રમાણ ૩૮·૮૮ ઔંસ હતું. ૧૯૪૧માં આ પ્રમાણ ઘટીને ૧૧·૪૪ ઔંસ અને ૧૯૪૩માં ૭·૨૧ થયું. મત્સ્યાહારનું પ્રમાણ ૧૯૩૮ કરતાં પચાસ ટકાથી વધુ ઘટ્યું. આમ રૅશનિંગ છતાં ગ્રેટબ્રિટનના લોકોનું આરોગ્ય ઘણું સુધર્યું હતું. આના કારણરૂપ આહારમાં ખોરાકના બીજા ઘટકો ઉમેરાવા ઉપરાંત પ્રોટીનનું ઘટેલું પ્રમાણ સ્વીકારવામાં આવે છે. પ્રોટીનનું પ્રમાણ ઘટીને ૮૦ ગ્રામ થયું. આમાંથી ૩૬ ગ્રામ જ દૂધ અને પ્રાણિજ ખોરાકમાંથી મળતા હતા. મૅક્કૅરિસન લખે છે: 'શરીરની પ્રોટીનની જરૂરિયાત મુખ્યત્વે પ્રાણિજ

સાધનોમાંથી હોવી જરૂરી નથી. એમાંના કે એમાંથી મળે તે પૂરતું છે. અને વળી ઉચ્ચ પ્રોટીનો માંસમાંથી મેળવવાં પણ જરૂરી નથી. સૌ પ્રોટીનોમાં દૂધનાં પ્રોટીન સર્વશ્રેષ્ઠ છે. સારી જાતનાં વનસ્પતિજ પ્રોટીનોનો વધારે ઉપયોગ થવો જોઇએ અને માંસનો ઓછો. પ્રોટીનોના મુખ્ય સાધન તરીકે માંસનો ઉપયોગ મોંઘો ને બિનજરૂરી છે.'

વનસ્પતિજ ખોરાકો કરતાં પ્રાણિજ ખોરાકની ચરબીમાં સંતૃપ્ત (સૅચ્યુરેટેડ) ચરબીનું પ્રમાણ વધારે છે, જ્યારે કોપરેલ સિવાયનાં બીજાં વનસ્પતિજ તેલોમાં અસંતૃપ્ત (અનસૅચ્યુરેટેડ) ચરબીનું પ્રમાણ વધારે છે. સંતૃપ્ત ચરબીના વધુ પ્રમાણથી લોહીમાં કોલેસ્ટેરોલનું પ્રમાણ ઊંચું જાય છે, જે હૃદય અને લોહીની નળીઓના રોગો (જેવા કે આર્ટરીઓસ્ક્લેરોસિસ, કોરોનરી થ્રૉમ્બૉસિસ) ના કારણભૂત હોવાનું પ્રાણીઓ પરના અખતરાઓ ઉપરથી માનવામાં આવે છે. વળી આંતરડાંને ચોંટેલી પ્રાણિજ ચરબીથી કૅલ્શ્યમનું શોષણ અવરોધાય છે આથી, ખાદ્ય પદાર્થોમાં કૅલ્શ્યમ પૂરતા પ્રમાણમાં હોવા છતાં ય માંસાહારીમાં ખરાબ હાડકાં ખરાબ દાંત અને કાર્યક્ષમતાની ઊણપના રૂપમાં કૅલ્શ્યમની ન્યૂનતા વિશેષ જોવામાં આવે છે.

માંસાહારમાં આવશ્યક ખનિજ-દ્રવ્યો પણ ઓછાં છે. તેમની સાથે ગાઢ રીતે સંકળાએલાં વિટામિનો તો યોગ્ય જીવનક્રિયા માટે ઘણાં જરૂરી છે. ખનિજદ્રવ્યો ને ક્ષારોનું મહત્ત્વનું કામ શરીરમાં અલ્ક-ક્ષારીય સમતોલન રાખવાનું છે. તેઓ શરીરની પેશીઓના ભાગરૂપ હોવા ઉપરાંત પરસ્પર રાસાયણિક સંબંધમાં રહી શરીરની ક્રિયાઓના સહનિયમનમાં મદદ કરે છે. કેટલાંક ખનિજતત્ત્વો બધા કોષોના બંધારણમાં, તો વળી બીજાં હાડકાં અને દાંતના બંધારણમાં મોટો ભાગ ભજવે છે. એમની ન્યૂનતાથી શરીરનાં ક્ષીણકારીપણા (ડીજેનરેટિવ)-નાં લક્ષણો દેખા દે છે. અને આ ખનિજપદાર્થો અને ક્ષારોનું મુખ્ય સાધન તો શાક-ભાજી, ફળો, કંદ-મૂળ, દૂધ-દહીં-છાસ અને પનીર છે.

માંસ લોહથી સમૃદ્ધ છે. પણ એમ તો લીલોતરી શાક-ભાજીમાં પણ લોહની વિપુલતા છે. કૉડલિવર ઑઈલમાં વિ૦ 'એ' ને વિ૦'ડી'ની સમૃદ્ધિ છે તો લીલોતરી શાકભાજી પણ વિ૦ 'એ'નું સારું સાધન છે અને સૂર્યતાપમાં ખુલ્લા શરીરે રહેવાથી વિ૦ 'ડી' મળી રહે છે.

વળી કોઈ પણ વિટામિનની મોટી માત્રા નિરૂપયોગી નીવડે છે. ખનિજપદાર્થોમાં રહેલાં ખપજોગાં વિટામિનો શરીરમાં વપરાય છે. અને એવાં ખનિજપદાર્થો સહિતનાં જરૂરી વિટામિનો વનસ્પતિજ ખોરાકમાંથી મળી રહે છે. અપ્રાપ્ય વિટામિનો કાં તો આંતરડાંમાં જીવાણુઓની સંશ્લેષણ ક્રિયાથી મળે છે અગર તો ચામડી ઉપર સૂર્યકિરણોની અસરોથી પેદા થાય છે. ઊલટું માંસાહારના ઝેરોથી તો કેટલાંક વિટામિનો ઉપજાવતી આંતરડાંના જીવાણુઓની ક્રિયા અવરોધાય છે.

ડૉ. ચંદ્ર ચક્રવર્તી કહે છે, કે 'માંસ એ બધા ખોરાકોમાં ખાસ કરીને જઠર-રસને બહુ ઉદ્દીપક (સ્ટિમ્યુલેટિંગ) છે.' સોડમને લીધે તેની માનસિક અસરો અને માંસાર્ક કે રસાને લીધે રાસાયણિક અસરો હોવાનું પાવલૉવનું કથન છે. એથી આંતરડાં, કલેજું, પૅંક્રિયાસ પણ ઉત્તેજના પામી સ્રવે છે. અને જીવનક્રિયા (મેટાબોલિઝમ) ઝડપી બને છે. વળી ચરબી અને કાર્બોહાઇડ્રેટ કરતાં માંસાહારથી શરીરમાં બહુ ગરમી લાગે છે ખરી પણ તે લાંબી ટકતી નથી. સુખાકારીની લાગણી પાછળ તરત જ સુસ્તી થઈ આવે છે.

માંસનું પાચન હોજરીમાં થઈ જતું હોવાથી ધાન ને શાકફળોની જેમ આંતરડાં માટે તેનો કોઈ અવશેષ રહેતો નથી, એટલે પાછી ભૂખ લાગે છે. પુષ્કળ માંસાહાર પછી ભારેપણું અને મંદતા કે આળસ પેદા થતાં હોવાથી આનંદ અને આહ્લાદપ્રાપ્તિ માટે દારૂનું પીણું સ્વીકારવું પડે છે. પુષ્કળ માંસાહાર કરનાર પુષ્કળ દારૂ પીતો હોવાનું ડૉ. ચંદ્ર ચક્રવર્તીનું કથન છે. વળી માંસાહારથી આંતરડાં રોગિષ્ટ જીવાણુઓના ઉછેરનું ધામ બનતાં સડો પેદા થાય છે, એન્ટેરોકોલાઇટિસ (આંતરડાંનો સોજો) અને એપેન્ડિસાઇટિસ થઈ આવે છે અને લાંબા ગાળે આપ-નશો (ઑટોઈન્ટૉક્સિકેશન) પેદા થાય છે. વળી ગરમ પ્રદેશમાં કોહવાટ જલ્દી થતો હોવાથી આપણા જેવા દેશમાં તો થોડાં બગડેલાં કે વહેમ પડતાં માંસ-મચ્છી નબળી હોજરીવાળા માટે પોષણદાયી થઈ પડવાને બદલે ઝેરી થઈ પડે છે. અહીં આપણે હચિન્સનની ભલામણ ફરીથી યાદ કરીએ: 'માંસ એ "ઝડપી ગરમી" આપતો ખોરાક હોઇ વિશિષ્ટ ઉચ્ચ પ્રવેગિક (ડાયનેમિક) ક્રિયા ધરાવે છે. આ બાબત ઠંડી ઋતુ માટે લાભદાયી છે, પણ માંસાહાર "ગરમી" ઉપજાવતો હોઈ ઉનાળામાં એનો વપરાશ મર્યાદિત હોવો જોઇએ.' આ 'ઉનાળો' આપણા ગરમ પ્રદેશને પણ લાગુ પડતો શબ્દ છે. માંસાહારથી પેટમાં વાયુ ઓછો થાય છે, ને મળ દુર્ગંધયુક્ત નથી હોતો એ ખરું પણ તેમાં રેષાતત્ત્વો ઓછા હોવાથી બંધકોષ રહેવાનું મનાય છે.

માંસાહારથી શરીરસૌષ્ઠવ અને શક્તિ પ્રાપ્ત થવાની એક માન્યતા છે; પણ જાણવા જેવું છે કે નિરામિષાહારી વ્યક્તિનું શરીર સુપુષ્ટ અને સશક્ત હોય છે. દુનિયાભરમાં વિજયી બનેલા પહેલવાન રામમૂર્તિએ કદી યે માંસાહાર કર્યો ન હોવા છતાં તેઓ પોતાની છાતી ઉપર હાથીનું વજન ઉપાડતા હતા. નિરામિષાહારી કરતાં માંસાહારી પ્રાણીઓ બલવંત ગણાય છે, પણ બલિષ્ઠ સિંહ વનસ્પત્યાહારી હાથી કરતાં વધારે બલિષ્ઠ તો નથી લેખાતો. વળી સિંહ કરતાં હાથી વધારે બુદ્ધિશાળી છે, ને વધારે કેળવાય છે તે એના નિરામિષાહારના કારણે કેમ ન હોઈ શકે? મહાબલિષ્ઠ અને ઘણાં સહનશીલ પ્રાણીઓ માત્ર સાદા છોડવા ને પાંદડાંમાંથી જ પોષણ મેળવે છે. આફ્રિકા, એશિયા અને અમેરિકાનાં જંગલોમાં વસી પ્રાણીજગત સાથે એકરૂપ બનેલા કર્નલ કર્કબાઈડનો સ્વાનુભવ શ્રી રતિલાલ મ. શાહે આ પ્રમાણે ઉતાર્યો છે: 'માંસાહારી પ્રાણીઓ હિંસક અને તામસી પ્રકૃતિનાં બને છે, જ્યારે વનસ્પત્યાહારી પ્રાણીઓ માનસિક સંતોલન, આત્મનિયંત્રણ તથા અન્યને સહાય કરવાની વૃત્તિવાળાં જણાયાં છે.'

હિંદના છેક ઉત્તર પ્રદેશમાં વસતા હુંઝા રાજ્યના લોકોનાં સુસંહત શરીર અને નિરામયતાનો દાખલો ટાંકતાં સર રૉબર્ટ મેક્કેરિસન આ પ્રમાણે લખે છે, 'એમનો આહાર ધાન, શાક, ફળો થોડું દૂધ ને માખણ અને માત્ર તહેવારના દિવસોએ જ માંસનો છે; જરદાલુ ઘણાં ખાય છે. આ લોકો લાંબું જીવે છે. ખોરાકથી યુરોપમાં સામાન્ય થતા રોગો જેવા કે એપેન્ડિસાઇટિસ તો તેમને થતા નથી. હિમાલય પ્રદેશની તીવ્ર ઠંડી અને તેમના વસવાટ ને શરીરસંરક્ષણનાં ઓછાં સાધનો હોવા છતાં ય સાદા, શુદ્ધ અને કુદરતી ખોરાકને લીધે તેઓ દીર્ઘ જીવન, સતત જોમ અને સુંદર શરીરસૌષ્ઠવ ધરાવે છે.'

માંસાહાર કરતાં વનસ્પત્યાહારથી વધારે પ્રવેગિક (ડાયનેમિક) સહનતા પ્રાપ્ત થાય છે. માંસનાં પ્રોટીનોની પ્રવેગિક ક્રિયાથી શરીરમાં ભસ્મીકરણની ગતિ વધવાથી ગરમી અને શક્તિ ઝડપથી પેદા થાય છે. આ કારણે માંસાહારી થોડી કામગીરી માટે સતેજ અને કાર્યક્ષમ જણાય છે પણ લાંબાગાળાની સતત કામગીરી વખતે તે વનસ્પત્યાહારી કરતાં વહેલો થાકી જાય છે. વિ૦ 'એ' ને વિ૦ 'ડી'ના શોધક ને અમેરિકાની જોન્સ હૉપકિન્સ યુનિવર્સિટીના પોષણવિજ્ઞાનના પ્રો. ડૉ. ઈ. વી. મૅક્કૉલમનું કથન છે, 'સહનતા માટે માંસ જરૂરી નથી. કેટલીક જાતિઓ ને વ્યક્તિઓ જોતાં આ કથન ખરું છે.' (ચાલુ)

આંગળાંની છાપ

લેખક • પુષ્કરભાઈ ગોકાણી

૫

ગુનાશોધન જ નહિ, પણ લેવડદેવડના બધા જ વ્યવહાર, કરારના કિંમતી દસ્તાવેજો, દેશવિદેશની અવરજવરો વગેરે અનેક ક્ષેત્રોમાં ઉપયોગી એવી વ્યક્તિગત ઓળખની અફર નિશાની.

ઇ. ૧૯૦૫ની ૨૭મી માર્ચે સોમવારે સવારે સાડા સાતના સુમારે સાઉથ લંડનના ડેપ્ટફર્ડ વિસ્તારની હાઈ સ્ટ્રીટમાં 'ચૅપમૅન્સ ઑઈલ શૉપ' સામે પોતાના મિત્રની રાહ જોતો એક રંગવાળો ઊભો હતો. દુકાનમાંથી એણે એક માણસને બહાર નીકળતો જોયો. એનાં કપડાં પર ને હાથ પર લોહીના ડાઘ જણાતા હતા. થોડીક ક્ષણ એ રંગવાળા સામે દૂરથી તાકી રહ્યો ને પછી દુકાનનું બારણું વાસી તુરત પાસેની એક નિર્જન જેવી શેરીમાં પેસી ગુમ થઈ ગયો.


રંગવાળાને એ બધું જોઇ કુતૂહલ થયું ને કંઈક શંકા પણ. આસપાસ એણે પોલીસ માટે નજર દોડાવી પણ કોઈ જણાયું નહિ, એટલે એ તો ચાલતો થઈ ગયો. એકાદ કલાક પછી પેલી દુકાન પર પોલીસ બોલાવવામાં આવી. એણે દુકાનના સંચાલક ફૅરોને નીચલા માળે સીડીના કઠેડા પાસે મરેલો જોયો. એના માથામાં કોઈ લોખંડી ચીજનો ઘા થએલો લાગતો હતો. ઉપરને માળે પોલીસે એ જ રીતે એની પત્નીને પણ ઘાયલ થએલી જોઈ. જો કે એ ત્યારે મરી નહોતી ગઈ, પરંતુ ઇસ્પિતાલમાં થોડા દિવસમાં કંઈ પણ નિવેદન આપવા જેવી સ્થિતિમાં આવ્યા વિના જ એ યે મરી ગઈ.

પૂછપરછ કરતાં જણાયું કે દર સોમવારે સવારે અઠવાડિયા આખાનો વકરો પોતાના શેઠને પહોંચાડી આવવાનો ફૅરોનો નિયમ હતો. આજે સોમવાર જ હતો. પોલીસે ભરણાની રકમની તપાસ કરી પણ મળી નહિ. ફૅરોની ઘાયલ પત્ની જ્યાં પડી હતી ત્યાંથી નજીવી પરચૂરણ રકમ મળી. કૅશબૉક્સની તપાસ કરતાં ખાલી નીકળી. ગોળી મારીને એની કળ તોડી નાખવામાં આવી હતી.

એ પેટીની અંદરની તાસક પર એક છેકાએલી ને આછી શી આંગળાની છાપ હતી. પૈસા માટે થએલા ખૂનના આ બનાવની વિગતમાં એ છાપની પણ નોંધ લેવાઈ. પોલીસતપાસમાં ખૂનીની ઓળખ માટે આંગળાંની છાપનો પુરાવા તરીકે ઉપયોગ કરવાનો આ પહેલો જ કિસ્સો હતો. જો કે આ પહેલાં પણ છેક ૧૮૯૫થી સ્કૉટલૅન્ડ યાર્ડમાં આંગળાંની છાપનો ઉપયોગ થતો રહેલો, પણ હિંદુસ્તાનમાં આંગળાંની છાપ વિષે બહોળો અનુભવ પામેલા મિ. ઇ. આર. હેન્રી (આગળ જતાં સર એડવર્ડ હેન્રી) ૧૯૦૧માં સી. આઈ. ડી. ખાતામાં મદદનીશ કમિશનર નિમાયા પછી આંગળાંની છાપને ગુનેગારની ઓળખ માટેના એક અચૂક પુરાવા તરીકે સ્વીકારવામાં આવી.

ફૅરો પતિ-પત્નીનાં ખૂન માટે સ્ટ્રેટન નામે બે ભાઇઓને પકડવામાં આવ્યા. બંને પોલીસ ખાતામાં જાણીતા હતા. ખૂનને દિવસે સવારે સાતેક વાગ્યે એમને ચૅપમૅન ઑઈલ શૉપ પાસે કેટલાક સાક્ષીઓએ જોએલા પણ ખરા. પણ ખૂની તરીકે એમની ઓળખ હજી અધૂરી હતી. ધરપકડ પછી એમનાં આંગળાંની છાપ લેવામાં આવી. કેસ ચાલતાં ન્યૂ સ્કૉટલૅન્ડ યાર્ડના ફિંગર પ્રિન્ટ-નિષ્ણાત ઇન્સ્પેક્ટર કૉલિન્સની જ્યારે જુબાની આવી ત્યારે આખી કૉર્ટમાં એકદમ ચૂપકીદી પ્રસરી ગઈ.

જુબાનીમાં એણે કહ્યું કે પોતે દસ વર્ષથી ફિંગર પ્રિન્ટ વિષેનો અનુભવ ધરાવે છે. એ દરમિયાન એણે કદી બે આંગળાંની એકસરખી છાપ જોઈ નથી. સરખામણીમાં માત્ર ત્રણ જ મુદ્દા પરથી એક જ માણસનાં આંગળાંની બે છાપને પારખી શકાય છે. આ કેસમાં કૅશબૉક્સ પરથી મળેલી છાપ આલ્ફ્રેડ સ્ટ્રેટનના જમણા હાથના અંગૂઠાની છાપને બાર મુદ્દામાં મળતી છે અને એ પરથી નિષ્ણાત તરીકે પોતે નિઃશંક કહી શકે છે કે કૅશબૉક્સ પરની છાપ આલ્ફ્રેડની જ છે.



આંગળાંની છાપના આઠ વિભાગો. મથાળે ડાબી બાજુથી: (૧) Archનો નમૂનો; (૨) Tented Arch; (૩) Loop અને (૪) Whorl. નીચલી હાર: (૧) Central Pocket; (૨) Lateral Pocket; (૩) Twinned Loop અને (૪) Accidental.

વિષય નવો જ હતો અને તેનો આ રીતે આ પ્રથમ ઉપયોગ જ હતો, એટલે ફિંગર પ્રિન્ટ વિષે બહુ સમજ નહિ ધરાવતા જ્યુરીના સભ્યો તો પોતાની સામે રજૂ થએલા આંગળાંની છાપના ફોટોગ્રાફમાં દેખાતાં ચકરડાં ને ગાળિયા જેવી રેખાઓ જોઇ મૂંઝાઇ ગયા. કૅશ-બૉક્સવાળી છાપ આછી ને છેકાએલી લાગતી હતી, જ્યારે પોલીસે લીધેલી આલ્ફ્રેડ સ્ટ્રેટનનાં આંગળાંની છાપ તો તદ્દન સ્પષ્ટ હતી. આ ભિન્નતાનું કારણ પૂછતાં ઇન્સ. કૉલિન્સે જણાવ્યું કે છાપની સ્પષ્ટતાનો આધાર આંગળી કેટલા જોરથી દબાઈ છે એના પર છે. એક જ્યુરીના અંગૂઠાની ઓછાવત્તા દબાણે છાપ લઈ એથી પડતા તફાવતને અને એ છતાં યે એ બંને છાપમાં રહેલા સામ્યને પણ એણે સમજાવ્યું.

ઘેરઘેર આ આંગળાંની છાપના વિષયની ચર્ચા ચાલી. કેટલાકે એને તદ્દન અર્થહીન પણ ગણ્યો. એમને મન બધાંનાં આંગળાંની છાપ સરખી જ હોવાનો ખયાલ હતો. બચાવપક્ષે તો સ્કૉટલૅન્ડ યાર્ડનું આ નવું ખાતું જ ખોટું છે એમ સાબિત કરવા નિષ્ણાતને રોક્યો. પણ કેસને અંતે પોતાનો અભિપ્રાય ઉમેરતાં ન્યાયાધીશે કહ્યું કે 'જો માણસનાં આંગળાંની અંદર આટલો બધો તફાવત હોવાની વાત ખરી હોય તો આ કેસમાં અમે જોએલી છાપોનું સામ્ય એટલું બધું છે કે છાપ ખરેખર આલ્ફ્રેડની જ હોવાનું સાબિત થાય. પણ હું માનું છું કે માત્ર એ છાપને જ આધારે જ્યુરીના સભ્યો દોરવાઇ નહિ જાય.'

જ્યુરીનો નિર્ણય આવ્યો. સ્ટ્રેટન ભાઇઓ ગુનેગાર ઠર્યા. અલબત્ત, એમને ગુનેગાર ઠરાવવા માટે બીજા પણ કેટલાક સજ્જડ પુરાવાઓ હતા જ અને ન્યાયાધીશે પણ પોતાની માન્યતા સ્પષ્ટ જણાવી હતી; છતાં એમાં કોઈ શક નથી કે જ્યુરીને પોતાનો નિર્ણય લેવામાં ઇન્સ્પેક્ટર કૉલિન્સે આપેલા આંગળાંની છાપના પુરાવાએ ઘણો મોટો ભાગ ભજવ્યો હતો. ફિંગર પ્રિન્ટને પ્રતાપે ગુનેગાર ઠરી ફાંસીએ ચડનાર એ પહેલા ખૂનીઓ હતા.

પણ આંગળાંની છાપની કથા તો આથી યે ઘણી જૂની છે. સદીઓ પહેલાં ચીનના રાજાઓ પોતાનાં આંગળાંની છાપ પાડીને સહી કરતા ને એને જ રાજ્યની મુદ્રા ગણવામાં આવતી. જાપાનના સદીઓ-જૂના દસ્તાવેજો પર પણ આવી છાપો મળી છે. ચીની વેપારીઓ વૃક્ષનાં પાન પર સોદો લખીને શાહી વડે પોતાનાં આંગળાંની છાપ લગાવતા. કોઇ એ છાપની નકલ કરી શકતું નહિ. બ્રિટિશ મ્યૂઝિયમમાં સચવાએલા બાબિલોનના એક અમલદારના હુકમમાં મિલક્ત જપ્ત કરી આરોપીનાં આંગળાંની છાપ લેવાની પણ આજ્ઞા કરી છે.

ગુનેગારની ઓળખ માટે આંગળાંની છાપનો પ્રમાણભૂત પુરાવા તરીકે ઉપયોગ સ્વીકારાયો એ અગાઉ યુરોપ-અમેરિકામાં આલ્ફૉન્ઝ બર્ટિલોન નામના એક ફ્રેંચે શોધેલી રીત અજમાવાતી હતી. બર્ટિલોન પદ્ધતિ તરીકે ઓળખાતી એ રીતમાં ગુનેગારના શરીરનાં જુદાંજુદાં માપની નોંધ થતી. ગુનેગારના માથાની લંબાઈ-પહોળાઈ, ડાબા-જમણા હાથપગનાં માપ, આંગળાંની લંબાઈ વગેરે અનેક માપની નોંધ ગુનેગારના ફોટાની સાથે સંઘરવામાં આવતી. આમાં સિદ્ધાંત એવો હતો કે કોઈ પણ બે માણસ સરખા જ દેખાવના ને બધી જ રીતે સરખાં જ અંગવાળા ન હોઈ શકે. આ રીત ગૂંચવણભરી હતી છતાં આ સદી સુધી ગુનેગારની ઓળખ માટે એનો ઉપયોગ થતો રહ્યો.

ઇ. ૧૯૦૩માં કાન્સાસની જેલમાં વિલ વેસ્ટ નામે હબસીનું નામ નોંધાતું હતું ત્યારે તેનું માપ લેનાર કારકુન બોલી ઊઠયો: 'આને તો મેં જોયો છે. આપણા દફતરમાં એનાં માપ હોવાં જોઇએ. હબસીએ એ વાતનો ઇન્કાર કર્યો, પણ કારકુને દફતર ફંફોળીને એ જ માપના ને દેખાવના હબસીની નોંધ ખોળી કાઢી. વિલિયમ વેસ્ટ નામના એક હબસી ગુનેગારની જ એ નોંધ હતી. એનો ફોટો જોઈ હબસીએ કબૂલ્યું કે 'એ મારા જેવો તો છે, પણ મેં અગાઉ કદી જેલ જોઈ જ નથી.' તપાસ કરતાં તેની વાત ખરી નીકળી. દફતરમાં જેની નોંધ હતી એ હબસી વિલિયમ વેસ્ટ એ વખતે પણ હજી જેલમાં જ હતો. બર્ટિલોનની રીત ખોટી ઠરી ને દફતરોમાં રાખેલી લગભગ બે લાખ જેટલી નોંધો નકામી ગણાઈ ગઈ. પણ આ દરમિયાન લંડનમાં બે વર્ષ પહેલાંથી આંગળાંની છાપનું મહત્ત્વ સ્વીકારાયું હતું. છાપના મહત્ત્વને સારી પેઠે સમજતા અને એ માટેનો હિંદુસ્તાનમાં ઠીક ઠીક અનુભવ લઈ ચૂકેલા મિ. હેન્રીએ એ ખાતાની રચના કરી. અને આંગળાંની છાપોનું વર્ગીકરણ તથા એને માટેની સંજ્ઞાઓ વગેરે યોજી કાઢી. આ સંજ્ઞાઓ નક્કી કર્યા પછી તો ગુનાને સ્થળેથી મળેલી છાપની બાજુમાં દફતરમાંની છાપ મૂકીમૂકીને જોવાનું પણ રહ્યું નહિ; મળેલી છાપને દફતરની છાપની સંજ્ઞાના આંકડાઓ પણ ઓળખ માટે પૂરતા બની રહ્યા. આમાં જરૂરત પ્રમાણે યોગ્ય સુધારા થતા જઈ આજે તો એ એક સચોટ પદ્ધતિ બની રહી છે.

હિંદુસ્તાનમાં બંગાળની કોર્ટમાં સર વિલિયમ હર્શેલે દસ્તાવેજોમાં સહીની નકલો ન થાય એટલા સારુ આંગળાંની છાપ મારવા બાબત ભાર મૂકેલો; ને પાછળથી મૅટ્રોપોલીટન પોલીસખાતામાં પોતે અધિકારી બન્યા ત્યારે ત્યાં ગુનેગારની ઓળખ માટે પણ એમણે તેને પ્રાધાન્ય આપેલું. પછી તો અન્ય દેશોમાં પણ એનું મહત્ત્વ સ્વીકારાયું ને આજે સુધરેલો દરેક દેશ એનો ઉપયોગ કરે છે, એટલું જ નહિ પણ ગુનાશોધન ઉપરાંત પણ ઘણાં ક્ષેત્રોમાં એનું મહત્ત્વ સ્વીકારાયું છે. કેટલાક દેશોમાં દરેક સરકારી અમલદારનાં આંગળાંની છાપ રાખવામાં આવે છે. કોઈ પણ કારણસર પોતાની ઓળખમાં કંઈ વાંધો ન આવે એટલા સારુ ઘણા નાગરિકો રાજીખુશીથી પોતાનાં આંગળાંની છાપ દફતરમાં નોંધાવી રાખે છે. અકસ્માત જેવા બનાવોમાં એમનાં આંગળાંની આપી રાખેલી છાપને કારણે ઘણા અજાણ્યા માણસોની ઓળખ મેળવી શકાઈ છે. અમેરિકા જેવા દેશમાં ઘરથી સેંકડો માઈલ અજાણ્યા મુલકમાં થતા અકસ્માતોમાં આ રીતે આંગળાંની છાપ કેટલી કામ લાગે એ સમજી શકશે. અમેરિકાના ફેડરલ બ્યૂરો ઑવ ઇન્વેસ્ટીગેશન (એફ. બી. આઇ.) ને ઇંગ્લંડના સ્કૉટલૅન્ડ યાર્ડમાં આવી મરજિયાત છાપોનો પણ ઘણો મોટો સંગ્રહ છે.

આંગળાંની ચામડી નીચેથી જે ભેજ નીકળે છે એને કારણે આંગળી જ્યાં ક્યાંય પણ સ્પર્શે ત્યાં તેના ઓછાવત્તા દબાણના પ્રમાણમાં આછી કે સ્પષ્ટ છાપ પડી જ જાય છે. આ છાપ કોઈ પણ સંજોગોમાં બદલાતી નથી. દાઝીને ચામડી ઊતરી ગયા પછી ફરી રૂઝ આવતાં આંગળાંમાં જે રેખાઓ પડે તે અસલ રેખાઓ કરતાં જરા પણ જુદી પડતી નથી! આંગળાં પરની રેખાઓની વિવિધ વળાંકા લેતી રચના પ્રત્યેક વ્યક્તિએ અલગ અને આગવી હોય છે. કોઈ પણ બે વ્યક્તિનાં આંગળાંની રેખાઓની આ રચના કદી એકબીજાને મળતી આવતી નથી. તેમ આંગળાં પર કંઈ કાપ પડયા પછી પણ એ વળાંકાઓની મૂળભૂત રચના બદલાતી નથી.

આંગળાંની આ છાપ કેવી રીતે લેવાય છે તે જોઇએ. મનુષ્યના શરીરમાંથી, ખાસ કરી હાથપગમાંથી થોડો પરસેવો છૂટતો જ હોય છે. પરસેવામાં ક્ષાર તથા તેલી ચીકાશ હોય છે, અને તેને કારણે કોઈ પણ સપાટી ઉપર પડેલી આંગળાંની આ તેલી ચીકાશ અને ભેજ ઉપર સહેલાઇથી ચોંટી જાય તેવો પાઉડર લગાડવાથી ત્યાં પણ

(અનુસંધાન પૃષ્ઠ ૪૩૨/બ)

બળતણ અને ખાતર મેળવવાનું કરકસરભર્યું કારખાનું

ગોબર ગૅસ પ્લાન્ટ

લેખક · દેવજી માંડણ ગાલા


ભારતની સૌથી મોટી સમસ્યાઓમાંની એક તે અનાજની બાબતમાં દેશને સ્વાવલંબી બનાવવાની છે. આજે આપણને પરદેશથી લાખો ટન અનાજ મંગાવવું પડે છે; જ્યારે છાણ જેવું કિંમતી ખાતર ચૂલામાં બાળી નાખવામાં આવે છે! નિષ્ણાતોના મત પ્રમાણે આપણે દર વર્ષે રૂા. ૫૦૦ કરોડનું લગભગ ૩૦ કરોડ ટન છાણ બળતણ રૂપે બાળી નાખીએ છીએ! આ નુકસાન રાષ્ટ્ર કે ખેડૂતને પરવડે નહિ જ. બીજી બાજુ બાળવા માટે પૂરતાં લાકડાં કે કોલસા નથી અને બધાં ગામડાંને વીજળી આપી શકાય એવી સ્થિતિ નથી. એટલે ન છૂટકે ખેડૂતોને છાણાં બાળવાં પડે છે. આવી પરિસ્થિતિમાં છાણાં પણ ન બળે ને બળતણ પણ મળી રહે એવી કોઈ યોજના હોય તો આ પ્રશ્ન હલ થાય. 'ગોબર ગૅસ પ્લાન્ટ' આનો જવાબ છે.

ગોબર ગૅસ પ્લાન્ટ એ છાણમાંથી બળતણ (ગૅસ) અને ઉત્તમ ખાતર મેળવવાનું નાનું એવું કારખાનું છે. તેમાં વિજ્ઞાનનો એક સાદો નિયમ સમાએલો છે: ઢોરોનું છાણ, મનુષ્યનો મળ, શેરડીના કૂચા, મગફળીનાં છોડાં તેમજ ખેતરના કચરા જેવા કોઈ પણ સેન્દ્રીય તત્ત્વોને હવા તેમજ પ્રકાશની ગેરહાજરીમાં સડાવતાં તેમાંથી 'મીથેન' નામનો વાયુ–ગૅસ નીકળે છે. આ વાયુથી સગડી સળગે છે ને દીવો પ્રગટે છે.

સાથેની આકૃતિ જોતાં જણાશે કે ગોબર ગૅસ પ્લાન્ટની રચના પણ સાવ સરળ અને સાદી છે. સામાન્ય કદના કુટુંબને જોઈતા ગૅસ માટે ૧૦ થી ૧૫ ફૂટ ઊંડો અને ૫ ફૂટ પહોળો ખાડો કરી તેને તળિયે અને ચારેબાજુ સિમેન્ટથી પાકું ચણતર કરવામાં આવે છે. જેથી ગૅસ કે પાણી ક્યાંયથી યે 'લીક' ન થાય.'

આ ખાડામાં છાણ વગેરે ઉતારવા માટે ઠેઠ તળિયા સુધી પહોંચતી ૩ થી ૪ ઈંચ પહોળી એક નળી જોડવામાં આવે છે. (આને પૂરક નળી કહીએ). આ નળીનો ઉપરનો છેડો ખાડાની નજીક જમીન પર હોય છે ને તેના મુખ ઉપર કુંડી બનાવવામાં આવે છે. જ્યાંથી પાણી–મિશ્રિત છાણ વગેરેના રગડાને સહેલાઈથી ખાડામાં ઉતારી શકાય છે.

છાણના નિકાલ માટે બીજી એક નિકાસ-નળી હોય છે. તે ખાડાની ઉપલી સપાટીથી એકાદ ફૂટ નીચેથી શરૂ કરી ઉપર જમીન સુધી લાવવામાં આવે છે. આ નળીની બાજુમાં બે મોટા ખાડા કરવામાં આવે છે. જેમાં બહાર નીકળતું છાણ આપોઆપ ચાલ્યું જાય છે.



ખાડામાં ઉત્પન્ન થતા ગૅસને સંઘરી રાખવા મુખ્ય ખાડા પર અનુકૂળ પહોળાઇવાળી ને પાંચેક ફૂટ ઊંચી એક લોખંડની ટાંકી ઊંધી વાળવામાં આવે છે. આમાં ઉત્પન્ન થતો વાયુ સંઘરાય છે. અને તેમાં નળી જોડી ગૅસને ધારેલી જગ્યાએ લઈ જઈ શકાય છે. આ ટાંકી અને મુખ્ય ખાડાનું કદ જરૂરિયાત પ્રમાણે ઓછુંવત્તું રાખી શકાય છે.

આ બધું બનાવવા (ખાડો ખોદવાની અને અન્ય મજૂરી સાથે ગણતાં) આશરે રૂા. ૭૦૦નો ખર્ચ થાય છે. તેમાં ટાંકીનો ખર્ચ રૂા. ૩૦૦ થવા જાય. ગોબર ગૅસ પ્લાન્ટ નાખનારને વિકાસ ઘટક તરફથી રૂા. ૩૦૦ની સહાય મળે છે અને કડિયા તથા નિષ્ણાતો પણ પૂરા પાડે છે.

ગોબર ગૅસ પ્લાન્ટને ખાતરનું કારખાનું પણ કહી શકાય. એક બાજુથી ખાડામાં છાણ, મળ-મૂત્ર ને કચરો નાખતા જાઓ ને બીજી બાજુથી સુંદર ખાતર અને બાળવા માટે ગૅસ મેળવતા જાઓ. એક વખત ખાડો પાણી-મિશ્રિત છાણના રગડા વગેરેથી ભરી દો. ૧૫–૨૦ દિવસમાં તેનું અંદર ફર્મેન્ટેશન થતાં ગૅસ ઉત્પન્ન થશે. અને ઉપર રાખેલી ટાંકીમાં એકઠો થશે. ગૅસમુક્ત છાણ ઉપર આવશે અને જ્યારે પૂરક-નળી મારફત બીજો રગડો નાખવામાં આવશે ત્યારે તે અંદરના રગડાની સપાટી ઉપર જતાં નિકાસ-નળી મારફત ગૅસમુક્ત રગડો બહાર આવશે અને તેની બાજુમાં બનાવેલા કાચા ખાડામાં એકઠો થશે. આ ક્રિયા દરરોજ ચાલુ રાખી શકાય.

બહાર નીકળેલો રગડો ખાતરનાં તત્ત્વોની દૃષ્ટિએ એક ઉત્તમ ખાતર છે. તેમાં સાદા છાણ કરતાં વધુ પ્રમાણમાં નાઇટ્રોજન હોય છે. ઉપરાંત તેમાં ઘાસ ને અનાજનાં બી પણ રહેતાં નથી એટલે ખેતરમાં ઘાસ-કચરો પણ ઓછો ઊગે છે, ને એ રીતે નીંદામણનો ખર્ચ ઘટે છે અને જમીનનો કસ પણ ચુસાતો અટકે છે. આ ખાતરમાંથી કોઇ જાતની દુર્ગંધ નથી આવતી કે નથી તેના પર માખીઓ પણ બેસતી.

ઘણાંને લાગશે કે ગંદા રગડામાં જીવ ઉત્પન્ન થતા હશે. પણ હકીકતમાં એવું નથી, કારણ કે છાણને હવા અને પ્રકાશ ન મળવાથી તેમાં એકે જીવ ઉત્પન્ન થતો નથી.

કેટલાંક માપ: નીચેના માપ પરથી સમજી શકાશે કે ગૅસ-પ્લાન્ટ કોણ વસાવી શકે અથવા તેના માટે દરરોજ કેટલું છાણ અને ગૅસ જોઇએ. (૧) એક રતલ છાણમાંથી પોણો ઘનફૂટ ગૅસ ઉત્પન્ન થાય. (૨) એક ઢોરનું રોજ સરેરાશ ૨૦ રતલ છાણ થાય. (૩) માણસના એક રતલ મળમાંથી એક ઘન ફૂટ ગૅસ મળે. (૪) એક માણસનો રોજ સરેરાશ ૧૨ થી ૧૪ ઔંસ મળ થાય. (૫) એક મેન્ટલવાળી બત્તીને એક કલાકે ૨½ ઘનફૂટ ગૅસ જોઈએ (૬) ૪ ઇંચની સગડીને એક કલાક બળવા ૧૨ થી ૧૫ ઘનફૂટ ગૅસ જોઈએ. (૭) એક માણસ માટે દરરોજ ૧૫ થી ૧૭ ઘનફૂટ ગૅસનો વપરાશ થાય, જે ૨૦ રતલ એટલે કે એક ઢોરના છાણમાંથી મળી રહે. એટલે સામાન્ય રીતે કહી શકાય કે એક માણસને જોઈતો ગૅસ એક ઢોરના છાણમાંથી મળી રહે.

ગૅસ: પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતા ગૅસને 'મીથેન' કે CH_4 પણ કહે છે. એમાં ૬૦ ટકા મીથેન ગૅસ, ૧૦ ટકા હાઇડ્રોજન અને ત્રીસેક ટકા કાર્બોનિક ઍસિડ હોય છે. આ ગૅસ ઝેરી નથી પણ ઘણો જલદ છે. તે ગંધાતો નથી, તેનો ધુમાડો પણ નથી થતો, વાસણો કાળાં નથી પડતાં; એટલે સગડી ને બત્તી બંનેમાં વાપરી શકાય.

ગોબર ગૅસના મુખ્ય બે ફાયદા આપણે જોયા: બળતણ મળે ને દીવો પ્રગટે. અને છતાં છાણ વ્યર્થ ન જાય, બલ્કે વધારે સારું ખાતર મળે. આ ઉપરાંત, એનાથી પહેલું સુખ તો બહેનોને મળે છે. ગૅસ સળગાવતાં ધુમાડો થતો ન હોવાથી આંખો બળતી કે બગડતી નથી. વળી ગૅસની ગરમી ઘણી વધારે હોઈ સ્ટવ કરતાં વધારે આરામથી ને ઝડપથી રસોઈ થાય છે. વાસણ કાળાં થતાં નથી તેથી માંજવાં સહેલાં પડે છે, ને એને ઘસારો ઓછો લાગે છે. ઘર કાળું થતું નથી એટલે સુંદર અને સ્વચ્છ દેખાય છે ને ધોળવાની મહેનત ને ખર્ચ ઘટે છે. બળતણ મળી જતાં વૃક્ષો કપાતાં અટકે છે, ને દેશની વનસંપત્તિ સચવાય છે. ગૅસનો પ્રકાશ ઘાસલેટિયા દીવાબત્તી કરતાં વધારે મળે છે ને કેરોસીનનો ખર્ચ ઘટે છે. ગૅસ-પ્લાન્ટના ઉપયોગથી ઢોર રાખવાં પરવડશે. અને એ રીતે ઢોરઉછેરને ઉત્તેજન મળતાં દૂધ-ઘીની છત વધશે. ઉપરાંત, જો ગૅસ-પ્લાન્ટ સાથે સંડાસ જોડી દેવામાં આવે તો ગામડાંને ગંદું કરવામાં મુખ્ય ભાગ ભજવતો મળ સીધો ગૅસ પ્લાન્ટમાં જતાં સ્વચ્છતા જાળવી શકાશે એટલું જ નહિ એથી મલાજો પણ સચવાશે અને ખાતર તથા ગૅસ મળે તે નફામાં. આમ, ગૅસ-પ્લાન્ટ અનેક રીતે લાભદાયી છે.

ખાદી ગ્રામોદ્યોગ કમિશને કેટલેક સ્થળે આવા પ્લાન્ટ આપ્યા છે. પોતાને ખર્ચે પણ કેટલાકોએ તે ઊભા કર્યા હશે. છતાં એની હજી બહુ પ્રગતિ થઈ ન જ કહેવાય. આવા સાદા, સરળ, ખૂબ ઉપયોગી અને ભારતની પરિસ્થિતિ ને અનુકૂળ એવા ગૅસ-પ્લાન્ટ પ્રજાએ અપનાવવા જોઇએ. એ વિષે વધુ માહિતી નીચેના સ્થળે સંપર્ક સાધવાથી મળી શકશે: (૧) ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગ્રીન વિલા, જૂના વાડજ, અમદાવાદ ૧૩ અને (૨) શ્રી તુ. વી. જાદવ, ગૅસ-પ્લાન્ટ વિશારદ, સફાઈ વિદ્યાલય, નાસિક રોડ, નાસિક.

શતરંજના કોયડાનો ઉત્તર

આ કોયડામાં કાળા પાસે સફેદનાં બે પ્યાદાંના બદલામાં એક ઘોડો અને એક ઊંટ વધારે છે. જો તે બન્ને વજીર સામસામા ખલાસ કરી શકે તો પછી સફેદનાં બે પ્યાદાં મારીને ઊંટ અને ઘોડાથી સફેદ રાજાને મ્હાત કરી શકે. સફેદ જો કાળાનું એક મહોરું મારી શકે અને પછી બન્ને વજીર સામસામા મારી શકે તો તે રમત ડ્રૉ કરી શકે. આમાંનું પહેલું કાર્ય તો સાવ સહેલું લાગે છે. 1 Q–K8ch, K–R2; 2 Q–K7ch, K×P; 3 Q×B. હવે સફેદનું પહેલું કાર્ય તો પૂરું થયું પણ કાળા પાસે હવે સુંદર ચાલ છે. 3,... N–B6ch! હવે રાજા શેહમાંથી છૂટે કે તુરત કાળો વજીર સફેદ વજીરને મારી શકે, પણ 4 K–R1!

હવે કાળો 4...Q×Q રમે તો સફેદ પાસે કોઈ ચાલ રહેતી નથી અને રમત ડ્રૉ (stalemate) ગણાય; પણ જો સફેદ 4 K–R1! ને બદલે 4 K–R3? રમ્યો હોત તો કાળો 4..., N–N4ch પછી 5..., Q×Qથી રમત જીતી શકત.

4..., Q–K8ch; 5 K–N2, Q–N8 ch; 6 K–R3 ફરી એક વખત સફેદનો વજીર મરે છે, પણ જો કાળો 6..., Q×Q રમે તો ફરી સફેદ પાસે કોઈ ચાલ રહેતી નથી અને રમત ડ્રૉમાં જાય.

6...;Q–R7ch; 7 K–N4, Q–N7ch; 8 K–R5, Q×Q; stalemate. હવે જો કાળો સફેદ વજીર ન મારે તો પણ તે જીતી શકે નહિ, કારણ કે હવે સફેદ રાજા અને વજીર નજીક આવી ગયા ને તેથી કાળાને વજીર મફતમાં મળી શકે નહિ.

T. B. Gorgievના આ કોયડામાં સુંદર રીતે ત્રણ જુદાંજુદાં ખાનાં ઉપર stalemate બતાવવામાં આવ્યા છે. **સુરેશ મોદી**

લઘુકથા

ઉરમાં વસનારાં

મોહનલાલ પટેલ

બે ત્રણ દિવસ માટે અમદાવાદ આવેલો હરસુખ શહેરમાંથી પાંચ માઈલ ચાલીને અમારી સોસાએટીમાં અમને મળવા આવ્યો ત્યારે મારા કરતાં ય વિમળાને વધારે હર્ષ થયો. પણ જ્યારે એણે એક દવાની ચિઠ્ઠી આપતાં કહ્યું, 'આપણા ગામનાં સુધાકાકીએ તમારી પાસે આ દવા મંગાવી છે. લાવી રાખજો; કાલે આવીને હું લઈ જઇશ.' ત્યારે વિમળાના મુખ ઉપર તિરસ્કારની રેખાઓ ઊપસ્યા વિના ન રહી. એ વખતે તો એ કંઇ બોલી નહિ, પણ હરસુખના ગયા પછી એણે રોષ પ્રદર્શિત કર્યો; 'કેવો ધૂર્ત માણસ! સુધાકાકીની દવા માટે પાંચ માઇલ ચાલીને અહીં સુધી આવ્યો ત્યારે એણે જ શહેરમાંથી લઇ લીધી હોત તો? પણ એ શાનો લે? હું એને જાણું ને? એ જાણે છે કે સુધાકાકી પાસેથી પૈસા છૂટવાના નથી. સુધાકાકી કંઈ ઓછાં પક્કાં નથી, સમજ્યા?' અને આખરે એણે જણાવી દીધું: 'આ દવાના પૈસા કાઢશો તો ફરી કદી પામવાના નથી! આપણી પાસે કંઈ વધારાના નથી. તે ફેંકી દઇએ. હરસુખ આવે ત્યારે ચોખ્ખી ના કહી દેજો.'

'એમ તે કંઈ ચાલે?'

'ન કેમ ચાલે? તમને 'ના' કહેતાં શરમ આવતી હશે તો હું કહી દઈશ.'

છતાં ય સાંજે બે રૂપિયા ખર્ચીને હું દવા લઈ આવ્યો ત્યારે વિમળા ખરેખર રાતીપીળી થઈ ગઈ, અને 'ઘરખોયાપણા' માટે મને ઠીકઠીક સંભળાવ્યું પણ ખરું.

બીજે દિવસે સવારે હરસુખ આવ્યો ત્યારે વિમળાનું મોં ચડી ગયું. અને આખરે હરસુખ ચા પીતો હતો ત્યારે એ પોતાના મનનો ઊભરો કાઢ્યા વિના ન રહી શકી. બોલી: 'હરસુખભાઈ, બે રૂપિયાની ચીજ માટે બે વખત જવાઆવવાના કરીને તમે વીસ માઈલની ખેપ કરી એના કરતાં તો શહેરમાંથી તમે જ દવા લઈ લીધી હોત તો? સુધાકાકીને તો તમે અને હરકાન્ત બંને સરખા.'

વાત સાચી હતી, એટલે હરસુખ લાચારીભર્યા ચહેરે વિમળા સામે જોઈ રહ્યો. વિમળા આગળ કંઈ બોલવા જતી હતી ત્યાં રકાબીમાંની ચા ઝટઝટ ગળે ઉતારી, 'જાઉં ત્યારે' કહી એણે ચાલવા માંડ્યું.

એના ગયા પછી પણ વિમળાએ એની પૂંઠ પાછળ ઘણો રોષ અને ધિક્કાર પ્રગટ કર્યાં.

હરસુખને એણે ઉતારી પાડ્યો એ મને ગમ્યું નહોતું એટલે મેં એને કહ્યું: 'વિમળા, આ ઠીક ન થયું. બે રૂપિયા માટે આપણે છેક આટલું બધું સાંકડું મન દેખાડ્યું એ આપણને નથી શોભતું; આપણા કુટુંબની એ રીત નથી.'

પહેલાં તો વિમળા મારી સામે તીક્ષ્ણ નજરે જોઈ રહી. પછી એના મુખ ઉપર ફેરફાર થયો. એને ઘણું માઠું લાગ્યું હોય એમ જણાયું. એ કશું જ બોલ્યા વિના ઘરમાં ચાલી ગઈ.

એના આવા ભાવથી હું ગમગીન થયો.

અને છતાં એ ગમગીની વચ્ચે મારા હૈયામાં કોઈ ગૂઢ પ્રસન્નતા કોળી રહી હતી. 'પોતાના માટે પ્રેમથી એકાદ-બે રૂપિયા હું ખર્ચી નાંખીશ એવી શ્રદ્ધા ધરાવનારાં સુધાકાકી, વીસ માઇલની ખેપ કરીને પણ સંપેતરાનું કામ પૂરું પાડનાર હરસુખ ને પતિના ખરા પરસેવાની કમાણીમાંથી બે રૂપિયા પડી જતા જોઇને કકળી ઊઠતી વિમળા...'

એ ત્રણે ય મારા હૈયાને અડી ગયાં હતાં.

સાહિત્યસંપર્ક

નવલકથાઓ · નવલિકાઓ · બાળવાર્તાઓ

બહાદુરશાહ પંડિત

નવું બાળસાહિત્ય

મૂરખરાજ અને તેના બે ભાઈઓ: ટૉલ્સ્ટૉયની 'ધ સ્ટોરી ઑફ ઈવાન ધ ફૂલ' નામની વાર્તાના ગાંધીજીએ કરેલા આ અનુવાદમાં એક પૈસાદાર ખેડૂતના ત્રણ પુત્રો –મૂરખરાજ, ધન્વંતરિ, શમશેર બહાદુર– અને બહેરી-મૂગી પુત્રી મોંઘીના પરસ્પરના વહેવારની કથા આલેખાઈ છે, જેમાં ધન્વંતરિ વેપાર દ્વારા અને શમશેર બહાદુર યુદ્ધ દ્વારા ખૂબ ધન અને સત્તા પ્રાપ્ત કરવાના પ્રયાસો કરે છે, જ્યારે મૂરખરાજ સાદાઈ ભોળપણ અને નિખાલસતાથી ખેતી કરતો કરતો ભાઇઓને વિપત્તિમાં મદદ કરે છે અને શેતાન તથા તેના ગુલામોને ફાવવા દેતો નથી. અંતે ભાઇઓ પણ મૂરખરાજની સાદી પણ ભવ્ય રહેણીકહેણીનું રહસ્ય સમજે છે અને રાજા બનેલા મૂરખરાજના આશ્રયે નીતિથી શ્રમ કરીને સુખી જીવન જીવે છે.

ઘટનાના થોડાક દૂધમાં અનેકગણું વર્ણન-રૂપી પાણી ઉમેરી પ્રસિદ્ધ થતી અત્યારની ઢગલાબંધ બાળવાર્તાઓમાં આ વાર્તા એના પાત્રવૈવિધ્યથી, અસરકારક માર્મિક પ્રસંગોના આલેખનથી, બાળકોને આકર્ષે એવા ચમત્કારી બનાવોના વર્ણનથી અને રોચક તથા પ્રેરણાત્મક નીતિબોધથી એક ઉત્તમ આદર્શરૂપ બાળવાર્તા બની છે. મોટા ટાઇપમાં થએલું સ્વચ્છ છાપકામ અને પ્રકરણના મથાળે આવતાં ચિત્રો પણ બાલભોગ્ય છે. (પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, કિં. ૭૫ પૈ. પૃ. ૬૧)

રિપ વાન વિંકલ: વૉશિંગ્ટન ઇરવિંગની એ જ નામની કૃતિના **શ્રી જિતેન્દ્ર દેસાઇએ** કરેલા આ અનુવાદમાં વાર્તા એવી છે કે 'રિપ વાન વિંકલ' નામનો એક આળસુ કજિયાખોર પત્નીના બબડાટથી ત્રાસીને એક વાર ગામ પાસેના ડુંગરાઓ પરના ભૂતિયા બાગમાં જઈ ચડે છે, અને ત્યાંના ખલાસી ભૂતોનો જાદુઈદારૂ પીવાથી વીસ વર્ષની લાંબી ઊંઘમાં પડી જાય છે. પોતે એક જ રાત ઊંઘ્યો છે એમ માનતો રિપ જ્યારે વીસ વર્ષ બાદ ગામ પાછો આવે છે ત્યારે ગામની ભાગોળે નીકોલસની જૂની હોટલના સ્થાને મોટું મકાન, પત્ની વિનાનું હવડ થઈ ગએલું પોતાનું ઘર, પોતાનો વૃદ્ધ કૂતરો અને ચૂંટણી નામની કોઈ વિચિત્ર ઘટનાની વાતો કરતા અજાણ્યા જેવા લોકો વગેરેને જોઈ આશ્ચર્યચકિત થઈ જાય છે. આ કરુણ પણ હાસ્યજનક પરિસ્થિતિ રિપને ભારે મૂંઝવણમાં મૂકી દે છે. અંતે એની લગ્ન કરી ચૂકેલી પુત્રી અને વૃદ્ધ થએલો મિત્ર પીટર મળે છે ત્યારે એને સાચી સ્થિતિનું ભાન થાય છે અને એ જૂનાં સ્મરણો વાગોળતો વૃદ્ધાવસ્થા વિતાવે છે.

પલટાતા જમાના તરફ ધ્યાન આપ્યા વિના પોતાની જૂની રૂઢ માન્યતાઓને પકડી રહેલા ઘૂવડ જેવા માણસો પર કટાક્ષ કરતી આ વાર્તા આબાલવૃદ્ધ સૌને એકસરખી રીતે આકર્ષી શકે એવી છે પણ એમાં આવતી ભૂતની વાત, રિપનું રમૂજી પાત્ર, વિચિત્ર પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થતું હાસ્ય અને સાદી અને સરળ શૈલી બાળકોને તો ખૂબ આકર્ષે એમ છે. મોટા ટાઈપમાં છાપીને અને સચિત્ર બનાવીને પ્રકાશન સંસ્થાએ વાર્તાને વધુ બાલભોગ્ય બનાવી છે. અને શ્રી મગનભાઈ દેસાઇએ 'ઉખાણો બનેલી કથા' શીર્ષક નીચે કરેલી સમીક્ષા વાર્તાને સમજવાની ચાવીની ગરજ સારે છે. (પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, કિં. ૭૫ પૈસા પૃ. ૬૦)

ટાઢનું ઝાડ: શ્રી હરીશ નાયકના આ બાળવાર્તાના સંગ્રહની કુલ ૧૮ વાર્તાઓમાં કેટલીક દંતકથાઓ છે તો કેટલીક કાલ્પનિક વાર્તાઓ છે. એમાં જ્ઞાન, નીતિ, ચતુરાઈ, સાહસ, મનોરંજન, ઉદારતા, ભલમનસાઈ વગેરે તત્ત્વોનું આલેખન કરી બાળકોને ગમ્મત સાથે જ્ઞાન ને નીતિબોધ આપવાનો પ્રયાસ છે. 'ટાઢનું ઝાડ', 'બે છીંક', 'નકશીદાર પેટી', 'સોનાની વિદ્યા' જેવી કેટલીકવાર્તાઓ બાળકોની કલ્પનાને ઉત્તેજી એમની કુતૂહલવૃત્તિને સંતોષે અને નિર્દોષ આનંદ આપે એવી છે; પણ લેખકની શૈલી એકસરખી બાલભોગ્ય રહી નથી. દા. ત. 'અપરાધનો દંડ' વાર્તાની શૈલીને ભાગ્યે જ બાલભોગ્ય કહી શકાય. (પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય રૂ. ૧, પૃ. ૧૬૧)

શેરલૉક હોમ્સ: ડિટેક્ટિવ નવલકથાઓના જગવિખ્યાત લેખક કૉનન ડૉઈલની એ જ નામની કૃતિના આ અનુવાદમાં જુદા જુદા ગુનાહિત બનાવોનાં રહસ્ય ડિટેક્ટિવ શેરલૉક હોમ્સ પોતાની અદ્ભુત અવલોકન-શક્તિ, ઝીણવટભરી દૃષ્ટિ અને કાર્યકારણની કડીઓને સાંધતી વિલક્ષણ બુદ્ધિથી કેવી અદ્ભુત રીતે શોધી કાઢે છે એ સ-રસ રીતે આલેખવામાં આવ્યું છે. પ્રસંગોના આલેખનમાં વૈવિધ્ય, રોચક્તા અને રસિક્તા હોવાથી એકવિધતા અને એના પરિણામે આવતી નીરસતાનો આ વાર્તાઓમાં સદંતર અભાવ છે. જેમાં હોમ્સનાં અનુમાન ખોટાં પડે છે એવા 'રહસ્યભર્યો પાડોશી' નામે પ્રસંગમાં પણ સબળ આલેખન ને જિજ્ઞાસા ઉત્પન્ન કરતું કૌશલ આકર્ષક છે.

આજે ઢગલાબંધપ્રમાણમાં થતાં ડિટેક્ટિવ કથાઓનાં અધકચરાં ને સસ્તાં ભાષાન્તરોમાં આ કૃતિ નમૂનારૂપ થઈ પડે એ સ્વાભાવિક છે; પણ અનુવાદક શ્રી જેઠાલાલ સોમૈયા 'મને કહેવા દો', 'એણે એની જાતને ગાડીમાં બેઠેલી જોઇ' વગેરે જેવાં અંગ્રેજીભાષાની સીધી અસર બતાવતા તરજુમિયા વાક્યપ્રયોગો દૂર કરી શકયા હોત તો સારું. (પ્રકાશક:

શબ્દકથા: છોકરાંછૈયાં · ટાંપાંટૈયાં

ભાષા જેમ કેટલાક ભાગમાં યાંત્રિક જેવી હોય છે, સૌ એનો એકધારો ઉપયોગ કર્યે જાય છે, તેમ કેટલાક ભાગમાં તે વર્ધનક્ષમ કે સર્જનપ્રવણ પણ હોય છે. દરેક પ્રયોગમાં બીજનું સામર્થ્ય હોય છે. જોઇતાં ખાતરપાણી ને હવામાન મળતાં તેમાંથી અંકુર ફૂટીને વેલો વધવા લાગે છે.

'છોકરાંછૈયાં'માં 'છૈયાં' એ અંશનો સંબંધ પ્રાકૃત 'છાવ' અને સંસ્કૃત 'શાવ' (=બચ્ચું) સાથે છે. 'ઢકાઢૈયા'માં 'ઢૈયા' એ અંશને હિંદીમાં જળવાએલા 'ઢહના' (=ઢસવું, ઢળી પડવું) સાથે જોડવામાં ઘણી તાણખેંચ કરવી પડશે. અને 'ખાડાખૈયા', 'ટાંપાંટૈયાં' કે 'ટાંકાટૈયા', 'ઠાગાંઠૈયાં', 'થાબડથૈયા' વગેરેમાં પણ એવી જ મુશ્કેલી છે. પ્રયત્ન કરીએ તો 'ખૈયા' ને 'ખાઇ' સાથે ને 'થૈયા'ને 'થેઈ થેઈ' સાથે સાંકળી શકાય. પણ વાસ્તવમાં તો 'છોકરાંછૈયાં' જેવાં એકબે જોડકાં, અને અનુપ્રાસરંગી શબ્દો પરથી બીજા 'ખાડાખૈયા' 'ટાંપાંટૈયાં' વગેરેનું ટંકશાળી ઘડતર થયું છે. એમાં પાછળનો અંશ પોતાનો આગવો અર્થ નથી ધરાવતો, પણ માત્ર અનુપ્રાસ સાધતું લટકણિયું છે, અને આગળના શબ્દ સાથે જોડાઇને 'તે તથા તેના જેવી બીજી વસ્તુઓ' એવો અર્થ નીપજાવે છે.

આ જાતનાં બીજાં પણ કેટલાંક ઘડતરો ગુજરાતીમાં છે.

હરિવલ્લભ ભાયાણી

વોરા ઍન્ડ કંપની, મુંબાઈ-૨ ભા. ૧,-૨,-૩ દરેકનાં પાનાં ૮૮ કિં. દરેકની દોઢ રૂપિયો)

ગિરજો ગોર : 'સિંહાસન બત્રીસી'ની વાર્તાઓમાં જેમ પરદુ:ખભંજક વિક્રમ રાજા જુદાજુદા પ્રકારે દુ:ખી થએલી વ્યક્તિઓને દુ:ખ મુક્ત કરે છે એમ શ્રી રામચંદ્ર ઠાકુરના આ વાર્તાસંગ્રહની તેરેતેર વાર્તાઓમાં ગિરજો ગોર વિવિધ વ્યક્તિઓ પર પડેલી આફતોનો પોતાની સામ, દામ, ભેદ ને અંતે દંડની નીતિથી નિકાલ કરે છે.

'અખંડ આનંદ'માં ક્રમશ: પ્રગટ થએલી આ વાર્તાઓ હેતુલક્ષી હોઈ એમા ટૂંકી વાર્તાને આવશ્યક એવા ધ્વનિ, આકારસૌષ્ઠવ, ચમત્કૃતિભર્યો અંત કે ભાવાલેખનને બહુ અવકાશ મળ્યો નથી. પણ લેખક ગિરજા ગોરની સચોટ ને બુદ્ધિગમ્ય દલીલો દ્વારા સનાતન હિન્દુધર્મના રિવાજોમાં રહેલું તથ્ય સમજાવવામાં સફળ થયા છે. ગિરજો ગોર એક રીતે સમાજસુધારક છે ને આ સંક્રાંતિકાળમાં જીવન જીવવાની નવી જ દૃષ્ટિ આપે છે. 'સમાજવાદી ગોરા' જેવી વાર્તાઓમાં આવતી લાબી ને કંટાળાજનક દલીલબાજી અપવાદરૂપે બાદ કરીએ તો લેખકની સંવાદકુશળતા, વિવિધ પ્રસંગોનું આલેખન કરવાની શક્તિ ને કટાક્ષપૂર્ણ શૈલી જકડી રાખે એવાં છે. કલાદૃષ્ટિએ નહિ પણ એમાં આવતા સમાજચિંતનની દૃષ્ટિએ આ વાર્તાઓ વાંચવા જેવી છે. (પ્રકાશક: સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, રૂ. ૨ાા, પૃ. ૨૯૬)

તૂટી પ્રીત ન સંધાય : શીર્ષક અને ઉપરના ચિત્ર પરથી પ્રણયદર્દભરી વાર્તાઓની અપેક્ષા જગાડતા શ્રી પ્ર. જ. પાઠકના આ વાર્તાસંગ્રહમાં એક પણ વાર્તા પ્રણયનું દર્દ રજૂ કરતી નથી. સંગ્રહની બાર વાર્તાઓમાં 'તેર જોડ જોડા' એમાં આલેખાએલી ગરીબાઇની લાચારી ને માનવની પરિગ્રહવૃત્તિના લીધે, 'અપસવ્ય' વેધક કટાક્ષથી, 'પારેવાંની જોડી' પ્રતીક યોજનાથી, 'સ્વપ્નદ્રષ્ટા સુદર્શન' આઝાદી પછીની પરિસ્થિતિનું વેધક કટાક્ષપૂર્ણ આલેખન કરતી હોવાથી, ને 'નનામી અરજી' આયોજનની વિશિષ્ટતા ને સચોટ ચમત્કૃતિજન્ય અંતના લીધે આકર્ષક વાર્તાઓ બની છે. બાકીની કેટલીક વાર્તાઓ છાપાંના બનાવોની કક્ષાથી આગળ વધી નથી. પોતાની જાતને વાર્તાકાર તરીકે ઓળખાવતા કોઈ નરેન્દ્ર દવે નામના ભાઇને સંગ્રહને મળેલો 'કૃતિનિષ્ઠ વિદ્વત્તપૂર્ણ આવકાર' લેખકની અતિશયોક્તિભરી પ્રશંસા કરતો હોઇ લેખકની સર્જનશક્તિને લાભ કરતાં નુકસાન વધારે કરવાનો ભય છે. આ 'આવકાર' અને વાર્તાઓમાં આવતા મુદ્રણદોષો, તથા જોડણીની અસંખ્ય ભૂલો અક્ષમ્ય હદ સુધી પહોંચે છે. (પ્રકાશક: સૌરાષ્ટ્ર સાહિત્ય સંગમ, રાજકોટ રૂ. ૩ પૃ. ૧૫૬)

ભીની મોસમ : શ્રી ચંદુલાલ સેલારકાના આ સંગ્રહની ચોવીસ વાર્તાઓમાંથી મોટા ભાગની વાર્તાઓમાં સ્ત્રીપુરુષોના પરસ્પરના આકર્ષણમાંથી ઊભાં થતાં, કામલાલસા, ઇર્ષ્યા, ઝંખના, અધીરાઈ, વહેમ, નિરાશા વગેરે ભાવોનું વિવિધ પાત્રો ને પ્રસંગો દ્વારા આલેખન થયું છે. એક જ પુરુષ તરફ આકર્ષાતી વિધવા મા ને યુવાન પુત્રીની કરુણ કથા આલેખતી 'પ્રો. અજીત,' ખોટો પ્રેમપ્રસંગ કહી પત્નીનો પ્રેમપ્રસંગ જાણી એના પર ગુસ્સે થતા પતિના લીધે અગ્નિસ્નાન કરતી પત્નીના કરુણજીવનને આલેખતી 'અગ્નિપરીક્ષા, વિધવા કુંદનબેન વિધુર શિક્ષકને ચાહતાં હોવા છતાં સમાજના ડરથી ને સંસ્કારિતાના દંભથી પુનર્લગ્ન કરી શકતાં નથી એ દર્શાવતી પ્રતીકાત્મક વાર્તા 'એક હતી ચકલી', પરપુરુષનો સ્પર્શ મેળવવા ફીટ ઢાળતી સ્મિતાનાં બે પાસાં દર્શાવતી 'સ્મિતાનું રૂપ', પોતાના તરફ આકર્ષાએલી રત્નાને ગાંધીજીની ચોકીનો પ્રત્યક્ષ ખયાલ આપી જિતુભાઈના પાત્રની ઉદારતા આલેખતી 'ચોકીદાર' જેવી કેટલીક વાર્તાઓ સારી છે. બાકીની કોઈ રહસ્યના અભાવે તો કોઈ પ્રસંગના સચોટ આલેખનને અભાવે, કોઈ ધ્વનિના અભાવે તો કોઈ પ્રતીતિજનકતા ગુમાવવાથી કલાત્મક બનતાં અટકી ગઈ છે. લેખક ઘટના પસંદ કરવામાં જેટલી કુશળતા બતાવે છે એટલી જ એને કલાઘાટ આપવામાં બતાવવા પ્રયત્નશીલ રહે એ આવશ્યક છે. (પ્રકાશક: ચંદ્ર પ્રકાશન, મુંબાઈ, રૂ. ૪૧, પૃ ૨૦૮)

નવી નવલકથાઓ

શિરીષ : આ પુસ્તકથી નવલકથાના સંક્ષિપ્તીકરણના સમૂહમાં એકનો વધારો થાય છે. રમણલાલ દેસાઈની એ જાણીતી નવલનો એમના પુત્ર શ્રી અક્ષયકુમાર દેસાઇએ કરેલો આ સંક્ષેપ સુવાચ્ય બન્યો છે. પણ મૂળ કથાના અસંભવિતતાના દોષો અને બનાવોના ક્રમની અઘટિતતામાં કશો સુધારો થયો નથી. આવા સંક્ષેપો સારી ખ્યાતિ પામેલી નવલકથાઓના કરવા કે દરેક નવલકથાના એ પ્રશ્ન વિચારવા જેવો છે. કેટલાક મુદ્રણદોષો વધારે ધ્યાન આપ્યું હોત તો સુધારી શકાત. દા. ત. પહેલા પાનાની બે પંક્તિઓમાં જ સોહિણી ને રોહિણીનો ગોટાળો થયો છે. (પ્રકાશક: વોરા ઍન્ડ કંપની, મુંબાઈ, રૂ. ૨, પૃ. ૧૨૭).

માટીની ચાદર : શ્રી મોહમ્મદ માંકડની આ વાતાવરણપ્રધાન નવલકથામાં સ્વરાજ્યપ્રાપ્તિ પછીનાં ભારતનાં ગામડાંઓની મુખ્યત્વે રાજકીય ને અંશત: સામાજિક સ્થિતિનું કરુણ-મધુર આલેખન છે. વાસતપર ગામના સુખલાલ શેઠના ત્રણ પુત્રો—રસિક, સુમન અને પંકજ—માંથી વચેટ પુત્ર સુમન મોટાની ભલમનસાઈ અને નાના પંકજની પ્રેમઘેલછાનો લાભ ઉઠાવી પિતાની મિલકત કેવી રીતે કબજે કરે છે અને આખા ગામના રાજકીય વાતાવરણ પર કાબૂ જમાવી ચંદુલાલ જેવા કાંગ્રેસ કાર્યકરને કેવી શિકસ્ત આપે છે, એનું આ કથામાં રોચક રીતે આલેખન થયું છે. આવી વાર્તાઓમાં પરિસ્થિતિ જ પ્રધાન હોય છે છતાં, વાર્તામાં સુમનના પાત્રનું સરસ આલેખન થયું છે. અને એના કરુણ અંતમાં લેખકની માનસશાસ્ત્રીય લાક્ષણિકતાઓ નિરૂપવાની શક્તિનો પરિચય થાય છે.

પંકજ-લીલીનો પ્રણય અધવચ્ચે ઓસરી ન ગયો હોત તો કથા વધુ સુશ્લિષ્ટતા પામી શકી હોત. એકંદરે આરંભનાં પ્રકરણોમાં વસ્તુની જમાવટ કરતાં વાર લગાડાતી હોવા છતાં જામ્યા પછી વાર્તા જકડી રાખવાની શક્તિ ધરાવે છે, અને તેનો કરુણ અંત વાચક પર ઘેરી અસર મૂકી જાય છે. (પ્રકાશક: સ્વાતિ પ્રકાશન મુંબાઈ-૩, પૃ. ૩૧૮ રૂ. ૭)

હાજીબાબાનાં સાહસો : એક અંગ્રેજી પુસ્તકના આધારે સ્વ. રૂપસિંગ મથુરાદાસ રામજીએ કરેલા આ અનુવાદમાં ઈસ્પહાનના હસન નામના હજામનો પુત્ર હાજી એક શેઠ સાથે વેપાર અર્થે પરદેશ જતાં લુટારાઓના હાથમાં પડે છે, જ્યાંથી અનેક સાહસો કરતો, અનેક વેશો ભજવતો, ને અનેક મુશ્કેલીઓ વેઠતો અંતે શાહના એલચી ખાતામાં પદવી પ્રાપ્ત કરે છે, એનું આલેખન થયું છે. માનવીની આડંબરપ્રિયતા, વહેમો, ધર્મઘેલછા, મૌલવીને દરવેશોની છેતરપિંડીઓ વગેરેનું હાસ્યજનક રીતે આલેખન કરવા ઉપરાંત લેખકે અનેક વાર પરિસ્થિતિજન્ય હાસ્ય પણ ઉત્પન્ન કર્યું છે. અલબત્ત, એ હાસ્ય સાવ સ્થૂલ ને કોઈક વાર તો અત્યંત સામાન્ય કક્ષાનું હોય છે. ઈરાન અને પાડોશનાના પ્રદેશનું મધ્યકાળનું ક્રૂર વાતાવરણ, અરાજકતાભરી પરિસ્થિતિ વગેરેનો ખયાલ પણ અનાયાસે લેખકે આપી દીધો છે. (સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, પૃ. ૩૧૫, રૂ. ૨ાા

જીવતરનાં મૂલ : શ્રી મનસુખલાલ ઝવેરીની આ નવલકથામાં ઓતમચદ શેઠની પુત્રી સુરેખાના વિવાહ ગોરધનદાસ શેઠના

પુત્ર દેવેન્દ્ર સાથે થાય છે પણ દેવેન્દ્રને શ્રોફની પુત્રી સૂર્યગુપ્ત સાથે સંબંધ છે એવી માહિતી મળતાં સુરેખાના મામા એ સંબંધ છોડાવવા ગુંડાઓ મારફત પ્રયાસ કરે છે. પરિણામે સુરેખાનો વિવાહ તૂટે છે. બીજી બાજુ સુરેખાનો ભાઈ દીપક નાનપણમાં ખોવાયો હતો એ સાધુમેલામાંથી મળે છે પણ તે એક ગુંડો હોય છે અને સુરેખાના એકલવાયાપણાનો લાભ ઉઠાવવા પ્રયત્ન કરે છે. સુરેખા અગ્નિસ્નાન કરે છે પણ મામાના પુત્ર વિનોદના પ્રયાસથી બચી જાય છે અને દીપકરૂપે આવેલો ગુંડો અને એની ટોળી પકડાઈ જાય છે. દેવેન્દ્ર આવે છે, સુરેખા સાથે એના હૈયાનું સગપણ સધાય છે. એ જ સમયે મામી સુરેખાને ભાઈ આવવાના સંભવની જાણ કરી આનંદવૃદ્ધિ કરે છે.

૩૦૬ પાનાંની આ નવલકથામાં સરાસરી દર બે પાને એક વખત 'જીવતરનાં મૂલ' એ શબ્દપ્રયોગ થતો હોવા છતાં લેખકે જીવતરનું કશું મૂલ્ય સૂચવ્યું દેખાતું નથી. પાત્રો પાસે કરાવેલી લાંબી ચર્ચાઓ વાર્તાના પ્રવાહ સાથે એકરસ ન હોઈ વાર્તારસને તેમજ પાત્રાલેખનને હાનિ થાય છે. (પ્રકાશક: સુમન પ્રકાશન, મુંબઈ, પૃ. ૩૦૬, રૂ. ૬॥)

સૂરતના ધૂળિયા મહોલ્લામાં : શ્રી નાનુભાઈ નાયકની આ સામાજિક નવલકથા દામ્પત્યજીવનમાં પતિપત્નીનો પરસ્પર ઉદાર, પ્રેમભર્યો ને નિખાલસ વર્તાવ લગ્નજીવનને અને એ દ્વારા કુટુંબજીવનને કેવું સુખી બનાવે છે, એ દર્શાવે છે. નાયક રજની મુગ્ધાવસ્થામાં કમળા નામની ત્યક્તા સાથે સંબંધમાં આવે છે. કમળાનું એના તરફનું આકર્ષણ એની પત્નીના દિલમાં ઈર્ષા જગાડે છે. પરિણામે રજની અને સરલાના જીવનમાં વિખવાદ ઊભો થાય છે. અંતે કમળાના ગાંડપણ ને આપઘાત બાદ, માતાના પ્રેમભર્યા પ્રયાસોથી, બંનેનું લગ્નજીવન સુખદાયક બને છે.

સૂરતના ધૂળિયા મહોલ્લામાં થતા સુધારાઓ સાથે યુવાન હૃદયો પણ ઉદારતા ધારણ કરતાં જાય છે, એવું નિરૂપણ અંતે ચર્ચાતી પ્રેમની ફિલસૂફીને લીધે ધ્વન્યાત્મક બનવાના બદલે છતું થઈ જાય છે જે કલાદૃષ્ટિએ વિઘાતક છે. અંતમાં ઉપદેશાત્મક ન બની હોત તો નવલકથા વધુ કલાત્મક બનત. પ્રકાશક: સાહિત્ય સંગમ, સૂરત, પૃ. ૩૧૨, રૂ. ૬

કિંગ લીઅર · રસ અને રહસ્ય

શેક્સપીઅરનાં ચાર શ્રેષ્ઠ કરુણાન્ત નાટકોમાં આને (ઇ. સ. ૧૬૦૭) કેટલાક વિવેચકોએ મોખરાનું સ્થાન આપ્યું છે. આ નાટકના પહેલા જ અંકથી નાટ્યરસ, સંઘર્ષ, જિજ્ઞાસા, કાર્યવેગ વગેરેનો આરંભ થઈ જાય છે. ઑથેલોના ત્રીજા અંકમાં તેમ આ નાટકના પહેલા અંકમાં જ શેક્સપીઅરની સર્જકપ્રતિભા ખીલી ઊઠી. રાજા લીઅર એની દીકરીઓને રાજ્યભાગ વહેંચે છે ત્યાં જ તેની કરુણતાનું બીજ રોપાઈ જાય છે. એની કરુણતા માટે એનો અત્યંત ઊર્મિલ સ્વભાવ, અધીરાઇ તથા બુદ્ધિ ઉપર આવેશનો પ્રબળ અધિકાર—એ તત્ત્વો ખાસ જવાબદાર ગણાય. એના વર્તાવમાં ઠેઠ જીવનના અંત સુધી આ તત્ત્વો જ રમ્યા કરે છે. અલબત્ત એના જીવનની કરુણતામાં વિધાતા પણ ભાગ ભજવે છે. પુત્રીઓનો પ્રેમ પોતાના ઉપર કેવો છે, કેટલો છે એની માત્રાની પૃચ્છા કરીને એણે રાજ્યભાગ વહેંચ્યો એ પ્રસંગમાં લીઅરની બુદ્ધિમત્તા દેખાય ખરી? કેટલાક વિવેચકો(કૉલરિજ જેવા)એ પ્રસંગને સાવ અસંભવિત ગણે છે. પરંતુ એ અસંભવિત પ્રસંગમાંથી જ ટ્રૅજેડીની આખી ઇમારત ઊભી થાય છે. એની સૌથી નાની દીકરી કૉર્ડીલિયાએ પિતા પ્રત્યેના પ્રેમ વિષે નિખાલસપણે ઉદ્ગારો કાઢ્યા તે રાજાને રુચ્યા નહિ ને તેણે કૉર્ડીલિયાને હડધૂત કરી. આમ પહેલા અંકમાં જ બાપ અને દીકરી વચ્ચે વિયોગથી આરંભ થયો. એ પછી ઘણી બધી ઘટનાઓ બની, ભાગ્યચક્રનો આંટો ફર્યો અને છેક છેલ્લા અંકમાં પિતાપુત્રીના સુખદ મિલન પછી ફરી વાર પિતાને પુત્રીનો શાશ્વત વિયોગ થયો. આમ ચક્રનો એક આંટો પૂરો થયો.

'કિંગ લીઅર'માં વસ્તુસંકલના બહુ જ સંકુલ છે, ઘટનાઓની પ્રચુરતા પણ છે. એમાં મુખ્ય વસ્તુ (plot) રાજા લીઅર અને તેની બે દીકરીઓ વચ્ચેના સંઘર્ષનું છે. તેની સાથે એક ઉમરાવ ગ્લૉસ્ટર અને તેના બેવફા પુત્ર એડમંડની ગૌણ કથા શેક્સપીઅરે 'નહિ સાંધો નહિ રેણ' એ રીતે સાંધી છે. બંનેમાં વિષયનું અથવા વસ્તુનું પણ સામ્ય છે: રાજા લીઅરને તેની બે દીકરીઓ બેવફા નીવડે છે ને સૌથી નાની કૉર્ડીલિયા જ તેને અંતે સહાયભૂત થાય છે, તો ગૌણ કથામાં ગ્લૉસ્ટર સાથે તેનો અનૌરસ પુત્ર વિશ્વાસઘાત કરે છે, પરંતુ તેનો ઔરસ પુત્ર એડગર જ છેવટે પિતાને મદદરૂપ બને છે. રાજા લીઅરનું પાત્ર, તેનો વર્તાવ, તેના આવેશમય ઉદ્ગારો, તેના સ્વભાવની આત્યંતિકતા વગરનું અત્યંત સફળ અને સમર્થ ચિત્રણ આ નાટકમાં થયું છે. લીઅરને બેવફા નીવડેલી તેની બે પુત્રીઓ—ગૉનરીલ અને રીગનનાં પાત્રો પણ નાટ્યકારે આબાદ ઉપસાવ્યાં છે. એ સિવાય એડમંડ, કેન્ટ, આલ્બની, ગ્લૉસ્ટર, એડગર જેવાં ગૌણ પાત્રોમાં પણ નાટ્યકારનું અપ્રતિમ કૌશલ પ્રતીત થાય છે.

લીઅરને જ્યારે બધી બાજુથી જાકારો મળે છે ત્યારે તેની નાની દીકરી કૉર્ડીલિયા તેને મદદ આપે છે. વાચકોને (પ્રેક્ષકોને) સહેજે આશા બંધાય છે કે કૉર્ડીલિયાનું (ફ્રાંસનું) લશ્કર જરૂર પેલી બે બેવફા છોકરીઓને હરાવીને રાજાનો ભાગ્યોદય કરશે. કૉર્ડીલિયાના શુભ પ્રસંગમાં સહુની પ્રાર્થના ભળે એ સ્વાભાવિક છે, બુઢ્ઢા બાપના સુખ માટે જ કૉર્ડીલિયાનો પ્રવાસ છે. પરંતુ વિધાતા વંકાય છે, ફ્રાન્સનું લશ્કર હારી જાય છે, કૉર્ડીલિયા અને લીઅર બંને કેદ પકડાઈ દેહાંતદંડ પામે છે. કૉર્ડીલિયાના કેદ પકડાતી વખતના શબ્દો સહેજે સ્મરણમાં આવે છે કે આ જગતમાં કેટલાંક શુભ કર્મોનાં પણ અનિષ્ટ ફળ આવે છે! મતલબ કે આ સૃષ્ટિમાં બધું સમુંસુતરું પાર ઊતરતું નથી; ધર્મીને ઘેર પણ ધાડ પડે છે ખરી!

કૉર્ડીલિયાનો આવો અંત ઘણા વિવેચકોને રુચ્યો નથી, કારણ એમાં કાવ્યન્યાય નથી. આ નાટક દ્વારા મનુષ્યસ્વભાવની નબળાઈ ઉપર શેક્સપીઅરે સરસ પ્રકાશ પાડ્યો છે. રાજા એની અત્યંત ઊર્મિલ પ્રકૃતિને કારણે ખુવાર થયો, તો ગૉનરીલ-રીગન, એડમંડ-કૉર્નવૉલ એ બધાં પાત્રો સત્તાકાંક્ષા, લોભ ને સંકીર્ણતાને કારણે નાશ પામ્યાં. સ્વભાવ જ ઘણીવાર મનુષ્યના મૃત્યુનું કે અધઃપાતનું કારણ બને છે એની પ્રતીતિ અહીં અવશ્ય થાય છે.


સમગ્ર નાટકમાં રાજાના પાત્રની ઘેરી કરુણ છાયા પડી છે અને ઠેઠ નાટકના અંત સુધી એ છાયા પ્રેક્ષકનો કે વાચકનો પીછો છોડતી નથી.

અંતમાં એટલું જ કહેવું પર્યાપ્ત થશે કે શેક્સપીઅરની સમર્થ સર્જકપ્રતિભાનું દ્યોતક આ નાટક છે.

મધુસૂદન પારેખ

શતરંજનો કોયડો

T. B. Gorgievનો કોયડો



સ્થિતિ: k7/6b1/P7/P3n2Q/8/2q5/7K/8.

કોયડો: સફેદે રમવાનું અને ડ્રૉ મેળવવાનું.
(ઉત્તર માટે જુઓ આ અંકમાં પૃ. ૪૫૮)

કંકાવટી

સુવાસ રહી ગઈ!

ત્યારે હું પરણીને તાજી જ સાસરે આવી હતી. નાનકડી વહુવારુને ઘરમાં ફરતી જોઈ મોટેરાં-ની આંખ ઠરતી. ને મારા યે આનંદનો પાર ન હતો. છતાં એ આનંદ પાછળ, નવાં માણસો ને નવા ઘરનો ડર મને સતાવતો. કામ કરતાં એમ થતું કે કંઈ ભૂલ તો નહિ થાય ને?


ખૂબ તાપના દિવસો હતા. પાસે જ ભડ-ભડ બળતી સગડી હતી. ગરમગરમ રોટલીઓ તૈયાર કરી હું બધાંને પીરસતી હતી. એવામાં પાસે પડેલી વાટકીમાં ઘી ખલાસ થઈ ગયું. હાંફળીફાંફળી, હાથ ધોઈ કબાટમાંથી બરણી કાઢી જમીન પર મૂકવા ગઈ, ત્યાં ભીના હાથ-માંથી જરા ચીકણી બરણી ભોંયે સરી પડી.

હાય રે! છાતી ધમણ પેઠે ધબકવા લાગી ને ઘી રેલાવા લાગ્યું. બરણી ફૂટવાના અવાજ-થી સાસુજી સેવાખંડમાંથી બહાર આવ્યાં ને વસ્તુસ્થિતિ પામી ગયાં. પાસે આવી, વાંસે હાથ ફેરવતાં બોલ્યાં: 'બેટા, ગભરાઈશ નહિ. જા, શાંતિથી બેસ; હું બધું સાફ કરી લઉં છું.'

સહાનુભૂતિ અને પ્રેમસભર વાણીએ મારા હૈયામાં કંઇક એવો ઉત્પાત મચાવ્યો કે મેં જાણે કોઇ ભારે ગુનો કર્યો હોય તેમ મારા ખંડમાં જઇ ધ્રુસકેધ્રુસકે રડી પડી.

બધું સાફસૂફ થઈ ગયું, કાચ વિણાઈ ગયા, જગ્યા ધોવાઇ ગઈ, અને કશું જ બન્યું ન હોય એમ ઘરમાં બધું કામકાજ ચાલતું રહ્યું. કોઇ-એ વાતમાં યે એનો ઇશારો સુદ્ધાં કર્યો નહિ. ઘી તો ઢળ્યું, પણ એની સુવાસ રહી ગઈ!

(અખંડાનંદ) —સુભદ્રા મારફતિયા



ટેબલ પર ઢાંકવાના રૂમાલ, ઓશીકાંનાં ગલેફ વગેરે પર ભરી શકાય એવો સુંદર બુટ્ટો.

શ્રીફળથી કોણ અપરિચિત હશે? કાદમ્બરી-માં બ્રહ્મલોકાશ્રમનું વર્ણન કરતી વખતે બાણ ભટ્ટે શ્રીફળના રસથી ચીકણા થએલા પથ્થરનો ઉલ્લેખ કર્યો છે. આશ્રમમાં વિદ્યાર્થીઓ શિલા-તલથી ભાંગીભાંગી પૌષ્ટિક કોપરું ખાતા હશે.

પ્રાચીન કાળથી નાળિયેરનો ઉપયોગ ખાદ્ય પદાર્થ, ઔષધદ્રવ્ય તથા મંગળદ્રવ્ય તરીકે થતો આવ્યો છે. એમાંથી વિવિધ ઉપયોગી ચીજો પણ બને છે. નાળિયેરની આંખમાં છિદ્ર પાડી અંદરનો ગર્ભ ખોતરી કાઢી, સાગર-કાંઠાનો વાસી એમાંથી મઝાનો હોકો પણ બનાવે છે. નાળિયેરમાંથી અનેક ઉપયોગી ચી-જોનું નિર્માણ થતું હોવાથી એને કલ્પતરુ પણ કહેવામાં આવે છે. ૭૫થી૧૮૦ ફૂટ ઊંચાં એનાં વૃક્ષોનું આયુષ પણ લગભગ એટલાં જ વર્ષો-નું છે. એને બારે માસ ફૂલ-ફળ આવ્યાં કરે છે.

ગુણધર્મ

આચાર્ય સુશ્રુતે શ્રીફળને પચવામાં ભારે, સ્નિગ્ધ, પિત્તનાશક, મધુર, શીતળ, બલપ્રદ, માંસવર્ધક, હૃદયને માટે પોષક અને હિતકર, શરીરને પુષ્ટ કરનાર તથા મૂત્રની શુદ્ધિ કર-નાર કહ્યું છે. ભાવમિશ્રે નાળિયેરના પાણીને શીતળ, હૃદયને પ્રિય તથા હિતકર, અગ્નિને પ્રદીપ્ત કરનાર, શુક્રવર્ધક, તરસ તથા પિત્તને શાંત કરનાર, મધુર અને મૂત્રાશયને બહુ જ સ્વચ્છ કરનાર કહ્યું છે.

'બસ્તિશુદ્ધકરં પરમ્।'

નાળિયેર માંસપ્રદ છે. શિયાળામાં સવાર-માં ચાવીચાવીને કોપરું અને ગોળ ખાવાથી લોહી-માંસ વધે છે. નાળિયેરના કોપરાને ખ-મણીને વસ્ત્ર વડે બરાબર નિચોવી લેવાથી દૂધ જેવો દ્રવ્યપદાર્થ તૈયાર થાય છે. પુષ્ટિની દૃષ્ટિએ આ પ્રવાહી કૉડલીવર ઑઈલની સમ-કક્ષ છે. અમેરિકા વગેરે દેશોમાં ટી. બી. તથા શરીરક્ષયકરમાં રોગોશરીરપુષ્ટિમાટેસફળતા-પૂર્વક એનો ઉપયોગ કરવામાં આવે છે. વાગ્ભટે નાળિયેરના ફળને 'ક્ષયહર' કહ્યું જ છે.

ડાયાબિટિસ પર

ડૉ. બી. ડી. બસુએ મધુપ્રમેહમાં 'કોકોનટ ક્યૉર'નું સૂચન કર્યું છે. ડાયાબિટિસના દર્દી-એ નાળિયેરના પાણીનો પીવા માટે ઉપયોગ કરવો. એ મૂત્રાશયની શુદ્ધિ કરનાર હોઈ પ્રમેહમાં ઉપયોગી બને છે. શ્રીફળ મૂત્રાશયની શુદ્ધિ કરનાર હોઈ એનું તેલ પણ ખાવાના ઉપયોગમાં લેવાથી ડાયાબિટિસના દર્દીને ફાયદો થાય છે. ડૉ. બસુએ ઘીની અવેજીમાં કોપરેલ સૂચવ્યું છે.

મૂત્રકૃચ્છ્ર અને રક્તપિત્ત

પેશાબ અટકીઅટકીને ટીપે ટીપે આવતો હોય તેને મૂત્રકૃચ્છ્ર કહે છે. પિત્ત વધવાથી શરીરનાં ઉપરનાં કે નીચેનાં છિદ્રોમાંથી રક્ત-સ્રાવ થતો હોય તેને રક્તપિત્ત કહે છે. આ બંને રોગોમાં નાળિયેરના પાણીમાં ગોળ તથા ધાણાનું ચૂર્ણ મેળવીને રોગીને દિવસમાં ત્રણ ચાર વખત પાણી તરીકે પીવા આપવું.

પિત્તજન્ય ઊલટી

મૂર્ચ્છા, તરસ, મુખશોષ, માથામાં, આં-ખમાં કે તાળવામાં થતો સંતાપ, અંધારાં આ-વવાં કે ચક્કર આવવા સાથે પીળી, બહુ ઊની, લીલી, કડવી, ધુમાડા જેવી અને દાહયુક્ત ઊલટી થતી હોય તો એને પિત્તજન્ય ઊલટી સમ-જવી. આવી ઊલટીમાં નાળિયેરના પાણીના અનુપાન સાથે સાકર, મધ અને લીંડીપીપરનું સૂક્ષ્મ ચૂર્ણ ચાટવાથી ઉત્તમ લાભ થાય છે. આ પ્રયોગ ચરકે સૂચવેલો છે.

હેડકી અને ઊલટીમાં ધૂમ્રપાન

હેડકી કે ઊલટી કેમે ન અટકતી હોય તો નાળિયેરનું સૂકું છોતરું ચલમમાં ભરી ધૂમ્ર-પાન કરવું. આ પ્રયોગથી આશ્ચર્યકારક પરિ-ણામો આવતાં મેં જોયાં છે. ધૂમ્રપાનથી વાયુનું અનુલોમન થઈ હેડકી કે ઊલટી બેસી જાય છે.

દાદર અને ખસ

નાળિયેરના કાચલામાંથી પાતાલયંત્ર વડે તેલ પાડીને તે તેલ દાદર અને ખસ પર ચો-પડવાથી લાભ થાય છે. 'વૈદ્યમનોરમા'ના કર્તા વૈદ્યવર કાલિદાસે નાળિયેરના જીર્ણ (જૂના) તેલને વ્રણનો શીઘ્ર નાશ કરનારું કહ્યું છે, અર્થાત્ વ્રણને રૂઝવવાનો નાળિયેરના તે-લમાં ઉત્તમ ગુણ રહેલો છે. ભયંકર ખરજવામાં કોપરેલનું તેલ લગાડવાથી ચમત્કારિક ફાયદો થયાનું પણ લોકાનુભવમાં નોંધાયું છે.

લાભશંકર ઠાકર

અગ્નિદગ્ધ

અગ્નિથી દાઝવા પર આ પ્રયોગ લાભદાયી છે: તલના તેલને ગરમ કરી એમાં જવ ના-ખવા. તે કાળા થઈ જાય એટલે તેલ નીચે ઉતારી લેવું. પછી તેને એ જ તેલમાં લસોટી મલમ જેવું અર્ધપ્રવાહી તૈયાર કરવું. અગ્નિથી દાઝેલા ભાગ ઉપર કે પરુ થએલા ઘા પર મલમ-ની જેમ તે લગાવવાથી લાભ થશે. ઘા ભરાઇ-ને રુઝાઈ જશે. પરુવાળા ઘાને ત્રિફળાના ગરમ ગરમ ક્વાથથી ધોવો, ઠંડા પાણીથી નહિ.

આ માસ (નવેમ્બર) ઈતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિ વિશેષ : રૉબર્ટ લુઇ સ્ટીવન્સન

સ્કૉટલૅન્ડના એડિનબરા શહેરમાં ટૉમસ સ્ટીવન્સન નામે એક ઇજનેરને ત્યાં ઇ. ૧૮૫૦ ની ૩૧ મી નવેમ્બરે એક પુત્રનો જન્મ થયો. એકના એક એ પુત્ર રૉબર્ટ લૂઇનું માંદલું શરીર જોઈ ડૉકટરોએ તો કહી દીધું કે એ જીવશે તો યે જીવનમાં કંઈ કરી નહિ શકે. પણ આગળ જતાં એ માંદલા પુત્રે પોતાના અદમ્ય પુરુષાર્થથી જે કીર્તિ હાંસિલ કરી એ કદાચ સારા શરીરે ઈજનેર બનીને એ કદી પ્રાપ્ત ન કરી શકયો હોત.



બચપણથી જ એણે લેખક બનવાનો નિશ્ચય કર્યો હતો ને એ માટે એણે જીવનના અનુભવો લેવા માંડયા. એડિનબરાના નીચલા વર્ગોમાં એ ફરવા માંડયો. પારીસના ફ્રેન્ટેબ્લોના કલાકારો ને સાહિત્યકારોના મંડળોમાં પણ એણે હાજરી આપવા માંડી. વકીલાતની પરીક્ષા આપી કાયદાશાસ્ત્રી પણ બન્યો. પણ શરીરમાં પેઠેલા ક્ષયરોગને કારણે આરામ અને હવાફેર માટે એને યુરોપમાં અનેક સ્થળોએ ભટકવું પડયું. એથી નવલકથાકાર થવા માટે એને પુષ્કળ અનુભવ મળ્યો.

લેખક થવાનો એનો નિર્ણય, છેક બાલપણથી સ્ફુરેલી અદમ્ય ઇચ્છામાંથી પરિણમ્યો હતો. એ માટે જરૂરી એવી લેખનશૈલી કેળવવાની જરૂર પ્રત્યે પણ એ સભાન હતો. કાળજી અને પ્રયત્નપૂર્વક શબ્દે શબ્દને જોખી જોવાની ને વાક્યરચનાને ઉથલાવી ઉથલાવીને તેના શ્રેષ્ઠ રૂપમાં મૂકવાની ટેવ પાડી એણે પોતાની શૈલી ઘડવા માંડી. પોતાના પ્રવાસોના નિચોડ રૂપ લખેલી 'ઈનલૅન્ડ વૉયેજ' અને 'ટ્રાવેલ્સ વિથ એ ડૉન્કી'માં પ્રકટવા મથતી એની લેખનશૈલી જોઈ શકાય છે. કવિ, નિબંધકાર અને વાર્તાલેખક તરીકે એ ધીરેધીરે આગળ આવતો જતો હતો.

ફ્રાંસમાં ગ્રેઝ સૂર લૉઇંગમાં એને મિસિસ ફ્રેની ઑાસ્બોર્ન નામે એક અમેરિકન વિધવાનો પરિચય થયો. એને એક પુત્ર પણ હતો. ૧૮૮૦માં બંને પરણ્યાં. તે પછી ફ્રેનીની લાગણીભરી માવજતથી એના જીવનમાં રસ આવ્યો. એનું મન પણ સ્થિર થયું ને છૂટક તૂટક લખતો લૂઈ હવે ઝડપભેર લખવા લાગ્યો. એની કમાણી ને ખ્યાતિ વધવા માંડયાં. પણ એનું શરીર દુર્બળ બની રહ્યું હતું. સતત સારવાર દવા ને હવા અનિવાર્ય હતાં. આમ છતાં લેખક તરીકે એનો પરિશ્રમ એટલો તો હતો કે એની ખ્યાતિ ઝડપભેર વધતી હતી.

આ દરમિયાન એણે 'ટ્રેઝર આઇલૅન્ડ' લખ્યું. ચીલા ચાલુ રીતે લખાતી આવતી નવલકથાઓમાં નવી જ ભાત પાડતી સરળતાથી વહી જતી એ સુરેખ કલાકૃતિની અદ્ભુત વાર્તાએ એની કીર્તિને વધુ ઊંચે ચડાવી. તે પછી 'કિડનૅપ્ડ'માં એની પ્રતિભા વધુ આગળ વધી. ટ્રેઝર આઇલૅન્ડ જેવી કલ્પનાશીલતા, રંગદર્શિતા ને અદ્ભુત વાર્તાગૂંથણી ઉપરાંત તેમાં સુંદર પાત્રાલેખન છે. પછી તો ઉત્તરોત્તર એનું કથન વધુ ને વધુ ચોકસ અને એનું કલા સ્વરૂપ પણ ઊંડું ને સ્થિર બનતું ગયું ને એણે એક વધુ સુંદર કૃતિ આપી –'ડૉ. જેકિલ ઍન્ડ મિ. હાઇડ'. માનવીને હૈયે વસેલા દેવ–દાનવ સ્વરૂપને ઓળખવા અંગ્રેજી ભાષામાં એક રૂઢિપ્રયોગ જેવા બની ગએલા એ કથાના નામ પાછળ એક જોરદાર રૂપક છે. 'માસ્ટર ઑાવ બૅલેન્ટ્રી' ને 'બીચ ઑાવ ફૅલેસા' પણ એની સરસ કૃતિઓ છે.

લેખન પાછળના એના આ અતિ પરિશ્રમે એનું શરીર ઘસાવા માંડયું. માંદગી વધતી ચાલી એટલે ગરમ આબોહવાવાળા સાઉથ સી આઇલૅન્ડસમાં સામોઆ ટાપુ પર એ સકુટુંબ જઈ વસ્યો. ત્યાં એણે 'ધી એબ ટાઇડ', 'ફૂટનોટ ટુ હિસ્ટરી', 'કૅટ્રીઓના' ને 'સેન્ટ ઈવાન્સ' લખ્યાં.

સામોઆના આદીવાસીઓમાં તો એ અત્યંત પ્રિય બની ગએલો. ત્યાંના એક રાજા સામે એણે આદિવાસીઓને બંડ કરવામાં પણ સહાય કરેલી. છેલ્લે એણે 'વિયર ઑાવ હર્મિસ્ટન' લખવા માંડેલી. એ નવલકથામાં લૂઈની શૈલીમાં જે સંગીત, કથાવસ્તુમાં જે કરુણતા, ઊર્મિના ઉછાળા છતાં કલાસ્વરૂપની જે સરળતા જે સંવાદિતા ને સુંદરતા છે તે એની પ્રતિભાના ઉચ્ચોચ્ચ શિખરનું દર્શન કરાવે છે. પણ એ કથા અધૂરી રહી ગઈ. અતિશ્રમથી શક્તિ ગુમાવી, રોગથી નહિ પણ નબળાઈથી, ૧૮૯૪ની ત્રીજી ડિસેમ્બરે પત્ની સાથે વાતો કરતાં કરતાં એકાએક એ અવસાન પામ્યો. 'ગ્રોન જેનેટ ઍન્ડ ધી મેરી મેન', 'ટ્રેઝર્સ ઑાવ ફ્રેનચાર્ડ', 'ધી બ્લૅક ઍરો', 'એ ચાઇલ્ડ્સ ગાર્ડન ઑાવ વર્સિઝ' વગેરે એની અન્ય જાણીતી કૃતિઓ સાથે 'બ્યુ ઑસ્ટિન', 'ઍડમિરલ ગ્વીનન', રૉબર્ટ મૅકૅર' વગેરે નાટકો ને 'ધી રૉંગ બૉક્સ' નામક ફારસ પણ જાણીતાં છે. 'ન્યૂ અરેબિયન નાઈટ્સ' નામે લખેલી એની આરંભની વાર્તાઓ પણ એવી જ લોકપ્રિયતા પામી હતી.

પ્રસંગવિશેષ : તુતનખામનની કબરની શોધ, તા. ૨૪મી નવેમ્બર, ૧૯૨૨

પુરાતત્ત્વ સંશોધનો માટેનાં ઉત્ખનનોના ઇતિહાસમાં મિસરના તુતનખામનની કબરની શોધના સમાચારે જેટલો ખળભળાટ અને આશ્ચર્ય અન્ય કોઈ સંશોધનોએ મચાવ્યો નથી. ઇજિપ્તના ફેરોની કબરોમાં એમના મૃતદેહોની સાથે એમના મૃત્યોત્તર જીવનમાં ઉપયોગી એવી સામગ્રીઓ તરીકે, રોજિંદા વ્યવહારની મબલખ કિંમતી ચીજોના ખજાનાઓ પણ દાટવામાં આવતા. આની જાણ સૌને હોવાથી લાગ મળે લૂટારાઓ એ કબરો ખોદી ખોદીને એ ખજાના ઉઠાવી પણ ગએલા. ઇતિહાસની માહિતીઓ પ્રમાણે ૩૩૦૦ વર્ષ પૂર્વેના ફેરો તુતનખામનની કબર નહોતી મળતી. સંભવ હતો કે ચોરલૂટારાઓથી પણ એ બચી ગઈ હોય. પુરાતત્ત્વવિદો પણ એ કબર શોધવા મથી રહ્યા હતા. ઈ. ૧૯૨૨ની ૨૪મી નવેમ્બરે હૉવર્ડ કાર્ટર નામના એક બ્રિટિશ સંશોધકને એ કબરનું પ્રવેશદ્વાર મળી આવ્યું. તે પછીનાં ખોદકામમાં એ કબરમાંથી તુતનખામનનું અઢળક સોનેમઢ્યું મમી, એની સાથે દાટેલો જરઝવેરાત ઉપરાંત અનેક કિંમતી ચીજોનો હજારો વર્ષ પહેલાંનો જે ખજાનો અને એ બધા પરથી પ્રાચીન મિસર વિષે પ્રકાશ પાડતી બહુમૂલ્ય માહિતીથી દુનિયા આખી છક થઈ ગઈ. એમાંના નમૂના રૂપે આ સાથે નક્કર સોનાનું એનું મહોરું દર્શાવ્યું છે.



મળે જૂજવી આબરૂ આપ આપને ઉર;
ભિક્ષુક લાજે મજૂરીએ, ભીખતા મળે મજૂર.

—દલપતરામ—

પાછળ પડેલા સંખ્યાબંધ દુશ્મનોને લીધે સલામતી નહિ રહેવાના ડરથી મહંમદ પયગંબર સાહેબના સાથી અબુબકરે કહ્યું, 'આપણે બે જ જણ છીએ એટલે શત્રુઓ આપણને ખલાસ કરી નાખશે.' પયગંબર સાહેબ કહે: 'બે નહિ, ત્રણ છીએ. ખુદા આપણી સાથે છે.' તેઓ છુપાયા હતા ત્યાંથી પસાર થતાં સૈનિકોએ તે ગુફાના મોં પર બાઝેલાં કરોળિયાનાં જાળાં જોઈ ધાર્યું કે અહીં તો કોઇ હોઇ ન શકે. એમને ચાલ્યા જતાં જોઈ પેગમ્બર સાહેબે કહ્યું, 'જો, ખુદા ત્યાં આગળ ઊભો છે કે નહિ?'

અનેકાર્થી શબ્દ: **નિશા**=રાત્રિ, અંધકાર; એક પ્રકારનો દેશી છંદ; ૧૮ અક્ષરનો સમવૃત્ત અક્ષરમેળ છંદ; દારૂહળદર; મિથુન વૃષભ મેષ આદિ છ રાશિ (જ્યોતિષમાં).

કહેવતોના અર્થ: 'સો દિ'નો પાવસ, એક દિ'નો વાવસ.—અતિ ભારે જહેમત, ઝુંબેશ, વિપત્તિ કે ખર્ચ જોતજોતામાં (કે નગદ પ્રયત્નથી) નામશેષ થઈ જાય ત્યારે વપરાતી આ કહેવતનું બીજું રૂપ આ પ્રમાણે છે: 'માસ વરસે, પણ સુકાય એક દિ'માં.

દિવસનો સૌથી વહેલો આરંભ સાઇબિરિયાના ઈસ્ટ કેપમાં થાય છે. આંતરરાષ્ટ્રીય ડેઈટલાઈન પર એ સૌથી પૂર્વમાં આવેલું છે.



સ્વ. પં. જવાહરલાલ નેહરુના ૭૫મા જન્મદિવસે ભારતે એક રૂપિયા ને અરધા રૂપિયાની કિંમતના બે ખાસ સિક્કા ચલણમાં મૂકી એમને સ્મરણાંજલિ આપી છે. અહીં એક રૂપિયાના સિક્કાની બંને બાજુ દર્શાવી છે. પચાસ પૈસાનો સિક્કો પણ કિંમત અને કદના ફેરફાર સાથે આ પ્રમાણેનો જ છે.


બસનો કંડક્ટર ટિકિટના પૈસા ઉઘરાવતો ઉઘરાવતો પહોળા હાથ કરી બેઠેલા શખ્સ પાસે આવ્યો, એટલે તે ગૃહસ્થ બોલ્યા: 'મારા જમણી બાજુના ગજવામાં ટિકિટ મૂકો ને તેમાંથી પંદર પૈસા લઈ લો.'

'કેમ સાહેબ, આપને હાથે કંઇ થયું છે?' કંડક્ટરે હમદર્દીથી પૂછ્યું.

'કંઇ નથી થયું.' જવાબ મળ્યો: 'આ બે હાથ તો ઘરની બારી માટે જોઈતા કાચનું માપ સાચવવા માટે પહોળા રાખ્યા છે.'

ગણિતગમ્મત

તમારા ઘરનો નંબર લખો. તેના બમણા કરો. તેમાં પાંચ ઉમેરો. તેને ૫૦ વડે ગુણો. તેમાં તમારી ઉમર ઉમેરો. તેમાં ૩૬૫ ઉમેરો. તેમાંથી ૬૧૫ બાદ કરો. અને તમે જોશો કે તમારા ઘરના નંબર પાસે તમારી ઉમરનો આંકડો છે!




ત્રણ કાચલીવાળું આ નાળિયેર ત્રિચિનોપલીના મનાપરાઇ ગામેથી બરોબર પાકેલું મળેલું. અને બહારના જેટલું જ તે અંદરથી પણ કડક છે. તેને ત્રણ આંખો છે. હાલ તે બેંગલોરના સરકારી મ્યૂઝિયમમાં છે.

દૂધમાં ઉકાળેલા અંજીરથી કબજિયાત મટે.

કૂણાં રીંગણાં ખાવાથી આંખનું તેજ વધે.

ઘણી વાર ઝીણી ચૂંકો કે ટૅકસને કોઈ સ્થળે જડતી વખતે પકડવી ફાવતી નથી. એ વખતે એકાદ રદ્દી પોસ્ટકાર્ડના ખૂણા પર તેને ભરાવી એ ખૂણા સાથે ચૂંક યોગ્ય જગ્યાએ ધરી રાખી હથોડી વડે જડી લેવી અને પછી પોસ્ટકાર્ડ ખેંચી લેવું એટલે છેડો ફાટીને નીકળી આવશે ને ચૂંક તેની જગ્યાએ જડાઈ રહેશે.

બહુરૂપી બ્રિટન .... સંપાદક : જૉન હડલસ્ટન



અનુસંધાન] **આંગળાંની છાપ** [પૃ. ૪૫૯થી

આંખે ન દેખાતી હોય તેવી આંગળાની છાપ સ્પષ્ટ ઊપસી આવે છે. કાળા અગર ઘેરા રંગની સપાટી પર ઍલ્યુમિનિયમ અથવા ચાકનો પાઉડર વપરાય છે, જ્યારે સફેદ અથવા ખૂલતા રંગની સપાટી ઉપર કાળો કાર્બન પાઉડર છાંટવામાં આવે છે.

કોઈ વાર છાપ બહુ જ સૂક્ષ્મ હોય તો સફેદ કે ખૂલતા રંગની સપાટી ઉપર આયોડીનનો ધૂમાડો આપવાથી કથ્થાઇ પીળા રંગની આંગળાંની છાપ ઊપસી આવે છે. ક્યાંક આવી કોઇ છાપ ન ઊપસી આવે છતાં ત્યાં તે હોવાનો શક પડતો હોય તો એ સ્થાને સિલ્વર નાઇટ્રેટ (૫%) લગાડવામાં આવે છે. સિલ્વર નાઇટ્રેટમાં પરસેવાનો ક્ષાર ભળવાથી પાણીમાં અદ્રાવ્ય સિલ્વર ક્લૉરાઈડ બની જાય છે, જે પ્રકાશમાં કાળું પડી જઈ આંગળાંની છાપ ઉપસાવે છે.

તે પછી એ છાપનો ખાસ કૅમેરાથી ફોટો લેવામાં આવે છે. તેની સાથે એવી નોંધ પણ કરવામાં આવે છે કે આ છાપ ક્યાંથી મેળવવામાં આવી. ફોટો પાડી લીધા પછી ઘણી વખત પાઉડર છાંટી ઉપસાવેલી આંગળાંની છાપ ઉપર પ્લાસ્ટિકની ચીકાશવાળી પારદર્શક પટ્ટી ચોડી દેવામાં આવે છે, અને છાપ ઉપર પોલે હાથે દબાવી, એ પટ્ટી ઉપાડી કાચ ઉપર કે લીસા જાડા કાગળ પર ચોડી દેવામાં આવે છે. આ રીતે એક સ્થાનેથી બીજે સ્થાને છાપને ફેરવીને કોર્ટમાં રજૂ કરી શકાય છે.

ગુનાને સ્થળેથી આ રીતે છાપ મેળવ્યા પછી લાગતાવળગતા માણસોની છાપ પણ પાડી લેવામાં આવે છે, મળી આવેલી છાપો સાથે એને સરખાવીને એના પરથી તપાસ માટેની વ્યક્તિઓને તારવવામાં આવે છે.

શાહી ચોપડીને લીધેલી છાપ ક્યારેક સારી ઊઠતી નથી. એટલે હવે તો આંગળાં ઉપર ફોટોગ્રાફીનું ડેવેલપિંગ પ્રવાહી લગાડી તેને પ્રકાશમાં ફોટોગ્રાફિક પ્લેટ ઉપર દબાવીને છાપ લેવાય છે. પછી એ પ્લેટને ફિક્સિંગ પ્રવાહીમાં ધોઇ નાખવાથી ચોખ્ખી સ્પષ્ટ છાપ મળે છે.

રંગમાં ભંગ પડ્યો...





રામ-વનવાસગમન
(ખોડીદાસ પરમાર)



રામ અને મૃગ
(ખોડીદાસ પરમાર)



રામ-ભ્રાન્તિનિવારણ
(ખોડીદાસ પરમાર)

ચિત્રપરિચય
આ અંકની 'કલાવાર્તા'માં